રૂપિઆઁ ૪૫ લાખના ચેકની કહાણી.



કિંમત રૂપીઆ બે.



સર હરિસીંગ.
મિસીસ રોબીન્સન.

સર હરિસીંગ.

સર હરિસીંગ
મિસીસ એની મા રોબીન્સન.



કાશ્મીરના મરહુમ મહારાજા સર પ્રતાપસિંહ

એમના અવસાન [illegible] વિભાગ [illegible] ૧૨ .

રૂ. ૪૫ લાખનાં ચેકની કહાણી.

(વિલાયતની હાઇકોર્ટમાં ચાલેલ કેસ.)

પ્રકાશકઃ–સત્ય પ્રકાશક કાર્યાલય.

૪૭, સી. પી. ટેંક રોડ, મુંબઇ નં. ૪.

[આવૃતી ત્રીજી. પ્રત ૨૦૦૦]

કીંમત રૂપિઆ બે.

આ બુક અમદાવાદ મધ્યે "આદિત્યમુદ્રણાલય"માં
સત્યપ્રકાશક કાર્યાલય માટે છાપી અને
દેસાઇ પ્રાણજીવન કરસનજીએ
૪૭ સી. પી. ટૅંકરોડ પર પ્રસિદ્ધ કરી છે.
મે. ૧૯૨૭.

શરૂઆત.

પુર્વના દેશના એક રાજકર્તા " મી૦ એ. " ના કેસે માત્ર ઈંગ્લાંડમાંજ નહીં, પણ ખુદ હિંદુસ્તાનમાં એટલી મોટી ચર્ચા જગાડી છે કે, આ કેસનો સવિસ્તર હેવાલ પ્રજા સમક્ષ રજુ કરી, લોકોની જીજ્ઞાસા તૃપ્ત કરવાનો આ પ્રયાસ કરવાનું અમે સાહસ કર્યું છે. એમાં ફતેહ મળવી યા ન મળવી એ દેવાધીન છે, પરંતુ " મનુષ્ય યત્ન ઇશ્વર કૃપા " એ કહેવત અનુસાર ધન પ્રાપ્તિ નહિં, પરંતુ જાહેર પ્રજાને સંતોષ આપવાની અમારી નેમમાં દરેક રીતે સફળ થવાની આશા રાખી, અમારો આ એક નમ્ર પ્રયત્ન, વાંચકોની સેવામાં રજુ કરવાની અમે રજા લઇએ છીએ.

" મી૦ એ. " નું નામ કેસ પુરો થતાં સુધી છુપું રાખવામાં આવ્યું હતું—એ રીતે કેસની સાથ ગાઢ સંબંધ ધરાવતા એક અગત્યના આસામીનું નામ ગુપ્ત રાખવાના સબબો શું હતા તેનો ખુલાસો ઈંગ્લાંડની ' કિંગ્ઝ બેંચ ' હાઇ કોર્ટના ન્યાયાસન પર બીરાજતા જજ લોર્ડ ડાર્લીંગે પોતાના ચુકાદામાં કર્યો છે. તેઓ જણાવે છે કે, "મી૦ એ. નું નામ જાહેર કરવાની અસર તેના દેશની પ્રજા ઉપર ઘણી ખરાબ થવાનો સંભવ હોવાથી તેનું નામ છુપું રાખવામાં આવ્યું છે. "

" મી૦ એ. " નું નામ ગુપ્ત રાખવાના આ સંકેતમાં સત્તાવાળાઓ અમુક અંશે સફળ થયા. તેઓની મતલબ કેસ પુરો થવાની ઘડી સુધી તો પાર પડી, પરંતુ ઇશ્વરી સંકેત એવો હતો કે, આ બીના

સંપુર્ણ રીતે જાહેરમાં લાવવી. સંજોગો એવા બન્યા કે, આ કેસમાં સંડોવાયલા રાજવંશી સીવાય હીંદના ડઝનબંધ રાજવંશીઓ–ખરૂં કહીએ તો સેંકડો રાજવંશીઓ લગભગ દર વરસ ઈંગ્લાંડ અને યુરોપની સેહેલગાહે, રાંક પ્રજાનાં નાણાંનો દુરપયોગ કરી, મોજમઝાહ અને ચેનબાજી કરવા જાય છે. બેશક ઘઉંમાં જેમ કાંકરા હોય છે, તેમ આમાં કોઇ કોઇ રાજાઓ અપવાદ હશે–પરંતુ કેટલોક ભાગ તો પોતાની રાંક રૈયતનાં ખરા પરસેવાના અને ખરૂં પુછો તો ભુખમરો વેઠીને રાજ્યની તીજોરીમાં ભરેલાં નણાંનો બદફેલી અને અનીતિમાં ધુમાડો કરવાને દરસાલ યુરોપની યાત્રા કરે છે એ વાત હવે અજાણી રહી નથી. આ રાજવંશીઓમાંના કોઈ પણ આ કેસનાં ભોપાળામાં સંડોવાયલા છે. એવું આળ તેમનાં પર સ્વભાવીક રીતે આવે એમાં કાંઇ શંકા છે?

ઉપલા કારણથી વિલાયતમાં રહેતા દેશી રાજવંશીઓ કકળી ઉઠયા કે, આ કેસમાં અમોને નકામાં સંડોવવામાં આવે છે, માટે રાજવંશીનું નામ જાહેર કરો. હીંદી વઝીર લોર્ડ બર્કનહેડ, જજ લોર્ડ ડાર્લીંગ વીગેરેની મસલત ચાલી. અને અંતે "મી૦ એ." કાશમીર રાજ્યના ગાદીવારસ રાજા સર હરિસીંગ છે, એમ જાહેર કરવામાં આવ્યું.

આ કેસ કેમ મંડાયો, તેની વિગત પણ જાણવા જેવી છે અને વાંચકોનાં લાભ માટે આ અજબ જેવા કેસનો સાર રજુ કરશું. જેથી આ કિસ્સાની કોર્ટમાં રજુ થયેલી કેટલીક ઉલટાસુલટી હકીકતોથી, તેઓ મોટા ખ્યાલમાં દોરવાઇ ન જાય.

કાશમીરના ગાદીવારસ રાજા સર હરિસીંગ–જેઓ હાલના રાજાના ભત્રીજા થાય છે–તેઓ રાજાના ઠાઠમાઠથી અને પોતાની સાથે રસાલો રાખીને, ૧૯૧૯ ની સાલમાં વિલાયતની સેહેલગાહે ગયા હતા. તેઓના રસાલામાં, તેઓનો 'એડીકાં' કેપ્ટન આર્થર

નામનો ગોરી ચામડીનો શખ્સ હતો. ૧૯૧૯ ની આખરે શહેનશાહ તના વિજયની ધામધુમ ઉજવવાને થયેલા, "વિકટરી બૉલ." નામે ઓળખાતા નાચના મેળાવડામાં, રાજા સર હરિસીંગ પોતાના રસાલા સાથે, એડીકાં વગેરે સાથે પધાર્યા હતા. તેઓની બાજુની બોક્ષમાં, મીસીસ રોબિન્સન નામની એક હલકી નીતિની અંગ્રેજ બાનુ પોતાની સખી મીસીસ બીવન સાથ ફેન્સી પોષાકમાં હાજર થઇ હતી. આ નાચ એક ફેન્સી ડ્રેસબોલ હતો. (એટલે કે બધાં તરેહવાર જાતનાં ફેન્સી પોષાકોમાં હાજર થાય.) મીસીસ રોબીન્સને તીડનો દેખાવ આપનારો પોષાક ધારણ કર્યો હતો. તેની કંપનીનો ધંધો તીડ છાપનો મલમ વેચવાનો હતો.

નાચનાં મેળાવડામાં સર હરિસીંગ અને મીસીસ રોબીન્સને બંને એક બીજાને જોયાં; બીજે દહાડે હોટેલમાંથી બહાર નીકળતાં મીસીસ રોબીન્સનને રાજા હરિસીંગના રસાલાનો એક માણસ મળ્યો, તે તેને મોટરમાં બેસાડીને તેને (મીસીસ રોબીન્સનને) ઘેર મુકી ગયો. તેણે કહ્યું કે રાજા હરિસીંગ કાલે મેળાવડામાં તમો બોક્ષમાં બેઠેલી બાનુઓને મળવા માગે છે.

અનીતિના માર્ગનું આ પહેલું પગથિયું, ઓળખાણમાંથી મોહ થયો, અને કહેવાતા પ્રેમપાશમાં બન્ને લપટાયાં. એ રીતની તેઓની અનીતિમાંથી નાણાં કમાવાનો, વિલાયતનાં ચાલાક ભેજાંઓને ધંધો સુઝયો ! વિલાયતની સમાજમાં અનીતિનો સડો કેટલી હદ સુધી વધ્યો છે, એનો આ ઉપરથી કાંઇક ખ્યાલ આવે છે. પોતાના યુવાન પુત્રોને યુરોપ મોકલતાં અસલી વિચારનાં માબાપો આંચકો ખાય છે, તે કાંઇ અકારણ નથી. મોહ જાળમાં–ગોરી ચામડીની સુંદરીઓના ચેનચાળાથી અંજાઇ જઇને અનીતિના ખાડામાં–સપડાવાનો ભયંકર

ભય આપણા કાચી બુદ્ધિના ઉછરતા યુવાનો સામે રાક્ષસી ડોળા ફાડીને ઉભો છે, એ બીના તેઓના હૃદયપટમાં નિર્લેપ રીતે કોતરાઈ રહી છે.

કાદંબરીકાર બાણનાં કથન મુજબ

योवनं धन संपति प्रभुत्वम विवेकता ॥
एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टम् ॥

અર્થ—જુવાન, ધનવાનપણું, મોટાઈ કે અધિકાર અને અવિવેક એ ચારમાંનું એક હોય તે પણ અનર્થકારક છે, તો પછી તે જ્યાં ચારે ભેગા થાય ત્યાં શું કહેવું?

રાજા સર હરિસીંગ ઈંગ્લીશ લલનાના હાવભાવથી અંજાઇ જઈ તેના પ્રેમમાં લુબ્ધ થઈ, ભાન ભુલવા લાગ્યા. તેઓની આ સ્થીતીનો લાભ લેવા, ત્યાંના કેટલાક ચાલાક ભેજાંઓએ સંકેત રચ્યો. ધીમે ધીમે તેઓએ એક ભયંકર પ્રપંચ એટલે કે કાવતરૂં રચ્યું. એ કાવતરામાં 'એડીકાં' ન્યુટન નામનો એક અઠંગ બદમાશ અને હોબ્ઝ નામનો સોલીસટરનો મેનેજીંગ કલાર્ક, એ ત્રણે સામેલ હતા એવું જજ ડાર્લીંગના ચુકાદામાં પુરવાર થયું છે. જુરીએ પણ એ ત્રણ બદમાશોએ આ કાવતરૂં રચ્યું હતું, એવો ચુકાદો આપ્યો છે. આ કાવતરૂં શું હતું? કાવતરૂં એ કે રાજા સર હરિસીંગ અને મીસીસ રોબીન્સનને એકજ સુવાના ઓરડામાં સાથે હોય ત્યારે સપડાવવાં. આ છટકું માંડવામાં. મીસીસન રોબીન્સ, તેનો ધણી મી૦ રોબીન્સન અને તેણીની સખી મીસીસ બીવન પણ સામેલ હતાં, એવું જવાબદાર મીડલેંડ બેંકનું કહેવું છે. સાથે સુતેલાં પકડવા પછી, મી૦ રોબીન્સને મીસીસ રોબીન્સનની સામે છુટાછેડા મેળવવાની ફર્યાદી કરવાની, અને તેમાં રાજા સર હરિસીંગને તેની

સાથે અનિતી કરનાર આસામી તરીકે બીજા જવાબદાર તરીકે સામેલ કરવાની, ધમકી આપી. આ ભોપાળું બહાર આવે તો પોતાની બેઆબરૂ થાય એવા ભયથી, રાજા હરિસીંગ પાસેથી નાણાંની રકમ કઢાવવાનો પ્રપંચ રચાયો. કાવતરૂં ફતેહમંદ બનાવવા માટે, ન્યુટન મીસીસ રોબીન્સનનાં સુવાનાં મકાન પર રાતનાં ચોકી પહેરો (તપાસ) રાખવા લાગ્યો. આમાં તેને બે જોખમ નડયાં. એક તો તેની તબીયત લથડી પડી, અને બીજું વિલાયતની પોલીસને તેની હીલચાલપર શક ગયો. આથી આ કિસ્સો રંગીલાં પારિસની રંગભુમી ઉપર ભજવવો, એવું તેણે નકી કર્યું. રાજાનાં એડીકાં એટલે કે સલાહકારને ન્યુટને કહેવાથી તેણે રાજાને સમજાવ્યા. બધાં પારીસ ગયાં. ત્યાં આઠ દસ દિવસ રંગરાગમાં અને મોજમજાહ ઉડાવવામાં ગાળ્યાં. ૧૯૧૯ ની નાતાલની રાતના ખુબ મોજમજાહ ઉડાવી, સવારે છેક છ વાગતાં, પારીસની હોટેલમાં રાજા હરિસીંગ અને મીસીસ રોબીન્સન સુવા ગયાં. સવારનાં ૭ાા વાગતે ન્યુટને આવીને તેઓના સુવાના ઓરડા પર ટકોરા માર્યા. તરતજ તે અંદર દાખલ થયો અને રાજા હરિસીંગને કહ્યું કે, " હવે મેં તમને પકડયાં છે. મારે જોઇતો પુરાવો મળી ગયો છે." રાજા ગભરાટમાં પડયા. તેણે મીસીસ રોબીન્સનને પોતાના સેક્રેટરીને બોલાવવા મોકલી. ન્યુટન તરત ત્યાંથી પસાર થઇ ગયો. ન્યુટનની જુબાની એવી છે કે, એ લોકોના સુવાના રૂમનું બારણું અંદરથી વાસેલું ન હતું. મીસીસ રોબીન્સન કાવતરામાં સામેલ હોવાથી, આ બારણું તેણે જાણી જોઇને અંદરથી બંધ કર્યું ન હતું. મીસીસ રોબીન્સન એ વાતની ના પાડે છે–પરંતુ ન્યુટન આવતાં પોતે તે ઉઘાડયું કે નહિ, તેની તેને યાદ નથી.

ન્યુટન સુવાના ઓરડામાં દાખલ થતાં રાજા હરિસીંગ એમ

સમજ્યો કે, મીસીસ રોબીન્સનના ધણી મી૦ રોબીન્સને તેઓને આમ એક સાથે સપડાવ્યાં છે. તેને ધાસ્તી લાગી કે, હવે તે પોતાની (રાજા સર હરિસીંગ)ની સામે છુટાછેડાનો કેસ માંડશે. તેનું નામ કેસમાં વગોવાશે, અને તેની બેઆબરૂ થશે. તેના બેડીકાંએ બળતામાં ઘી હોમે, તેમ એ ધાસ્તી એકદમ વધારી મુકી.

આ તરફ હોબ્ઝની ઓફિસમાં ૨૫,૦૦૦ પાઉંડની નોટોનું પારસલ આવ્યું; રાજા હરિસીંગે મીસીસ રોબીન્સન સાથે કરેલા ઘોંટાળાની માંડવાળ કરવાને, છુટાછેડાનો કેસ માંડી તેની બેઆબરૂ નહિં કરવા, બધી બાબતપર ઢાંકપીછોડો કરવાને, રાજા તરફથી એ પાર્સલ મળ્યું હતું એમ જાહેર કરવામાં આવ્યું. જવાબદાર બેંક કહે છે કે, ૭ કાવતરાંખોરોએ એમાંથી સરખા ભાગ વહેંચી લીધા. ફર્યાદી રોબીન્સન કહે છે કે, મને એ નાણાં હોબ્ઝે આપ્યાં–પણ મેં તે ગુસ્સામાં મારી સ્ત્રીને આપી, હું ચાલતો થયો હતો.

પણ રાજા હરિસીંગ તો મીસીસ રોબીન્સનના પ્રેમમાં ફસાયો તેથી, પોતાના બેડીકાંને આ કિસ્સાની માંડવાળ કરવાને દરેક ૧॥ લાખ પાઉંડના બે, એટલે કે કુલ્લે ૩ લાખ પાઉંડ (રૂ. ૪૫ લાખ)ના ચેક લખી આપ્યા. આ ઉપરથી આ પુસ્તકને “ **રૂ. ૪૫ લાખના ચેકની કહાણી** ” એવું નામ આપવામાં આવ્યું છે.

રાજા હરિસીંગને ધમકાવી, તેની બેઆબરૂ કરવાની જાહેર પ્રજામાં તેની ફજેતી કરવાનો ભયંકર ભય તેની સામે રજુ કરી. બેડીકાંએ ઉપલાં રૂ. ૪૫ લાખના ચેક તેની પાસે લખાવી લીધા હતા. પણ વિલાયતની બેંકમાં, તેના ખાતામાં એટલાં બધા રોકડ નાણાં ક્યાંથી હોય ? બેંકનાં ખાતામાંથી ૧॥ લાખ પાઉંડ (રૂ. ૨૨॥ લાખ) તે રોકડ આપી શકે તેમ હતું–આથી ૧॥ લાખ પાઉંડ

(રૂ. ૨૨ા લાખ)ના બીજા ચેકના નાણાં પાછળથી પગાર કરવાનું જણાવી, તેના પર તારીખ મુકી નહીં.

કાવતરાંખોરોએ ૧,૫૦,૦૦૦ પાઉંડનો ચેક વટાવી તેમાંથી ૨૫૦૦૦ પાઉંડ હોબ્ઝની ઓફીસમાં (ઉપર જણાવ્યા મુજબ) રજુ કર્યા. બાકીના ૧,૨૫,૦૦૦ પાઉંડ (રૂ. ૧૮ાા લાખ)-ફર્યાદીના જણાવવા મુજબ-મિડલેંડ બેંકમાં "સી. રોબિન્સન"ને નામે જમા મુકયા. એ નાણાં પર એ લોકોનો નહિ, પણ ખુદ રોબીન્સનનો પોતાનો હક હતો. છતાં બેંકે તેઓને ગેરવાજબી રીતે પગાર કર્યા–અને એ વાતની લગભગ ચાર વરસે તેને ખબર પડી. આથી એ ૧ા લાખ પાઉંડ (રૂ. ૧૮ાા લાખ) મેળવવાનો તેણે દાવો માંડ્યો હતો. ખરી રીતે 'સી. રોબિન્સન'ને નામે ૧,૩૦,૦૦૦ પાઉંડ (રૂ. ૧૯ાા લાખ)–દરેક હજાર હજાર પાઉંડની ૧૩૦ નોટો–અનામત મુકવામાં આવી હતી, અને તે મુકનાર ધણીની સહી સરખાવી, બેંકે એ ધણીને નાણાં પગાર કીધાં હતાં.

રોબિન્સન કોર્ટને ઘણીજ નફટાઇથી કહે છે કે, તેની સ્ત્રીને ખરાબ કરનાર આસામીને છુટાછેડામાં નહી ઘસડવા માટે રાજા હરિસીંગે આપેલાં નાણાં તેનેજ મળવાં જોઇએ. જવાબદાર બેંકે પુરવાર કર્યું, અને ફર્યાદીના ધારાશાસ્ત્રીએ કબુલ રાખ્યું કે, (રાજા સર હરિસીંગ)ને ધમકાવીને તેની પાસથી નાણાં કઢાવવાનું ભયંકર કાવતરૂં રચાયું હતું, એટલે કે રાજા હરિસીંગને બદમાશોની ટોળીએ લુંટી લીધો હતો. જુરી સાથ મળતા થઇને, જજ ડાર્લીંગે ચુકાદો આપ્યો છે કે, કાવતરાંથી મેળવેલાં નાણાં એ લુંટનો માલ છે. એ નાણાંપર કોઇનો પણ હક નથી, એક ચોરેલાં ઘડીઆળને પતરાંના દાબડામાં મુકી, તેનાં પર રોબિન્સનના નામની પટ્ટી મારવાથી એ

ઘડીઆળ કાંઈ રોબીન્સનનું થતું નથી. આ નાણાં બેંકમાં અનામત મુકતાં. રોબિન્સનનું નામ આપવા છતાં, તેને તેના પર હક નથી. એનાં પર રાજા હરિસીંગનો હક છે–પણ હવે તેમાંથી તેને કાંઇ મળે તેવો સંભવ નથી. આથી બેંકને જવાબદારીમાંથી મુક્ત કરી, ખરચ સીખે વાદીનો દાવો રદ કરવામાં આવે છે.

આ મુજબ આ કેસનો અંત આવ્યો છે. ભયંકર કાવતરાંમાં સામેલ હોવાનો શક, હજી મીસીસ રોબીન્સન મી૦ રોબીન્સન અને મીસીસ બીવનને માથે રહેલો છે, એ વાત જતી કરતાં, હોબ્ઝ, ન્યુટન અને એડીકાં–એ ત્રણની સામે કાવતરૂં રચવાનો ગુન્હો પુરવાર થયો છે અને હમણાં છેલ્લા મળેલા તારમાં ખબર આવી છે. કે હોબ્ઝને બે વરસની સખ્ત કેદની સજા કરવામાં આવી છે અને ન્યુટનને સરકાર તરફનો સાક્ષી બનાવવામાં આવ્યો હતો બાકી રહેલો એડીકાં તે ફ્રેંચ સરકારના રક્ષણ હેઠળ છે.

આવા કેટલા રાજવંશીઓ માર્ફત હિંદી જનતાનાં લોહીરૂપી કેટલી દોલત, દર વર્ષે ઇંગ્લાંડમાં શોષાઈ જતી હશે? હિંદી રાજવંશીઓનાં અને દોલતમંદોનાં શરીરો અને નીતીની કેટલી પાયમાલી થતી હશે? વર્ષોવર્ષ આંકડા ઉપર આંકડા ચઢતાં, અને તેનાં વ્યાજ ગણતાં, હિંદની રાંક રૈયતના કેટલા અબજો રૂપિયા ઇંગ્લાંડની ભુમિ ઉપર હોમાતા હશે, અને હિંદની કંગાળિયત વધારવામાં તે કેટલા સાધનભુત થતા હશે. તેનો હિંદના વિચારકો અને અર્થશાસ્ત્રીઓ થોડો ઘણો પણ ખ્યાલ કરશે. અને આ ભયંકર પણ અદ્દભુત કેસ ઉપરથી ધડો લઈ, રાજવંશીઓ અને વિલાયતની સહેલગાહ કરનારાં બીજાં લોકો પોતાની માતૃભુમિની ગરીબાઇનો ખ્યાલ કરી, અમુક અંશે પણ પોતાની મોજમજાહો ઓછી કરશે, તો આ પુસ્તક પ્રગટ કરવાનું સાર્થક ગણાશે.

આ કેસ તથા ચિત્રો લંડનનાં ઇંગ્લીશ પેપરમાંથી લેવામાં આવેલ છે તથા તેનું ટ્રાન્સલેશન ભાઈ વી. કે. ભુતા પાસે કરાવવામાં આવેલ છે.

૧૩૯૮૯૮

આવૃત્તિ બીજી

આ બુક માર્ચ ૧૯૨૫ માં બહાર પાડવામાં આવી હતી તે વખતે તેની માત્ર ૧૧૦૦ નકલ છાપવામાં આવી હતી. ટુંક વખતમાં બીજી આવૃત્તિ છપાવતાં મને આનંદ થાય છે. આ બીજી આવૃત્તિમાં ચિત્રોનો વધારો કરવામાં આવેલ છે તથા મી. હોમ્ઝપર જુદો ચાલેલ કેસ પણ આ બુકમાં દાખલ કરવામાં આવેલ છે. તા. ૩૦ મી સપ્ટેમ્બર ૧૯૨૫.

સત્ય પ્રકાશક કાર્યાલય.

૪૭, સી. પી. ટેંક રોડ, મુંબાઈ, ૪.

આવૃત્તિ ત્રીજી.

આ પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ છે.

પહેલી આવૃત્તિ ૧૯૨૫ ના માર્ચ માસમાં બહાર પાડી હતી. ત્યારથી આટલા ટૂંકા વખતમાં જ એની ત્રીજી આવૃત્તિ બહાર પાડવી પડે છે, એ અમારી પ્રવૃત્તિની અમે ફત્તેહ માનીએ છીએ. સાચી જ હકીકતો બહાર પાડવાની અમારી નેમને આ રીતે ઉત્તેજન મળતું જ રહે એમ અમો માગીએ છીએ. આ વખતે પણ કેટલાક સુધારા તથા પાછળથી મળેલી વધુ ખબરો આ બૂકમાં ઉમેરી છે.

સત્ય પ્રકાશક કાર્યાલય.

૪૭, સી. પી. ટેંક રોડ, મુંબઇ, ૪.

ઈંગ્રેજ સ્ત્રી માટેના રાજવંશીના પ્રેમની અદ્‌ભૂત કહાણી.

૩. ૨૨ાા લાખનો ચેક–"ફસાવવાનું છટકું–" ધણીનો બેંક સામે દાવો.

ખરી જીંદગીને બદલે, અદ્‌ભૂત કહાણી કિસ્સાવાળી નવલકથાને વધુ મળતી આવતી વાત, ૧૯ મી નવેમ્બર ૧૯૨૪ ના દિને લંડનની કીંગ્ઝ બેંચવાળી કોર્ટમાં વર્ણવવામાં આવી હતી. આ કેસમાં ૧ાા લાખ પાઉંડ (રૂ. ૨૨ાા લાખ)ના ચેકની બાકીની રકમ ૧ા લાખ પાઉંડ મેળવવા માટે મિડલેંડ બેંક સામે દાવો મંડાયો હતો.

એ દાવો મી૦ સી. ઈ. રોબિન્સને માંડયો હતો. તેના ધારાના હિમાયતી લોર્ડ હૅાલ્સબરીએ, પૂર્વના દેશના એક રાજવંશી—જેને આ કેસમાં "મી૦ એ." તરીકે ઓળખાવવામાં આવ્યા છે અને જેને મીસીસ રોબીન્સન વિકટરી "બોલ" (નાચના મેળાવડામાં) મળી હતી, તેની સાથે તેને થયેલા પ્રેમનો કિસ્સો વર્ણવ્યો હતો.

લોર્ડ હૅાલ્સબરીએ જણાવ્યું કે, છેવટે "મી૦ એ." એ ૧,૫૦,૦૦૦ પાઉંડના ચેક ઉપર સહી કરી. આ રકમમાંથી ૨૫ હજાર પાઉંડની રકમ રોબિન્સનને આપવામાં આવી. જેણે એ રકમ પોતાની સ્ત્રીને આપી હતી. ફર્યાદીના કેસની વિગત એવી છે કે, બાકીની

૧,૨૫,૦૦૦ પાઉંડની રકમ, ન્યુટન અને હોબ્જ નામના શખ્સોએ અને એ રાજવંશીના રસાલાના એક એ-ડી-કાં એ વહેંચી લીધી હતી. જવાબદાર બેંકનો કેસ એવો છે કે, મિસીસ રોબિન્સન સાથે "મી૦ એ." ને છટકામાં સપડાવવામાં ફર્યાદી રોબિન્સન સામેલ હતો, અને તેણે તેને ધમકી આપીને ૧,૫૦,૦૦૦ પાઉંડ કઢાવ્યા હતા.

રોબિન્સનની રૂ, ૪૫ હજારની હારજીત.

ઓસ્ટ્રેલીઆમાં બુકમેકર તરીકે કમાયલાં નાણાં પાછા જુગારમાં ગુમાવ્યાં.

"બચાવપક્ષે જુરીએ કોઇ દહાડો નહિં સાંભળ્યો હોય એવો ધમકીથી નાણાં કઢાવવાનો ઘણોજ ભયંકર કેસ રજુ કીધો છે."

મી૦ રોબિન્સન તરફથી, લોર્ડ ડાર્લીંગ (જજ) અને જુરી સમક્ષ કેસ શરૂ કરતાં, લોર્ડ હૅાલ્સબરીએ ઉપલું વાક્ય ઉચ્ચાર્યું હતું.

મિડલેંડ બેંક સામે તેનો દાવો, જે ૧,૫૦,૦૦૦ પાઉંડ રોબીન્સનને માટે મળેલા કહેવાય છે, તેમાંથી બાકી રહેલી ૧,૨૫,૦૦૦ પાઉંડની રકમ મેળવવાનો હતો.

તે દાવો સફળ ન થાય, તો પછી (બેંકની) ગફલતીને માટે "ડામીજી" તરિકે એ રકમ મેળવવાનો ફર્યાદિએ દાવો માંડયો હતો.

બેંકે ગફલત કરવાનો ઇન્કાર કીધો હતો, તેમજ રોબિન્સનને માટે એ નાણાં મળવાનો પણ ઈન્કાર કીધો હતો.

તેઓએ વળી એવું પણ જણાવ્યું કે, ધમકીથી નાણાં કઢાવવાનાં કાવતરાંમાં બીજાઓની સાથ તે પણ સંડોવાયલો હતો, અને એ સંજોગોમાં તેને નાણાં પાછાં મેળવવાનો કાંઇબી અધિકાર ન હતો.

લોર્ડ હૅાલ્સબરીએ જણાવ્યું કે, સવાલ એ હતો કે, મી૦ રોબિન્સનને કાવતરાં સાથ કંઇ પણ લાગતું વળગતું હતું કે નહિ? તેના કેસ સાથે કાવતરાંને બિલકુલ સબંધ ન હતો, અને એંકે તે પુરવાર કરવું જોઇએ.

મી૦ રોબિન્સન લૅંકેશાયરના એક જાનવરોના ડાકટરનો છોકરો હતો, અને તેણે વોરિંગ્ટન ગ્રામર સ્કુલમાં કેળવણી લીધી હતી. તેના બે મોટા ભાઇઓ ઓસ્ટ્રેલિયા ગયા હતા, અને તે ૧૫ વરસનો થયો, ત્યારે તે પણ તેનાં માબાપ સાથે ઓસ્ટ્રેલિયા ગયો. પાછળથી તે બુક મેકરના ધંધામાં પડયો, અને ૨,૦૦૦ થી ૩,૦૦૦ પાઉંડ લઇને આ દેશમાં પાછો ફર્યો. એ રકમ તેણે જુગારમાં ગુમાવી નાંખી.

૧૯૦૯ ની સાલમાં તેણે દિવાળું કાઢયું, અને તે પછી થોડા વખતમાં તેની સ્ત્રી સાથે તેને અણબનાવ થયો અને પછી તેઓ છુટાં રહેવા લાગ્યાં.

મિસીસ રોબિન્સન પોતાના દાદાની પેટંટ દવાના ધંધાની માલીક થઇ. ૧૯૧૯ ની શરૂઆતમાં રોબિન્સનને મોન્ટેગુ નોએલ ન્યુટન નામનાં માણસ સાથ ઓળખાણ થઇ.

ફર્યાદીના ધારાશાસ્ત્રીએ જણાવ્યું કે, જુરી આ કેસ સંબંધમાં વધુ વિગતો સાંભળશે, ત્યારે તેઓની ખાતરી થશે કે, ન્યુટન એ ફાંસીને લાકડે નહીં ચઢેલો દુનિયાનો મોટામાં મોટો બદમાશ છે.

બોક્ષીંગ ડેને વળતે દિવસે ન્યુટને તેને મોટર કલબમાં ટેલીફોન કર્યો, અને પાછળથી ન્યૂટન તેને મળવા આવ્યો.

મી○ "એ." સાથે મુલાકાત.

તેમાં ૨૫ હજાર પાઉંડ અપાવાની ધારાશાસ્ત્રીએ રજુ કરેલી વિગત.

એ મુલાકાત દરમ્યાન, ન્યુટને જણાવ્યું કે, "તારી ધણીઆણી પારિસમાં એક કાળા માણસ સાથે બદચાલ ચલાવે છે. પારિસમાં તેની ઘણી નાલેશી થાય છે. તેણી એની સાથે નાઈટ કલબો અને દરેક જાતની જગાએ જાય છે."

તેણે કહ્યું, "ત્યારે શું તેનો આ અંજામ ! હું તેને દુર કરવા માગું છું, ન્યુટને કહ્યું : "તું મારા સોલીસીટરોને ત્યાં ચાલ, મેશર્સ એપટલનને ત્યાં." મેસર્સ એપલટનની પેઢી મી○ એપલટન સોલિસીટર અને તેના મેનેજીંગ કલાર્ક વીલીયમ કુપર હોબ્ઝની બનેલી હતી. હોબ્ઝ કાંઈ સોલિસીટર ન હતો.

જ્યારે મેં (લોર્ડ હૅાલ્સબરીએ) એમ કહ્યું હોય કે, ન્યુટન બદમાશ છે, ત્યાર પછી હોબ્ઝને માટે પણ એજ વિચાર બાંધવામાં જુરીને કાંઇબી મુસ્કેલી પડશે નહી.

રોબિન્સને હોબ્ઝને છુટાછેડાનો કેસ માંડવાની ફરમાશ કરી, અને પારિસ ખાતેના શખ્સને બીજા પ્રતીવાદી તરીકે જણાવવા કહ્યું.

તા○ ૧૭ મી જાનેવારીએ, હોબ્ઝ, રોબિન્સન અને મિસીસ રોબિન્સન વચ્ચે મુલાકાત થઇ.

એ મુલાકાત વેળાએ હોબ્ઝે રોબિન્સનને ૨૫ હજાર પાઉંડની બેંક નોટો આપી.

રોબિન્સને નોટનું આખું બંડલ, તેની ધણીઆણીને આપ્યું, અને તે રૂમની બહાર ગયો, અને હોબ્ઝે પોતાના ખર્ચના ૪૦૦૦ પાઉંડ લીધા.

મજકુર બીજા જવાબદાર માટે સોલિસીટરોને આપવા માટેનાં એક ડોકયુમેંટ (દસ્તાવેજ) ઉપર તેણે સહિ કરી તે તેણે હોબ્ઝને આપ્યો. એ વેળાએ રોબીન્સનને બીજા જવાબદારના દરજ્જાની ખબર પડી.

લોર્ડ હૅાલ્સબરીએ કહ્યું કે, "હું તેનું નામ જણાવવા માંગતો નથી, પણ તેના દરજ્જા સંબંધી કાંઇક કહેવું જોઇએ."

તે પૂર્વના દેશનો એક રાજવંશી છે, અને તે યુરોપના પ્રવાસે આવ્યો હતો, એક અંગ્રેજ તેનાં એડીકાં તરિકે તેની સાથે હતો, અને તે તેની દેખરેખ રાખતો. તેની સાથે એક દેશી સેક્રેટરી પણ હતો જેનું નામ જણાવવામાં આવશે નહિં.

રાજવંશીને તેઓ "મી૦ એ." તરિકે જણાવશે.

૧૯૧૯ ની શરૂઆતમાં, મીસીસ રોબિન્સનની ન્યુટન સાથે મુલાકાત કરાવવામાં આવી.

તેણીએ તેને પોતાની મુલાકાત લેવા કહ્યું અને તે પછી તે તેની સાથે પ્યાર કરવા માંડયો.

એ ૧૯૧૯ ના મે અગર જુનમાં બન્યું. એ પછી ન્યુટને "તારા ધણીને તારી બધી વાત કહી દઇશ," એમ કહીને ધમકી આપીને તેણી પાસથી નાણા કઢાવવાં શરૂ કર્યાં.

આથી મિસીસ રોબીન્સને મીસીસ બીવન નામની સ્ત્રીને પોતાની સાથે રહેવા આવવાને કહ્યું, અને તે વખતથી તેણીએ ન્યુટનને કદી એકલાં જોયો નથી.

વિકટરી "બોલ" (નાચના મેળાવડા)માં રાજવંશી સાથે મેળાપ.

તા૦ ૧૧ મી નવેમ્બર ૧૯૧૯ ને દિને મીસીસ રોબિન્સન,

મીસીસ બીવનની સાથે, આલ્બર્ટ હૉલમાં વિકટરી 'બોલ' માં ગઇ.

તેણીની નજીકની બોક્ષમાં "મી૦ એ." અને તેનો રસાલો હતો. "મી૦ એ." અને મીસીસ રોબિન્સન વચ્ચે દોસ્તી શરૂ થઇ.

હું ધારૂં છું કે, જુરી એવા મત ઉપર આવશે કે, આગળ જતાં એ દોસ્તી એક મહાન અને ખરેખરા પ્રેમનું રૂપ લેશે.

"મી૦ એ." આશરે ૨૪ વરસની ઉમરનો યુવાન અને દેખાવડો હતો. તેણી એ વેળા ૩૨ વરસની ઉંમરની હતી.

એક દહાડો જ્યારે એડીકાં તેણીની મુલાકાતે આવ્યો હતો, ત્યારે ન્યુટન આવ્યો, અને તેની ઓળખાણ કરાવવામાં આવી.

લૉર્ડ હૅાલ્સબરીએ કહ્યું, મને કહેતાં દુઃખ થાય છે કે તેનાં દુષ્ટ ભગજે એડીકાં સાથે મળીને ઘાટ ઘડયો. "મી. એ." અને મીસીસ રોબીન્સન વચ્ચેના સંબંધનો લાભ લઇને, તેમાંથી નાણાં પેદા કરવાનું એક કાવતરૂં તેઓએ રચ્યું.

તેઓએ એવી ગોઠવણ કરી. તેણી અને મીસીસ બીવને પારીસ જવું. અને મી૦ "એ." અને તેના દેશી સેક્રેટરીએ પણ પારીસ જવું.

રાજવંશી સાથે ઉંડો પ્રેમ.

તેની સાથે તેને દેશ જવાની મીસીસ રોબીન્સનની ગોઠવણ.

ખરી રીતે જોતાં, જો કે દેખાતી રીતે મીસીસ રોબીન્સન જુદી હૉટેલમાં રહેતી હતી. પણ રાજવંશી અને એ બાનુઓના ઓરડાઓ એકજ હતા.

નાતાલની રાત્રે તેઓ બહાર નાચ કરવા ગયાં હતાં, અને મી૦ "એ." અને મીસીસ રોબીન્સને એ રાત સાથે ગુજારી હતી.

સવારનાં આશરે ૮ વાગતે, કોઇએ રૂમનું બારણું ઠોકયું, મીસીસ રોબીન્સન ' નોકર હશે ' એમ ધારીને ઉભી થઈ, પણ નોકરને બદલે ન્યુટન અંદર ધસી આવ્યો.

તેણે કહ્યું: " હવે મેં તમને પકડયાં છે. મને જે પુરાવો જોઇતો હતો, તે મળી ગયો છે."

લંડન પાછા ફરવા પછી, તેણીનો એકનો એક વિચાર મી૦ "એ" ને મળવાનો હતો, કેમકે તેની સાથે તેણીને ઘણો પ્રેમ બાઝયો હતો.

મી૦ "એ." સાથે તેણીને એવી ગોઠવણ થઈ હતી કે તેણીએ, તેને દેશ જવું. તેણીએ તેને રિવેરા ખાતે મળવું અને તા૦ ૧૪ મી ફેબ્રુવારી સુધીમાં નાઇસ ખાતે આવવું.

તા૦ ૧૭ મી જાનેવારીએ ન્યુટન તેણીને મળવા આવ્યો, અને તેની પાસ ૨૧ હજાર પાઉંડ હતા તેમાંથી ૧૦ હજાર પાઉંડ લઇ ગયો.

તેણીએ તેને અટકાવવાની કોશેષ કરી, પણ તેણે તેણીને રૂમની સામી બાજુએ જોરથી ફેંકી.

એ પછી તેણી મીસીસ બીવન સાથે રીવેરા ખાતે ગઇ.

ધણીને માટેનો ચેક.

મી૦ "એ." ને હૉટેલમાં મળવાની તેણીએ આશા રાખી હતી. પણ તેને બદલે હૉટેલમાં તેણીને એક જુદોજ માણસ મળ્યો—જે પોતે સ્કોટલેંડ યાર્ડ (છુપી પોલીસ)નો હતો એમ કહેતો હતો.

ધારાશાસ્ત્રીએ કહ્યું કે, એ માણસ કોણ હતો તે મને ખબર નથી, પણ તે ન્યુટને રાખેલો હતો, એવો મને મજબુત શક છે.

તેણી મોંટેકાર્લો પાછી ગઇ, અને મી૦ "એ." સાથે સંદેશા ચલાવવાને પોતાથી બનતું કર્યું. પાછળથી તેણી તદ્દન દુઃખી હાલતમાં લંડન આવી, અને છેવટે તેણીની તબીયત લથડી પડી.

તેણીની સારવાર ઘણા મહીનાઓ સુધી ચાલી જે પછી તેણીની તબીયત સુધરી–એ પછી તેણીએ પોતાનાં ધણી સાથેની જુદી પાડેલી દુઃખી જીંદગી પાછી ચાલુ કરી.

એડીકાં મી૦ રોબીન્સનને મળવા આવ્યો તે વેળાએ, પહેલીજ વખત તેને ખબર પડી કે, ૨૫ હજાર પાઉંડને બદલે ૧,૫૦,૦૦૦ પાઉંડ લઇને, આ બાબતની સમજુતી થઇ હતી.

એ રકમ વીલીયમ કુપર હોબ્ઝે, ન્યુ મોન્ટેગુ નોઅલ ન્યુટન અને એડીકાં વચ્ચે વહેંચી લેવામાં આવી હતી.

ધારાશાસ્ત્રીએ કહ્યું કે, એક વાત ખુલ્લી છે. આ ચેક આપતી વેળા, મી. "એ" નો ઇરાદો તે મીસીસ રોબીન્સનના ધણીને આપવાનો હતો.

એપલટને તે "સી. રોબીન્સન"ના નામે ખાસ એન્ડોર્સ કીધો હતો, પણ તેમાં તેણે ખોટી સહી કરી હતી, એ ખુલ્લું દેખાઇ આવે છે.

પાછળથી મેસર્સ એપલટને મીડલેંડ બેંકને લખી જણાવ્યું કેઃ– બેંકે મી. ચાર્લસ રોબીન્સનનાં નામનું ખાતું ઉઘાડયું હતું અને તેમાં એ ચેક જમા કીધો હતો.

૧૩ લાખ પાઉંડના દાવાનાં ચોંકાવનારાં ભોપાળાં.

મીસીસ રોબીન્સન સંબંધી ધારાશાસ્ત્રીના ભેદી સવાલો.

તેણીના ખર્ચાળ ડ્રેસો.

બીજે દહાડે હોબ્ઝે રોબીન્સનને નામે ૧ લાખ ૩૦ હજાર પાઉંડનો (લગભગ ૨૦ લાખ રૂપીઆનો) ચેક રજુ કીધો હતો, અને બે કલાક પછી, તેને દરેક ૧૦૦૦, પાઉંડની ૧૩૦ નોટો આપવામાં આવી.

લોર્ડ હૉલ્સબરીએ વધુમાં જણાવ્યું કે, હોબ્જે પેરીસમાં ૧,૦૦,૨૦૦ પાઉંડ (૧૮ લાખ રૂપિયા) થી ખાતું ખોલ્યું; અને એડીકાંએ પણ એજ બેંકમાં ૯૦ હજાર ફ્રાંક જમા મુકી ખાતું ખોલ્યું. એ નાણાં હોબ્જે તેને આપ્યાં હતાં.

ન્યુટને પણ એ બેંકમાં ખાતું ખોલ્યું.

૧ લાખ ૨૧ હજાર પાઉંડ હોબ્જનાં ખાતામાં ૬।। હજાર પાઉંડ એડીકાંનાં ખાતામાં. અને ૧૦ હજાર પાઉંડ ન્યુટનનાં ખાતામાં હોવાનો અમે પત્તો મેળવ્યો છે.

રોબીન્સનની જુબાની.

પહેલાં છુટાછેડાનો ઠરાવ કરીને પછી "મી० એ." સાથે સમજુતી કરવાની કબુલાત.

મી० રોબીન્સને જુબાની આપતાં, પોતાની કારકીર્દી સંબંધમાં પોતાના ધારાશાસ્ત્રીએ રજુ કરેલી હકિકતો ખરી જણાવી અને કહ્યું કે, તા० ૨૭ મી ડીસેમ્બર ૧૯૧૯ ને દિવસે જ્યારે ન્યુટને મારી સ્ત્રી સંબંધી વાત કરી ત્યારે "મી० એ" ને તેણે "એક કાળો માણસ" જણાવ્યો હતો.

મેં "મી० એ." ને કદી જોયો ન હતો.

આશરે ત્રણ દહાડા પછી. મેં મારી સ્ત્રીને જોઇ, અને તેણીએ કહ્યું કંઇપણ ગડબડ થઇ નથી.

હું પછી હોબ્જને પાછો મળ્યો, અને તેને કહ્યું કે મીસીસ રોબીન્સને ગુન્હો કીધો છે કે નહિ, તેનો મને ઘણો શક છે.

હોબ્જે જવાબ આપ્યો: "તેના ગુન્હા સંબંધી કાંઇ સવાલજ નથી. મને "મી० એ." ના સોલીસીટરો તરફથી પત્ર મળ્યો છે, તેમાં તેણે પોતાનો ગુન્હો કબુલ કીધો છે.

તેણે જણાવ્યું કે, મારે 'મી૦ એ." ના સોલીસીટરો સાથે મુલાકાત થઇ છે, અને તેના તરફથી ૨૫ હજાર પાઉંડની ઓફર મળી છે.

પાછળથી હોબ્ઝે મને ફરીથી ૨૫ પાઉંડ લેવાને સમજાવ્યો અને મેં એ વાતપર ઢાંક પીછોડો કરવાને વહેવારૂ રીતે કબુલ કર્યું.

મેં પછી છુટાછેડાનો કેસ આગળ નહીં ચલાવવાનાં કરારનામાં ઉપર સહી કરી.

તા૦ ૧૭ મી જાનેવારીએ, હોબ્ઝ તેની ઓફીસમાં નોટોનું મોટું બંડલ લાવ્યો, અને કહ્યું કે મને ૨૫૦૦૦ પાઉંડ મળ્યા છે.

મેં (રોબીન્સને) કહ્યું કે, તેની સાથે મારે સંબંધ નથી. તમે તે મીસીસ રોબીન્સનને આપજો પછી હું ઓફીસમાંથી ચાલ્યો ગયો.

મી૦ રોબીન્સનને પછી ૧૫૦,૦૦૦ પાઉંડ (રૂ. ૨૨॥ લાખ) નો અસલ ચેક બતાવવામાં આવ્યો, અને પૂછ્યું કે, "આનાં પરની સહી તમારી નથી ?"

સાક્ષીની ઉલટપાલટ તપાસ.

સર જોન સાઇમને (બેંકના ધારાશાસ્ત્રી) પછી ઉભા થઇ કહ્યું: આ અસલ દસ્તાવેજ ઉપર તો "મી૦ એ"ની સહી છે.

તેઓએ સાક્ષીને પુછ્યું: "એક ખુબસુરત સ્ત્રી તરફ લોકો ઘણાં ફિદા છે કે ?"

સાક્ષી: "હું જાણું છું, ત્યાં સુધી તો તેમ છે."

સ–"એ બાનુ કપડાં પાછળ હદ બહારનો ખર્ચ રાખે છે કે ?"

જ–"હા, મારે તેમ કહેવું જોઇએ. તેણી પાસ કેટલાંક સાચાં મોતી છે. તેણી મોટા ઝવેરીઓ સાથે વહેવાર રાખે છે, અને પારીસ, ઓસ્તેંડ અને લંડનની સરસમાં સરસ હોટેલોમાં રહે છે.

સ–એ બધાંનો ખર્ચ તમે પુરો પાડતા નથી ખરૂં ?

જ–ઘણે ભાગે નહીં. મેં તેને મારી શક્તિ મુજબ મદદ આપી છે.

સ—ખરૂં જોતાં તો, વખતોવખત તમને તેણીની પાસેથી નાણાં મળ્યાં છે ?

જ—કદી નહીં. એક રાતી પાઇ પણ નહિ.

તેણે લગ્ન પછી થોડા મહિનામાં દિવાળું કાઢયું હતું.

સ—તમે ઉત્તર લંડનમાં એક મોટાં ઘરમાં રહેતા હતા, અને તમારાં ઘરમાં છ નોકરો હતા, અને એ બે બહારના નોકરો હતા. તમે જબરા ઠાઠમાં રહેતા હતા ને ?

જ—તેનો ખુલાસો હું આપી શકતો નથી. પણ તે વેળા મને ધંધામાં ખોટ ગઇ હતી.

સ—મી૦ "એ." નાં નાણાં અપાયાં પછી, તમને નાદાર તરિકે છુટકારો મળ્યો હતો ?

ઘર ઉપર ચોકી પહેરો.

ધણીઆણીના મરદ દોસ્તો સંબંધી મી૦ રોર્બાન્સનને લોર્ડ ડારલીંગના સવાલો.

સર જોન સાઇમને વધુ તપાસમાં પુછ્યું: હું કહીશ કે, તેણીને તેનાં નાણાં મળતાં હતાં, તમારી પાસ બીલકુલ પૈસા ન હતા, અને વરસ આખરે તેણીનાં બેંકનાં ખાતામાં જમાને બદલે ઉધાર રકમ હતી એજ વેળાએ તેને મી૦ "એ." મળી ગયો એ સારૂં નહીં થયું ?

જ–હું ધારૂં છું એ ઘણું કમનસીબ હતું. તેણીની બાબતમાં તેમ મારી બાબતમાં એ ઘણું કમનસીબ હતું.

તેઓ સાથે સંબંધ થવા પછી, મેં મારી સ્ત્રીને ઘણી વેળા જોઇ હતી. તેણી નાઇટ બ્રીજ ખાતે હાલ રહેતી હતી. મેં તેણીની ઘણી વેળા મુલાકાત લીધી હતી.

સ–તમને ખબર છે કે તમારી પાછળ જાસુસો હતા ?

જ–મને એવો કાંઇક ખ્યાલ છે.

સ–તમે તેને ઘેર જતાં, ત્યારે બેમાંથી એક માણસ ત્યાં આવતો કે ?

જ–હા.

સ–તમે મીસીસ રોબીન્સન અને એ માણસ સાથે કોઇ કોઇ વખત ઘેરથી સાથે નીકળતા, અને પીકાડિલી તરફ આવતા ?

જ–હા.

સ–પછી તમે એ માણસને મીસીસ રોબીન્સન સાથે રાખીને ચાલ્યા જતા, અને તેઓ એકલાં એ મકાને જતાં ?

જ–હા.

સ–તમે જાણીને અજબ થશો, કે એ માણસ અને મીસીસ રોબીન્સન મધરાત પછી બે વાગતાં સુધી સાથે રહેતાં ?

જ–હું તે જાણતો નથી.

સ–તમે તે માણસનું નામ જાણવા માગો છો ?

જ–હું તેનું નામ કહી શકું છું. મી૦ મેકરસી. તે એક સ્કોટસમેન છે. મારી ધણીઆણી તેને પહેલાં બેલજીઅમમાં મળી.

સ–મી૦ મેકરસીને તારી ધણીઆણી માટે બહુ પ્યાર છે ?

જ–તે હું કહી શકતો નથી.

સ–તે તારાજ મકાનમાં રહે છે ?

જ–હા.

સ–તેં તેને કદી પૂછ્યું હતું કે, મધ્યરાત પછીના કલાકોમાં તારી ધણીઆણીને ઘેર, તેણીની સાથે તે શું કરે છે?

જ–તે તેણીને ઘેર હતો, એમ મેં કદી સાંભળ્યું નથી.

લોર્ડ ડારલીંગ–તમે એમ કહેવા માગો છો કે, પારિસમાં જે બન્યું તે પછી, તમારી ધણીઆણી મરદો સાથે મોટી રાતનાં એકલી રહે, અને તમને તેનામાં વિશ્વાસ રહે?

સાક્ષી—હા. તેણીને ઘર સુધી મૂકવા જાય તો?

સ—તેણીની ચાલચલણ કેવી છે, એ તું જાણે છે, તે છતાં?

જ–તેણીને ચીતારવામાં આવે છે, એવી ખરાબ તે નથી.

સ—તમે માનો છો કે, હવે તેણી સદ્‌ગુણી જીંદગી ગુજારે છે?

જ—છેલ્લા બાર મહિનાથી. હા.

સર જોન સાઇમન—મીસીસ રોબીન્સનના બીઝનેસ મેનેજર તરીકે ઓળખતા મી૰ યંગ તારી ધણીઆણીનો વખાણનાર છે?

મી૰ રોબીન્સન—હું કાંઇ સમજી શકતો નથી.

સ—તેણીને તે ચુંબન લે છે, અને બગલગીરી કરે છે?

જ–નહી. તે તેણીનો મેનેજર છે, અને તેણીના મકાનમાં કોઇબી વખતે આવવાનો તેનો હક્ક છે.

સાક્ષી—એ સંભવીત છે કે, તેણીના મરદ મિત્રો મારી સ્ત્રીનાં ઘરમાં રાતનાં ૧ અને ૧॥ વાગતાં સુધી રહેતાં પણ હોય.

હું તેણીના પર કોઇપણ સંજોગોમાં ભરોંસો રાખું છું.

સ—દરરોજ રાતનાં મી૰ મેકરસીને તારી સ્ત્રી સાથે શું પ્રમાણિક કામ હતું?

જ—એ એક સાધારણ મિત્રાચારી હતી.

સ—તમે તમારી સ્ત્રી સાથે એવી ગોઠવણ કરી હતી કે, તમારે ચેપલ-સ્ટ્રીટનાં મકાનમાંથી ગેરહાજર રહેવું, જેથી કરીને તમારી સ્ત્રી સાથે "મી૦ એ." ની ગડબડ શોધી કાઢનાર માણસ તમારા કરતાં કાંઇક વધારે સારા દેખાવનો હોય ?

જ—કદી નહીં.

સ—તમે ન્યુટનને ચેપલ-સ્ટ્રીટનાં ઘરનાં બગીચાની ચાવી આપી હતી કે ?

જ—કદી નહીં.

સ—તમારી સ્ત્રીએ "મી૦ એ." ને જાળમાં સપડાવવો એવું તમે માગતા હો તો, પછી, એ છટકું મંડાય ત્યાં સુધી તમારે દુર રહેવું જોઇએ ને ?

જ—તમારો મુદ્દો હું સમજ્યો. આવું કદી બન્યું નથી. હું મીસીસ રોબીન્સનની અરજ સિવાય કદી તેણીને ચેપલ-સ્ટ્રીટને ઘેર જતો જ નહીં.

"સાદી અક્કલનાં અનુમાન" વિષે જજ.

લોર્ડ ડારલીંગ—તમે ત્યાં સુવાનું કેમ માંડી વાળ્યું ?

મી૦ રોબીન્સન—મારી સ્ત્રી સાથે મારે કજીયો થયો હતો અને તેણીનો રહેવાનો ઠાઠ મને પસંદ ન હતો.

સ—તેણી એક વંઠેલ સ્ત્રી હતી, અગર તો મરદો સાથે અનીતિમાન સંબંધ રાખતી હતી, એમ તને શક હતો કે ?

જ—નહી.

સ—મીસીસ બીવનને તું નીતિમાન સ્ત્રી ધારે છે કે ?

જ—મીસીસ બીવનની આગલી કારકીર્દી મને બીલકુલ માલુમ નથી.

સર જોન સાઇમન (ફોટો આપીને)—આ મીસીસ બીવન છે.

જ—લીલીઅન ને બીવન.

સ—આ બે ઘણી આબરૂદાર સ્ત્રીઓ મોંટેકાર્લો ખાતે સાથે રહેતી હતી?

જ—હું ધારૂં છું, તેમજ છે.

લોર્ડ ડારલીંગ—સાદી અક્કલ મુજબ, તો એ બંને હલકી આબરૂની સ્ત્રીઓ હતી ને?

જ—હું તે કહી શકું નહીં. તેઓ કદાચ ગેરચાલ ચાલે, અને તે માટે તેઓને માફ કરી શકાય.

સ—તમે તેને એટલે દરજ્જે માફ કર્યું કે, છટકું માંડયાં પછી તમે તેની સાથે રહેતા હતા. તે પૈસા મળ્યા પહેલાં હતું ને?

જ—બીલકુલ નહીં.

સર જોન સાઇમન—કર્ઝન સ્ટ્રીટમાં તારી સ્ત્રી અને "મી૦ એ." ને સાથે સુતેલાં પકડવાને એક કાવતરૂં રચાયું હતું, તે તને ખબર છે કે?

જ—નહીં.

૧ લાખ ૩૦ હજાર પાઉંડનો પત્તો.

સર જોન સાઇમને વધુ સવાલોમાં જણાવ્યું કે, ૧ લાખ ૩૦ હજાર પાઉંડનો પત્તો મળ્યો છે, હજાર હજાર પાઉંડની ૧૩૦ નોટ મળી છે.

સ—તમે કહો છો તેમ, જો હોબ્ઝને ૪૦ હજાર પાઉંડ, એડીકાંને ૪૦ હજાર પાઉંડ, અને ન્યુટનને ૪૦ હજાર પાઉંડ, આપવા. જેટલી રકમો તમે શોધી કાઢી છે, તો પછી તમે કહો છો તેમ તમને મળેલી ૨૧ હજાર પાઉંડની રોકડ રકમ રહેતી નથી?

રોબીન્સન—મને હોબ્ઝ પાસેથી દેખીતી રીતે ૨૧ હજાર પાઉંડ મળ્યા-પણ તેને મેં કદી હાથ લગાડયો નથી. એ ૨૧ હજાર પાઉંડના નીચે મુજબ ભાગ પડયાઃ—

હોબ્ઝ ૪૦૦૦ પાઉંડ. ન્યુટન ૪૦૦૦ મી૦ રોબીન્સન ૪૦૦૦, મીસીસ રોબીન્સન ૪૦૦૦, એડીકાં ૫૦૦૦.

સર જોન સાયમને કહ્યું કે, કાવતરૂં થયું હતું, એમાં તો જરાય શક નથી. કયા કયા બદમાશો હતા, એની ખબર મળી છે. એટલે એજ અનુમાન નીકળે છે કે, "એ" ને છટકામાં સપડાવવાનું કાવતરૂં થયું હતું.

લોર્ડ ડારલીંગ--એડીકાં બધાંમાં સૌથી ખરાબ હોવો જોઇએ, કારણ કે તે એક "ગૃહસ્થ" હતો, જે આ રાજવંશીનું રક્ષણ કરવા નીમાયલો હતો?

રોબીન્સન—હા.

લોર્ડ ડારલીંગ—પણ રાજવંશીનું રક્ષણ કરવાને બદલે, તે તેને બદમાશોની ટોળીનાં પંજામાં સપડાવે છે અને તેને બચવા માટે ૫ હજાર પાઉંડ લે છે?

સાક્ષી-દેખીતી રીતે.

સ-તું કહે છે, તું તેમાં નિર્દોષ છો? તારી સ્ત્રી પણ નિર્દોષ છે?
સાક્ષી--હા.

હિંદુસ્તાન જવાની ગોઠવણ.

ખુનની ધમકીથી નોટો કઢાવવાનો કિસ્સો

ચેક રજુ કરવાનો જજનો હુકમ

નામ નહિ જણાયલા પુર્વ દેશના રાજવંશી સાથેના પ્યાર સબંધી મીસીસ રોબિન્સને કોર્ટમાં રજુ કરેલી કહાણીમાં ઘણા નાટકી કિસ્સાઓ વર્ણવામાં આવ્યા હતા. તેણીએ જણાવ્યું હતું કે:—

પોતાની સખી મિસીસ બીવન સાથે તેણીએ મી૦ "એ." ની સાથે તેણીએ હિંદુસ્તાન જવાનું નક્કી કીધું હતું. પારીસમાં ન્યુટને તેઓને સુતેલાં હતાં, ત્યાંથી પકડયાં હતાં. એ ન્યુટન એક અઠંગ બદમાશ છે, અને મેં કે તેની સામે—મી૦ રોબિન્સન સાથે મળીને—મી૦ "એ." (રાજા હરિસીંગ) પાસેથી ધમકીથી નાણાં કઢાવવાનાં કાવતરાંમાં સામેલ હોવાનો આરોપ મુકયો છે.

લંડન પાછી ફરતાં, મારા ધણીને જે ૨૫ હજાર પાઉંડ અપાયા હતા, તે તેણે મને આપ્યા, એમ મિસીસ રોબિન્સને કોર્ટને જણાવ્યું હતું. "એ રકમમાંથી હોબ્ઝને ખર્ચ પેટે ૪૦૦૦ પાઉંડ (૬૦ હજાર રૂપિયા) વકીલના ખર્ચના આપવામાં આવ્યા. પાછળથી ન્યુટને આવીને ઝઘડો કર્યો, અને હું જો ચુપ નહી રહું તો તે મારૂં ખુન કરશે. એવી મને ધમકી આપીને તે બંડલમાંથી નોટો ઝુંટવી લઇ ગયો, અને મારે માટે માત્ર ૧૧,૦૦૦ પાઉંડની નોટો મુકતો ગયો."

લોર્ડ ડારલીંગે તા૦ ૨૧ મીએ હોબ્ઝને હુકમ કીધો કે, તમારે ત્રણ ચેકો રજુ કરવા. હોબ્ઝે કહ્યું કે એ ચેકો મારી પાસે નથી. લોર્ડ ડારલીંગે એ ચેકો અને બીજા અગત્યના દસ્તાવેજો રજુ કરવા, અગર તો તેનું કારણ આપવાનો હુકમ કીધો હતો.

ન્યુટનની ત્રાસ્તી.

તેની હરામખોરી અને "મારા ધણીને કહી દેવાની" ધમકી વિષે મીસીસ રોબિન્સન.

લોર્ડ હૉલ્સબરી (ફર્યાદ પક્ષના ધારાશાસ્ત્રી)ની તપાસમાં મીસીસ રોબિન્સને જણાવ્યું કે, મારૂં આખું નામ ફ્લોરેન્સ મોડ રોબિન્સન છે, અને મારૂં લગ્ન ૧૯૦૮માં થયું હતું.

૧૯૧૪ ની સાલમાં મારી તબિયત ઘણી નાજુક હતી, અને મને કેટલાંક 'ઓપરેશન' (વાઢકાપ) કરવામાં આવ્યાં હતાં, જેમાંનું છેલ્લું ઘણું ગંભીર હતું.

એ પછી અમે ધણીધણીઆણી તરીકે રહેતાં ન હતાં.

૧૯૧૪ ની સાલમાં હું અને મારો ધણી છુટાં રહેવાં લાગ્યાં અને એ વખતથી હું મારા ધણીથી બને તેટલી દુર રહેવા લાગી.

સ—તમે એમ કેમ કરતાં હતાં?

જ—એકજ વાતાવરણમાં રહેવું મારે માટે ઠીક ન હતું.

સ—એમ શા માટે?

જ—તે એટલો ખરાબ સ્વભાવનો હતો, એટલો બધો ચીડાઇ અને ઉશ્કેરાઇ જતો—જ્યારે હું ઘણી નાજુક હતી. ઓપરેશન (વાઢ-કાપ) થયાં પછી, હું મિસરની મુલાકાતે ગઇ હતી. અને લડાઇ શરૂ થઇ, તે પછી તરતજ હું પાછી આવી હતી. મને યાદ છે ત્યાં સુધી ૧૯૧૫ ના ઉનાળામાં-મેં સ્ટેનઝ ખાતે એક ઘર ભાડે રાખ્યું હતું.

સ—તમે પાછાં આવ્યાં, ત્યારે શું બન્યું?

જ-હું એજ મકાનમાં રહેતી હતી, પણ મારા ધણીની અને મારી જુદી જુદી રૂમો હતી, હું મારે રસ્તે જતી, અને તે તેને રસ્તે જતો.

૧૯૧૬ માં મારો દાદો મરણ પામ્યો, અને મને વારસામાં તેના પેટંટ દવાઓના ધંધામાં ભાગ આપી ગયો, અને એ વખતથી હું મારા ધણીથી સ્વતંત્ર રહીને ગુજરાન ચલાવું છું.

વળી એ વખતથી, હું મારા ધણીને ઓછી જોઉં છઉં.

૧૯૧૯ ની શરૂઆતમાં, જ્યારે હું અને મારો ધણી બર્કલી હૉટેલમાં નાસ્તો લેતાં હતાં ત્યારે તેણે ન્યુટન જોડે મારી ઓળખાણ કરી. કેટલાક સમય પછી હું ન્યુટનને પાછી મળી.

ધંધો વેચી ન્યુટનની જોડે જવાની ના.

ફ્ર્યોદપક્ષના ધારાના હીમાયતી લોર્ડ હાલ્સબરીએ એ પછી તેણીને નીચેના સવાલો પુછ્યા હતાઃ—

સ—પછી તમે તેને તમારી મુલાકાત લેવાનું કહ્યું ?

જ—હા. હું ધારૂં છું કે, ઓગસ્ટની શરૂઆતમાં મેં તેને બોલાવ્યો હતો.

સ—તે આવીને તમને મળતો કે ?

જ—હા. એક રાતે તે જમવા આવ્યો હતો.

સ—પછી તમારે અને તેને ગાઢો સંબંધ બાઝયો ?

જ—હા.

સ—એ પછી ન્યુટન તમારી સાથે કેમ વર્તતો ?

જ—ઓહ એ તો તોરી માણસ હતો. તે બીલકુલ સારો ન હતો.

સ—તમારા પૈસા અને તમારા શેરો અને નોટો સંબંધી તેણે કાંઇ કહ્યું હતું કે ?

જ—તણે મને મારો ધંધો, તથા શહેરમાં મેં મેળવેલો 'લીઝ,' અને મારી પાસે જે કાંઇ હોય, તે વેચી સાટીને, તેની સાથે નિકળી જવા કહ્યું. હું તેમ કરવાને ખુશી નહતી.

વિકટરી "બોલ"નો નાચનો જલસો.

"બી૦ એ." સાથેની મુલાકાતો અને નાચ.

સ—ન્યુટન છેક ઝનુની હતો કે ?

જ—એક વેળાએ તેણે મને રાતના જમવા બોલાવી હતી અને હું જઇ શકી નં હતી, ત્યારે તે ઘણો ઝનુની હતો. તે મારી સાથે ઘણી અપમાનકારક રીતે વર્ત્યો હતો.

સ—ત્યારે તમે તેની સામે પગલાં કેમ નહીં લીધાં ?

જ—કારણ કે મને લાગ્યું કે, તે જઇને મારા ધણીને કહી દેશે.

સ—તેણે કદી એમ કહ્યું હતું ?

જ—હા એણે એવી ધમકી આપી હતી.

મીસીસ રોબિન્સને જણાવ્યું કેઃ—

હું પહેલાં ૧૯૧૫ કે ૧૯૧૬ માં મીસીસ બિવનને બ્રાઇટન ખાતે મળી હતી. લંડનમાં અમે પાછાં ૧૯૧૯ માં મળ્યાં હતાં. મીસીસ બિવને મને કહ્યું હતું કે, તે રાંડીરાંડ છે.

પાછળથી અમે બે દિલોજાન સખીઓ થઇ એ પછી મીસીસ બીવન મારી જોડે ચેપલ સ્ટ્રીટમાં રહેવા આવી.

મીસીસ રોબીન્સને વધુમાં જણાવ્યું કે, " પહેલાં તો મને બહુ એકાંત લાગતું, એટલે મેં તેને મારી પાસે રાખી. "

" બીજું એ કે, એ મને મદદ કરે તેમ હતું. પછી મારે ન્યુટનને એકલાં મળવાની જરૂર પડે નહિ. તેણી આવ્યાં પછી મેં કદી પણ ન્યુટનને એકલાં જોયો નથી. "

મીસીસ રોબિન્સનને એ પછી તા૦ ૧૧ મી નવેમ્બર ૧૯૧૯ ની રાત્રે થયેલા " વિકટરી બોલ " ('વિજયના નાચ')માં પોતાની મુલાકાતનું વર્ણન કરતાં જણાવ્યું કેઃ—

" હું મીસીસ બીવન સાથે ગઇ હતી. અમે 'મી૦ એ.' અને તેના રસાલાએ રોકેલી બોક્ષની બાજુની બોક્ષમાં જ બેઠાં હતાં. "

" એ રાતનાં અમે " મી૦ એ." ના રસાલાનાં બે ત્રણ માણસો સાથે ઓળખાણ કરી.

મોજમઝાની રાત.

મીસીસ રોબિન્સને જણાવ્યું કે, "અમે અમારાં બોક્ષમાંથી વારંવાર જતાં આવતાં હતાં. એતો એક મોજમઝાની ફાંકડી રાત હતી.

સ—મોજમઝાની રાત હતી ?

જ–હા. એ રાતનાં દરેક જણ એકબીજા સાથે હળીમળીને વાતોમાં મશગુલ થતાં.

"નાચના મેળાવડા પછી થોડુંકમાં જ્યારે હું સેવોય હૉટેલમાંથી બહાર આવતી હતી, ત્યારે મને "મી૦ એ." ના રસાલાનો એક માણસ મળ્યો.

"હું મારી સખીઓ જોડે સાંજનાં નાસ્તો લેવા ગઈ હતી. અને ટેક્ષીની રાહ જોતી હતી. આથી તેણે અમને કહ્યું કે, 'તમને હું તમારે ઘેર મોટરમાં મુકી જાઉં ?"

અમે કહ્યું કે, 'તમારો કેટલો ઉપકાર ?' એ પછી અમારે રીતસરની વાતચિત ચાલી હતી.

સ–તે તમને મોટરમાં ઘેર મુકી ગયો ?

જ—મેં તેને ઘરમાં આવવા અને જરા કાફી અને શરાબ લેવા કહ્યું.

સ–તે એડીકાં હતો કે ?

જ–નહીં, તે તો રસાલામાંનો એક આદમી હતો.

મીસીસ રોબિન્સને પછી જણાવ્યું કે—"તે ઘરમાં આવ્યો. અને વાતચિતમાં તેણે અમને વિજય નાચમાં અમારી જોડેના બોક્ષમાં કોણ હતું તે જણાવીને કહ્યું કે, 'મારી બોક્ષમાંની બાનુઓને મળવાને તે ખુશી થશે.'

"તેણે અમને તેની સાથે રાજવંશીની પાસે આવવા કહ્યું: હું હિંદુસ્થાન રહી આવી હતી, અને પુર્વના દેશોનો મને ઘણો શોખ



મીસીસ રોબીન્સન　　　　સર હરિસીંગ



મારીસ રોબીન્સન તીડનાં
પોશાકમાં મહારાજાની
પહેલી નજરે.
' વીક્ટરીઓલામાં."



માસીસ બિવન "વીક્ટરીઓલા" ના
પોશાકમાં.

Krishna Press, Bombay 2.

હતો. તેણે મને રાજવંશીની પાસે આવવા દબાણ કર્યું, આથી અમે ગયાં, અને તેની મુલાકાત થઇ.

સ–તમે ' મી૦ એ. ને મળ્યાં ?

જ–હા. તેની અને એડીકાં સાથે અમારી મુલાકાત કરવામાં આવી. ત્યાં ઘણાં માણસો હતાં.

સ–'મી૦ એ.' સાથ તમને ધીમે ધીમે દોસ્તી થઇ ?

જ–હા. એ વખતથી. દોસ્તી શરૂ થઇ. અમે જુદાં જુદાં ખાણાંના મેળાવડાઓ, નાટકો અને 'ડાન્સ' (નાચ) માં સાથે જવાં લાગ્યાં.

ખાણાંના મોટા મેળાવડાઓ.

સ– " મી૦ એ. " કેવોક માણસ હતો ?

જ–મીસીસ રોબીન્સન ! ઓહ ! ઘણો ફાંકડો.

સ–પાછળથી તમારો સબંધ અનીતિમાન થયો કે ?

જ–હા.

સ–ચેપલ સ્ટ્રીટનાં મકાનમાં કે ? ડીસેંબરની શરૂઆતમાં કેમ ?

જ–હા.

સ–એ સમયે, તમે ન્યુટન સાથનો સંબંધ તોડયો હતો કે ?

જ–હા.

સ–'મી૦ એ' સીવાય બીજું કોઇ તમારાં ચેપલ સ્ટ્રીટને ઘેર આવતું કે ?

જ–હા. સેક્રેટરી, એડીકાં અને બીજા કેટલાક મિત્રોને અમો ખાણાંની મોટી પાર્ટીઓ આપતાં.

લોર્ડ ડારલીંગ–ન્યુટન કદી 'મી૦ એ.' ને તમારાં ચેપલ સ્ટ્રીટનાં મકાને મળતો કે ?

મીસીસ રોબિન્સન—નહિ. એક રાતે તે એડીકાંને ખાણાં વેળા મળ્યો હતો. તે એક સંદેશો લઇ આવ્યો હતો, અને કમનસિબે એ લોકોની સાથે તેની મુલાકાત કરાવવી પડી.

સ—તમે જાનેવારીની અધવચમાં શું કરવા માગતાં હતાં ?

જ—'મી૦ એ.' ની મુલાકાત થવા અગાઉ, મેં મેન્ટોન જવાનો વિચાર રાખ્યો હતો.

સ—પેરિસને માટે કાંઇબી ગોઠવણ થઇ હતી કે ?

જ—હા. 'મી૦ એ.' અને સેક્રેટરીએ કહ્યું કે, મીસીસ બીવન અને મારી સાથે તેઓ પારિસમાં ભેગાં થવા માગે છે.

સ—એવી સુચના કોણે કરી ?

જ—હું ધારૂં છું કે, તેઓએ સુચના કરી હતી.

હિંદુસ્તાન જવાનો પ્લાન.

મીસીસ રોબિન્સને જણાવ્યું કે, મેં પારીસમાં એક અડવાડીયું રહેવાનું મીસીસ બીવન સાથ નક્કી કર્યું હતું.

સ—એ પછી તમે શું કરવાનાં હતાં ?

જ—મેન્ટોન જવાનું અને પછી પાછું "મી૦ એ." ને મળવાનું.

સ—'મી૦ એ.' ને પાછું મળવાનું ?

જ—નાઇસમાં તેને તા૦ ૧૪ મી ફેબ્રુવારીએ મળવાનું નક્કી કીધું હતું.

સ—ભવિષ્ય માટે બીજી કાંઇ ગોઠવણો કરી હતી કે ?

જ—હા. હાઉસબોટો અને જુદી જુદી ચીજોની ગોઠવણ કરી હતી. મેં અને મીસીસ બીવને હિંદુસ્થાન જવાને ચોક્કસ ગોઠવણો કરી હતી.

સ—એટલે કે "મી૦ એ." ની રાખેલી તરિકે તું હિંદુસ્તાન જવા માગતી હતી?

જ—હા.

લોર્ડ ડાર્લીંગ—રાજવંશીની 'રાખેલી' તરિકે તું, અને તેના સેક્રેટરીની 'રાખેલી' તરિકે મિસીસ બીવન જવાની હતી, ખરૂં ને?

મિસીસ રોબીન્સન—જી હા.

લોર્ડ હૅાલ્સબરી—આ ગોઠવણ કરવાને તું ખુશી હતી?

જ—હા. મેં તેની સાથે જવાનું નક્કી કીધું હતું.

સ—ખરૂં જોતાં, મીસીસ બીવન સાથે તું પારીસ ગઇ હતી?

જ—હા.

સ—'મી૦ એ.' અને તેનો સેક્રેટરી તેજ દહાડે આવ્યા હતા કે?

જ—નહિં, વળતે દિવસે.

પેરીસના હોટેલમાં મીસીસ રોબીન્સન.

રાજા હરિસીંગ સાથે એકજ બીછાનામાં સુતેલી પકડાઇ.

લોર્ડ હૅાલ્સબરીની તપાસમાં મીસીસ રોબિન્સને નીચલી જુબાની આપી હતી:—

સ—તું કયાં રહી હતી?

જ—અમે બ્રાઇટન હોટેલમાં ઓરડાઓ રાખ્યા હતા. ત્યાં અમે એ રાત રહ્યાં. પછી અમને સંદેશો મળ્યો કે, એડીકાં પણ પારિસ આવે છે. એ પછી કોઇએ એવી સુચના કરી કે, અમારે બીજા હોટેલમાં ઓરડાઓ લેવા. કારણ કે તેઓ અમારી આબરૂને ખરાબ લગાડવા માગતા ન હતા.

સ—તમે કઇ હોટેલમાં ગયા?

જ—સેંટ જેમ્સીઝ એંટ સેંટ આલ્બની.

સ—નાતાલને દહાડે તમે બહાર ખાણું લેવા ગયાં હતાં ?

જ—હા. બીજે દહાડે સવારનાં ૬ વાગતા સુધી અમે ઘેર ગયાં ન હતાં.

સ—તમે હોટેલમાં તમારી રૂમે ગયાં હતાં ?

જ—હા.

સ—મી૰ એ. (રાજા હરિસીંગ) પણ તારી સાથેજ હતો ?

જ—હા.

સ—સવારના આઠ વાગતાને સુમારે, કાંઇ બન્યું હતું કે ?

જ—હા. મારાં બારણાં પર કોઇએ ટકોરો માર્યો. મેં ધાર્યું કે, મારી સખી મીસીસ બાવન અમને મળવા આવી છે. મેં મોટેથી પુછ્યું " લીલીઅન, તું છો કે ? "

મેં રૂમનું બારણું ઉઘાડ્યું. અને અચંબા સાથે મેં જોયું કે, ન્યુટન ત્યાં ઉભો હતો.

તેણે મને ધક્કા મારીને કહ્યું કે, " હવે મેં તમને પકડ્યાં છે. આ વિષે વધુ તને હવે માલુમ પડશે. "

ન્યુટન ' મી૰ એ. ' પાસે ગયો. તે બિછાનામાં સુતેલો હતો. તેની સાથે તેણે વાત કરી. તેણે શું કહ્યું એ મને માલુમ નથી.

" મી૰ એ. " એ મને કહ્યું કે, સેક્રેટરીને બોલાવ. હું પાછી આવી એટલામાં તો ન્યુટન ચાલ્યો ગયો હતો.

લંડન પાછાં જવાની દોડધામ.

સ—એમ કહેવાય છે કે, ન્યુટન જ્યારે આવ્યો, ત્યારે તેણે તારા ધણી તરિકે પોતાને જણાવ્યો, અને તેં એને એ મુજબ કબુલ રાખ્યો ? એ બાબત ખરી છે કે ?

જ—બીલકુલ નહિ.

સ—એ વખત સુધી તને કાંઈ માલુમ હતું કે, મી૦ એ. (રાજા હરિસીંગ) સાથેના તારા આડા વહેવારની ન્યુટનને ખબર હતી?

જ—નહિ.

સ—તને ખબર હતી કે એ પારિસમાં છે?

જ—નહિ. મને યાદ છે ત્યાં સુધી, હું એ વેળા મીસીસ બીવનનાં રૂમમાં ધસી ગઇ. તાબડતોબ લંડન જવાનું નક્કી થયું. ન્યુટન મારા ધણી પાસે પહોંચે, તે પહેલાં મારે પહોંચવું, એમ મેં નક્કી કર્યું.

"મી૦ એ." એ (રાજા હરિસીંગે) અમારી સાથે પોતાનો એડીકાં મોકલ્યો, અને તે (રાજા હરિસીંગ) પોતે અમને સ્ટેશનપર વળાવા આવ્યા હતા.

હું લંડન પાછી આવી, ત્યારે મારા ધણીનો પતો શોધી કાઢતાં મને ત્રણ ચાર દહાડા લાગ્યા. એ પછી આર. એ. સી. (રોયલ ઓટોમોબાઇલ કલબ) માં તેનો મને પત્તો મળ્યો. તે ભયંકર રીતે ગુસ્સે થયો હતો. મને માલુમ પડ્યું કે, ન્યુટન તેને મારી પહેલાં મળી ગયો હતો.

તેણે મને કહ્યું:—"મારે હવે તારી સાથે બિલકુલ લેવાદેવા નથી. હું તારી સામે છુટાછેડાનો કેસ માંડવાનો છું." અને તે પછી મોઢું ફેરવી, કલબમાંથી બહાર ચાલ્યો ગયો.

હું ધારૂં છું કે એક પખવાડીયાં પછી હું તેને મળી. અને અમારી સામે કેસ નહિ માંડવા મેં તેને વિનવ્યો.

"પૈસાનો વિચાર કરતા નહિ"

મેં સોગંદ ખાઇને કહ્યું કે, "એ માણસ સાથે મારે કોઇબી જાતનો સંબંધ નથી. હું તો માત્ર તેની સાથે મોજ કરતી હતી."

મારી સાથે એ હંમેશની માફક ગુસ્સે હતો, પણ તે જરા ઠંડો પડયો. મારી તરફ ફરીને તે બોલ્યો કે, "હું જાણું છું કે, તું ગુન્હેગાર છો. કારણ કે હોબ્ઝે મને કહ્યું છે કે, ૨૫૦૦૦ પાઉંડની ઓફર મળી છે જેથી સાબિત થાય છે કે, તું ગુન્હેગાર છો." મેં તેને કેસની માંડવાળ કરવા અને પૈસાની વાત પર લક્ષ નહીં આપવા કહ્યું.

મેં કહ્યું કે, "આમાંની એક પેનીને પણ તું અડકીશ તો તને ધિક્કાર છે." એમ કહીને હું ઓફીસની બહાર ચાલી ગઇ.

" ખુનની ધમકી. "

ન્યુટન નોટોનું બંડલ ઉંચકી ગયો તે પહેલાં થયેલી મારામારી.

" પછી અમને ટેલીફોનનો સંદેશો મળ્યો, તેમાં જણાવ્યું હતું કે, મને બેડફર્ડ સ્ટ્રીટ પર મળજે."

" મને નાણાંની ઓફરની વાતની ખબર પડી, એટલે મેં કાર્લટન હોટેલપર ટેલીફોન કીધો, અને સેક્રેટરીની મારફત મી૦ એ. (રાજા હરિસીંગ) સાથે સંદેશા ચલાવ્યા.

હું "મી૦ એ." ને મળી નહિ. તે તો બહાર હતો, પણ મને તેનો સંદેશો મળ્યો.

મીસીસ રોબિન્સને એ પછી હોબ્ઝની ઓફિસમાં થયેલા સીનનું વર્ણન કર્યું. ૨૫ હજારની નોટોનું પાર્સલ ટેબલપર મુકવામાં આવ્યું અને હોબ્ઝે તે ખોલ્યું.

તેણીએ જણાવ્યું કે, મારો ધણી ઘણો ગુસ્સે થયો હતો. તેણે મને કેવી ગાળો દીધી, તે હું અત્રે કહીશ નહિં.

" તેણે મને કેટલીક સુંદર ગાળ દઇને, 'બધી નોટો તું જ લે, એમ કહ્યું."

તેણે કહ્યું " હું જીવીશ ત્યાં સુધી ફરી તારી સામે જોવાનો નથી." એમ કહીને તે ચાલ્યો ગયો.

તે બહાર ગયા પછી હોબ્ઝે કહ્યું "અરે ! તું બિલકુલ ગભરા નહિ. એ બધું નક્કી થઇ ગયું છે. તેણે કેસ ખેંચી લીધો છે. બીજી કોઇ બાબતમાં તારે ફિકર કરવાનું નથી."

તેણે કહ્યું " હું આમાંથી મારા ખર્ચના ૪,૦૦૦ પાઉંડ લઇ લઇશ, અને બાકીની નોટો વીંટીને એક બંડલ કર્યું.

જજ=તમે તેને રસીદ આપી કે ?

મીસીસ રોબીન્સન–'નહી.' (હસાહસ)

એ વેળા મારા મગજમાં ભારે અકળામણ થઇ હતી. હું મારા હોટેલ પર પાછી ગઇ અને મારી સાથે નોટો લેતી ગઇ.

નાણાં માટે મારામારી.

એ પછી 'એડીકાં મને મળવા આવે છે,' એવો મને સંદેશો મળ્યો, એડીકાંને બદલે તો રૂમમાં ન્યુટન ચાલ્યો આવ્યો.

તેણે કહ્યું, "મને ખબર મળી છે કે, તારી પાસે કાંઇ નાણાં છે, એ બધાં નાણાં લઇને તું નાસી જવાની નથી, ખરૂંને ?"

જાન લેવાની ધમકી.

મીસીસ રોબીન્સને જણાવ્યું:—

તે નોટોનાં બંડલ સુધી ગયો. તેને અટકાવવાની કોશેષ કરી, પણ તેણે મને ઉચકીને રૂમની સામી બાજુએ ફેંકી અને કહ્યું:

" જો આ બાબત તું કોઇને પણ કહીશ, તો તો હું તારો જાન લઇશ."

" આથી મારી પાસે માત્ર ૧૧ હજાર પાઉંડ રહ્યાં." "મારાં મગજ પર એની ગંભીર અસર થઇ, અને મીસીસ બીવન સાથે ઇંગ્લાંડ છોડી જવાનો મેં ઠરાવ કીધો."

" હું ત્યાંથી નિકળી, તે અગાઉ મેં મારી માને ૧,૦૦૦, ૧,૦૦૦ પાઉંડની ત્રણ નોટો આપી. બીજા ૫૦૦ પાઉંડ તેને પોતાને રાખવા, અને બીજાઓની નાની નાની રકમો લેહેણી હતી, તે આપવા કહ્યું."

મેં મારા ધણીને પણ લખી મોકલ્યું, અને કેટલાંક નાણાં બીડયાં. બીજે દહાડે, આશરે એક અઠવાડીયું રહેવા હું પારિસ ગઇ."

"મી૦ એ." ને આવવાની કાંઇ ગોઠવણ થઇ નહીં, આથી હું મેન્ટોન ગઇ, અને ત્યાંથી મોંટેકાર્લો ગઇ, અને ત્યાં મી૦ એ. ને (રાજા હરિસીંગને) માટે તા૦ ૧૪ મી ફેબ્રુવારી સુધી રાહ જોઇ."

"અમે અમારાં હોટેલમાં જતાં હતાં, તેવામાં એક દુતે આવીને મારે ખભે હાથ મુકયો, અને મિસીસ બીવન સાથે મને એકદમ ચાલી નીકળવા જણાવ્યું."

"મી૦ એ." ને (રાજા હરિસીંગને) મેં એ પછી જોયા જ નહિ."

"મોંટેકાર્લોથી અમે પાછાં પારિસ આવ્યાં, અને ત્યાંથી ઘેર આવતાં, હું ગંભીર માંદગીથી પટકાઇ પડી."

" મારી તબીયત સંબંધી મારા ડાકટરે મારા ધણીને ખબર કરી. અને તે મને જોવા આવ્યો."

" ગમે તેવાં માણસો સાથ મેં અનીતિમાન જીંદગી ગુજારી છે, એ વાત ખોટી છે."

" મારી અને મી૦ મેકરસી અગર તો મી૦ યંગ વચ્ચે અનીતીમય વહેવાર હતો, એ વાત પણ ખોટી છે."

" કોઇ આવી સુચના કરે, તો તે હસી કાઢવા લાયક છે."

હોબ્ઝ સાક્ષીનાં પીંજરામાં.

ચેકો રજુ કરવા પાડેલી ના-બધાં કાગળીયામાં કોર્ટમાં રજુ કરવાનો જજનો હુકમ.

બીજે દહાડે સવાર તપાસ પાછી શરૂ થતાં, કોર્ટમાં કેટલાક અણધાર્યા પ્રસંગો બન્યા હતા.

મી૰ હોબ્ઝ કોર્ટમાં હાજર થયો હતો તેના પર ત્રણ ચેકો રજુ કરવાનો સમન્સ કાઢવામાં આવ્યો હતો.

લોર્ડ હૅાલ્સબરીએ તેને એ ચેકો રજુ કરવા કહ્યું.

મી૰ હોબ્ઝે જવાબ આપ્યો: "એ ચેકો મારી પાસ છેજ નહી."

જજના હુકમથી, હોબ્ઝ સાક્ષીના પીંજરામાં રજુ થગો.

જજ-સમન્સમાં ચોકસ દસ્તાવેજો રજુ કરવાનો તને હુકમ કરવામાં આવ્યો હતો કે?

હોબ્ઝ-હા સાહેબ. તેમ હતું ખરૂં.

જજ-તું એ દસ્તાવેજો લાવ્યો છે કે?

હોબ્ઝ-મેં એ કાગળીયાં આવતી કાલ સુધી એક સલામત જગાએ મુકયાં છે. મારી પાસે ચેકો નથી.

જજ-આવતી કાલે સમન્સમાં જણાવેલા બધા દસ્તાવેજો તું લેતો આવજે.

હોબ્ઝ-પણ ચેકો નહિ-કેમકે એ ચેકો મારી પાસે નથી.

લોર્ડ હૅાલ્સબરી-અમે તને ખાસ ચેકો રજુ કરવા સમન્સ આપીને બોલાવ્યો છે, બીજા કંઇ કામ સારૂં નહિ.

જજ-(હોબ્ઝને) એ ચેકો કયાં છે?

હૉબ્ઝ–એ ચેકો અને પાસ બુક કદીબી મારી પાસે હતાં, મને યાદ નથી.

જજ–આવતી કાલે તારે હાજર થવું, અને સમન્સમાં જણાવેલી દસ્તાવેજો રજુ કરવાં, અગર તો તે તારા કબજામાં કેમ નથી તેનો ખુલાસો આપવો.

હૉબ્ઝ–સમન્સમાં જણાવેલા દસ્તાવેજો મારી પાસ છે નહિ.

જજ–કાલે તારે તેનો ખુલાસો આપસો પડશે.

હૉબ્ઝ—મારા લૉર્ડ, એ તો મેં અત્યાર અગાઉ કહ્યું છે.

જજ—"જ્યારે એ સાક્ષીનાં પીંજરામાં આવે, ત્યારે એમાંથી જે ધારાશાસ્ત્રી મને અરજ કરશે, તેને હું એની (હૉબ્ઝની) ઉલટ પાલટ તપાસ લેવા દઇશ."

મી૰ હૉબ્ઝ એ પછી સાક્ષીનું પિંજરૂં છોડી ગયો.

"મી૰ એ."નું નામ ગુપ્ત રાખવાનાં કારણ.

કોર્ટમાં લોર્ડ ડાર્લિંગનો ખુલાસો.

"મી૰ એ." રાજા હરિસીંગ છે, એવો ભેદ પાછળથી બહાર આવ્યો હતો. તેનું નામ ગુપ્ત રાખવાનાં કારણો દર્શાવતાં, લોર્ડ ડાર્લીંગે જણાવ્યું કે:—

"આ કેસે ઘણું મોટું ધ્યાન ખેંચ્યું છે, તેથી મારે કહેવું જોઇએ કે, "મી૰ એ." એક ઉંચી પાયરીના આદમી છે, એટલા ખાતર કાંઇ આ કેસમાં તેઓનું નામ ગુપ્ત રાખવામાં આવ્યું નથી."

"એ કાંઇ તેનું ખરૂં કારણ નથી. એ તો બીજાં કારણોસર જે કારણોને દરજ્જા સાથે કાંઈ લાગતુંવળગતું નથી, પણ અમુક સરકારી કારણસર આ માર્ગ અખત્યાર કરવામાં આવ્યો છે.

"આ રાજવંશી જ્યાં રહે છે, તે મુલકમાં નાલેસી નહિ થાય, એ ઘણું અગત્યનું છે, અને માત્ર તે કારણસરજ, હું એનું નામ છુપું રાખવા દઉં છું.

"બીજું એડીકાંનું રાજાના અમલદારનું–નામ માત્ર 'એડીકાં' તરિકે જણાવવામાં આવે છે, તેનું કારણ એ છે કે, તેનું નામ જો જાહેર કરવામાં આવે, તો પછી આ રાજવંશી કોણ છે તે શોધી કાઢી શકાય."

"મોજમજા અને ગુલતાન."

પોતાની ધણીઆણીની પારીસની સહેલ બાબત, ન્યુટન સાથે રોબીન્સનની મુલાકાત.

કેસની તપાસ લંચ પછી પાછી શરૂ થતાં, સાંભળવા આવનારાં લોકોથી કોર્ટ ખીચોખીચ ભરાઇ ગઇ હતી. કોર્ટની બહારના કઠેરાઓમાં પણ લોક ખીચોખીચ ભેગું થયું હતું.

જજની ગેલેરી પણ બાનુઓથી ચીકાર ભરાઇ ગઇ હતી.

જવાબદાર મિડલેંડ બેંકના ધારાના હીમાયતી. સર જોન સાઇમને કે. સી. (કીંગ્ઝ કાઉનસલે) મી૦ રોબીન્સનની વધુ તપાસ લીધી હતી.

મી૦ રોબીન્સને જુબાનીમાં નીચે મુજબ જણાવ્યું હતું.

સ–"પારિસ હોટેલમાં તારી સ્ત્રી અને "મી૦ એ." ભેગા સપડાયાં તેને ત્રીજે દહાડે ન્યુટને તને ટેલીફોનથી બોલાવ્યો, તે વેળાએ શું બન્યું તે વિષેના તારા હેવાલપર સંભાળભર્યો વિચાર ચલાવવાનું હું તને જણાવું છું.

મી૦ રોબીન્સને જણાવ્યું કે, ન્યુટને મને ટેલીફોનથી બોલાવ્યો અને અમે એક કલબમાં મળ્યાં.

સ—ન્યુટને એ વેળા તને કહ્યું, તે અમને બરાબર જણાવ.

જ—મી૦ ન્યુટન કલબમાં મને મળવા આવ્યો અને મને કહ્યું કે, "તારી ધણીઆણી તો મોજમજા અને ગુલતાન કરે છે. તારી સ્ત્રી પારીસમાં લહેર ઉડાવે છે, અને એ વાતની બધાંને ખબર છે.

"મેં તેને ખરેખરૂં કહેવા કહ્યું. મેં પુછ્યું "તું જે કહે છે, તેની તને ખાત્રી છે કે?"

તેણે કહ્યું એ વાત પારીસમાં બધા જાણે છે. એ લોકો તો હાલ રંગરાગ માણે છે.

મેં કહ્યું. "તને તેની ચોક્કસ ખાત્રી છે?"

તેણે મને ફરીથી એ વાત કહી.

મેં કહ્યું. "જો એવું બન્યું હોય તો પછી, તું એના પર જે બાબતનો આરોપ મુકે છે, તેની વધુ બાતમી લાવી શકીશ?"

તેણે કહ્યું "એમાં કાંઇ મુશ્કેલી છે નહિ. એ વાત આખું ગામ જાણે છે. ખરૂં પુછો તો ખુદ "મી૦ એ." ના એડીકાંએ પણ એ બાબત ખરી છે, એમ મારી પાસે જણાવ્યું."

મેં કહ્યું. "મી૦ હોબ્ઝની બાબતમાં તો એમ છે કે, હું તેની પાસે જવાનું પસંદ કરતો નથી, કારણ કે ઘણાં વરસ અગાઉ—ઘણું કરીને ૨૦ વરસ પહેલાં—મારે અને તેને થોડીક ચકમક ઝરી હતી."

"પણ તેણે મને તેની પાસે જવાને સમજાવ્યો."

બ્લુમફીલ્ડ કે રોબિન્સન?

તા૦ ૨૮ મી સપ્ટેંબરે ન્યુટને હોબ્ઝ સાથે મી૦ રોબીન્સન તરિકે મારી ઓળખાણ કરાવી.

રેસીંગ (સરત) નાં કામકાજમાં મારૂં નામ ચાલર્સ બ્લુમફીલ્ડ રાખ્યું હતું, અને હોબ્ઝે ૧૯૨૧ ની સાલમાં મને ૪૦ પાઉંડ ધીર્યા, ત્યારે તે મને બ્લુમફીલ્ડ તરિકે ઓળખતો હતો.

સ–તેણે તને એમ કહ્યું, " બ્લુમફીલ્ડ, કેમ છો ? મી૦ રોબિન્સન તને મળવાથી હું ઘણો ખુશી થયો છઉં ? " (હસાહસ)

જ–હું ધારૂં છઉં કે, મારૂં ખરૂં નામ જાણીને તેને અચંબો લાગ્યો હતો, અને મેં તેનો ખુલાસો આપ્યો.

જજ–એપલટનના પેઢી તરફથી તારી ઉપર કાંઇ બીલ આવ્યું હતું?

રોબીન્સન–કદી નહિ.

સ–તેં તેઓને કાંઇ આપ્યું છે ?

જ–નહિ.

સર જોનસાઇમન–આશરે ત્રણ દહાડા પછી, તારી ધણીઆણી તને મળી ? તેનાં સંબંધી આવા ભયંકર ખબર સાંભળ્યા પછી, તમારી એ પહેલી મુલાકાત હતી ?

રોબીન્સન–હા.

સ–તેં તેને એ બાબતના સંબંધમાં કાંઇ પુછ્યું કે ?

જ–"મી૦ એ." (રાજા હરિસીંગ) સંબંધી મેં જે વાત સાંભળી હતી તે મેં તેને કહી. તેણે કહ્યું કે, એ વાત ખોટી છે.

સ–એ વાતની તારી ખાત્રી છે, એમ તેં જ્યારે કહ્યું, ત્યારે તારી સ્ત્રીએ શું કહ્યું ?

જ–અમારે થોડી બોલાચાલી થઇ, પણ એ વાતચીત હું અત્રે કહી શકતો નથી.

સ–તેં એને કહ્યું નહીં કે, "તું પારીસની હોટેલના એક સુવાના રૂમમાં "મી૦ એ." (રાજા હરિસીંગ) સાથે સુતેલી પકડાઇ ગઇ છો ?"

જ—મેં એમ નહીં કહ્યું.

સ—એ વેળા તને એની ખબર હતી?

જ—નહીં.

સ—તને હવે ખબર છે કે, આ સ્ત્રીના ધણી તરીકે પોતાને ઓળખાવી, ન્યુટન તેઓના સુવાના ઓરડામાં ગયો—અને "મી૦ એ." (રાજા હરિસીંગ) ને છટકામાં સપડાવ્યો?

જ—નહીં.

સ—તું શું જુરીને એમ કહે છે કે પારિસની હોટેલના એ સુવાના ઓરડામાં. "મી૦ એ." ની સાથે તારી સ્ત્રી સુતી હતી, એ વાત ખરી કે ખોટી, એ તું જાણતો નથી?"

જ—મને માલુમ છે ત્યાં સુધી, હું જાણતો નથી, અને એ બાબતની ખુદ મારી પાસે હાલ કાંઇ જુબાની નથી.

સ—મીસીસ રોબિન્સને હજી સુધી કદી તને જણાવ્યું નથી કે, તેણી "મી૦ એ." સાથે હતી?

જ—નહિ.

"તેણી જયારે માંદી પડી, ત્યારે એ બાબત સંબંધી કાંઇબી નહિ બોલવું, એમ તેણે મને કહ્યું હતું. એ પછી "મી૦ એ." અને તેણીની વચ્ચે શું બન્યું, તે વાત મેં કદિ ઉચ્ચારી નથી.

લોર્ડ ડાર્લીંગ—તું એ વાત માને છે?

રોબિન્સન—એ વાત હું માનું છઉં કે નહિ. તે હું કહી શકતો નથી.

સ—હું ધારૂં છું કે, તેં જયારે કહ્યું કે, "હું તેણીની સાથે છુટાછેડા કરીશ." ત્યારે તું એ વાત માનતો હતો?

જ—એ વેળા હું માનતો હતો.

સ—હવે તું એ માને છે કે ?

જ—એમ હતું. એવી દરેક જુબાની છે.

" ૧,૫૦,૦૦૦ સાબિતીઓ. "

સર જોન સાઇમન—એમ જણાવવાની સાથી સારામાં સારી કઇ જુબાની છે, એ મને કહે.

રાબિન્સન-કોઇ જુબાની સંબંધી ખાસ હું કહી શકતો નથી.

લોર્ડ ડાર્લીંગ-હું શું ધારૂં છઉં, તે હું તને કહું છું. એની ૧,૫૦,૦૦૦ જુદી જુદી સાબિતીઓ છે-૧,૫૦,૦૦૦ પાઉંડ.

સર જોન સાઇમન-"એ લોકોને મેં પકડયાં છે, અને પારિસ જવાને તારી બાનુ ઉપડી તે અગાઉનો હું જાણતો હતો કે એક છટકું મુકવામાં આવ્યું છે," એમ તને ન્યુટને તા૦ ૨૭ મી ડીસેંબરે એટલા ખાતર જ નહિં કહ્યું હોય ?

રાબિન્સન—હું એ વાતનો ભાર મુકીને ઇન્કાર કરૂં છું. જો વાત એમ બની હોત. તો હું અહિંઆ કોર્ટમાં કેસ માંડવા આવત નહિ.

સ—તા૦ ૨૭ મી અગર ૨૮ મી ડીસેંબરે, અગર તો તારી ધણીઆણી તને મળી તે પહેલાં, ન્યુટને તને કહ્યું નહિ, કે સુવાના ઓરડામાં બંને જણને મેં પોતે સાથે સુતેલાં જોયાં ?

જ—તેણે કદી એવી વાત કરી નથી. હું એ સોગંદ ઉપર કહું છું.

" છ બદમાશો. "

" કાવતરાંની અંદર કાવતરૂં-" સર જોન સાઇમનનો ઇસારો.

સાઇમને વધુ સવાલો કરતાં પુછ્યું:

"ત્યારે તારો શું એવો મત છે કે, એક કાવતરૂં-તને લુંટવાનું કાવતરૂં-રચાયું હતું ?

જ–આ કેસ જેમ આગળ ચાલશે તેમ જણાશે કે કાવતરૂં હતું. સર જોન, એ વાત જેમ મને ખુલ્લી જણાય છે, તેમ તમને પણ જણાય છે. (હસાહસ)

સર જોન–એ શું હતું એ હું તને કહું. હું ધારૂં છું કે, "કાવતરાંની અંદર એક કાવતરૂં" હતું.

હું એમ કહેવા માગું છું કે, બધા મળીને છ બદમાશો હતા. અને તેમાંનો તું એક હતો, અને લુચ્ચાઓએ અંદર અંદર માનથી વર્તવાને બદલે, તમારી વચ્ચે ઝઘડો થયો, અને આ નાણાંના ભાગ સંબંધી તારી સાથે છેતરપીંડી રમાઇ.

જજ–એ જરા હલકટ જેવું દેખાય છે. (હસાહસ)

"રાજાને ઓળખ્યો હતો કે?"

એ પછી પારિસમાં પોતાની ધણીઆણીની ચાલચલણ સંબંધમાં રોબીન્સનને ન્યુટને શું શું હકીકત કહી, તે જણાવવાને સર જોન સાઇમને રોબીન્સન પર પાછું દબાણ કીધું.

સ–"મી૦ એ." ના દરજ્જા વિષે તેણે કાંઇ કહ્યું હતું?

જ–મી૦ હોબ્ઝ પાસેથી, મને તેની પહેલવહેલી ખબર હતી.

સ–તમે એ બાબત વીગતવાર ખુલાસો કરો.

જ–એ માણસ કોણ હતો તેની મને ચોક્સ ખબર તેણે આપી નહી. એ ખબર મને ધીમે ધીમે મળી.

પહેલાં તો તેનાં નામનો બીજો ભાગ મને કહેવામાં આવ્યો. પણ ત્રીજો ભાગ જાણ્યો, ત્યાં સુધી એ આસામી કોણ હતો, એ હું ચોક્કસ સમજી શક્યો નહિ.

લોર્ડ ડાર્લીંગ—ત્યારે એ નામ ત્રણ ભાગમાં છે

રોબિન્સન—હા. એણે મને એ આસામી કોણ છે તે કહ્યું, ત્યાં સુધી હું અજબ થયો નહિ.

સર જોન સાઇમન—તા૦ ૧૦ મી જાનેવારી સુધી તને ખબર પડી નહિં કે, તે તો નાણાંની જંગી રકમ આપી શકે તેમ છે?

રોબિન્સન—નહિ. એ સવાલ સાથે મારે લાગતુંવળગતું ન હતું, મને એમ કહેવામાં આવ્યું કે, એ આસામી નાણાંની મોટી રકમ આપી શકે તેમ છે.

સ—ત્યારે તને હવે સમજાય છે કે, એ દરજ્જાનો માણસ જેનું નામ સરકાર દરબારનાં કારણસર રજુ કરવામાં આવ્યું નથી, તે નાણાં કઢાવવાં માટે, પહેલા નંબરનો માણસ ગણાય?

જ—હા. હું પણ તેમ ધારૂં છું.

સ—કોનું બલિદાન લેવાનું હતું, એવી તને પહેલાં જ્યારે ખબર પડી, ત્યારે તેં પૈસા લેવાનો વિચાર કર્યો, ખરૂં કે?

જ—નહિં.

સ—તને એમ ખબર પડી કે. આ આસામી એવો છે કે, જે પોતાનું નામ જાહેરમાં નહિ આવે તે ખાતર કંઇમી કરે એવો હતો. તે વેળાએજ તારૂં સમાધાન કરવાને અમુક નાણાં આપવાની વાત થઇ, એ ખુલ્લું છે.

જ—મી૦ હોબ્સે જણાવ્યું કે, આ કેસની સમજુતિ થઇ જાય તો ઘણું સારૂં.

"નાણાંની વાતથી મારાં મનપર કાંઇ અસર નહિ થઇ. હું તો મારી સ્ત્રી સાથે છુટાછેડા કરવા માગતો હતો. તેણે મને આ માણસના દરજ્જાની વાત કરી, અને મેં એ સંબંધી વીચાર કરી જોયો."

'કોઇ પણ જાતનાં ભોપાળાં બહાર ન પડે એવી ઇચ્છાથી મેં કહ્યું," ઠીક છે, હું જો આ નાણાં લઉં, તો હું તે મારી સ્ત્રીને આપી દઉં છું. "મેં એ મુજબ તેને ફરમાસ કરી."

"મી૦ એ." ની સ્થીતી મેં ધ્યાનમાં લેવા પછી, એ કેસની માંડવાળ કરવાનો મેં ઠરાવ કીધો.

જો એણે મારી ધણીઆણી સાથે ખરાબ ચાલ ચલાવી હોય તો પછી એ રકમ આપવી તેને માટે કાંઇ ઘણી મોટી ન કહેવાય અને મારી સ્ત્રી ભલે તે લે, એમ મેં નક્કી કર્યું.

સ–તારી ધણીઆણી તને બેવફા થઇ, તેથી તેની સાથે છુટાછેડા કરવા કે નહીં, એ બાબતમાં તને કાંઇ શંકા હતી, તે આથી દુર થઇ?

જ–હા.

સ–તું હવે એમ ધારે છે કે, તે તને બેવફા થઇને, "મી૦ એ." ની સાથે બદચાલ ચલાવતી હતી?

જ–હાલ જે જુબાનીઓ પડી છે, તે ઉપરથી હું એમ ધારૂં છું.

સ–"મી૦ એ." ની સાથે પ્યારમાં પડી, તારી ધણીઆણી તને બેવફા થઇ છે, એમ તારી છેવટની ખાતરી કયારે થઇ?

જ–ખુદ તેણીનો એકરાર મને મળ્યો ત્યારે. જયારે જુન મહિનામાં આ કેસ મેં માંડયો, ત્યારે તેણે એકરાર કર્યો, ત્યાં સુધી નહીં. 'એડીકાં' મારી પાસે આવ્યો, અને પછી મેં તેની પાસેથી એકરાર મેળવ્યો તેમાં એ બધી વાત ખરી હતી, એમ તેણે ખુલ્લી રીતે કબુલ કીધું હતું.

સ—તો પછી, એક કલાક અગાઉ તેં શા માટે સોગંદ ખાધા ?

જ—મારી પાસે કાંઇ જુબાની નથી કે, મારી સ્ત્રીએ "બી૦ એ." (રાજા હરિસીંગ) સાથે બદચાલ ચલાવી હતી. મેં મારી સ્ત્રીને મોઢે એવું કદી સાંભળ્યું નથી, તેમ તેની સાથે એ બાબત ચર્ચા કરી નથી.

મી૦ રોબિન્સને ખુલાસો કરતાં જણાવ્યું કે, હું તે વેળા ચોક્કસ વખત વિષે બોલતો હતો, એ સમય સુધી મારી સ્ત્રી સાથે આ બાબત વિષે મારે વાતચીત થઇ ન હતી.

લોર્ડ ડાર્લીંગ—મેં તને પુછ્યું હતું કે, તું તે આડે માર્ગે ચાલી હતી એ વાત માને છે કે નહિ ? અને હાલ તું એમ કહે છે કે, છેક ગયા જુનમાં તો તેણીએ તે બાબતનો તારી પાસે એકરાર કીધો હતો.

રોબિન્સન—જો મને એજ સવાલ પુછ્યો હત, તો હું એજ જવાબ આપત. હું કોઇ પણ બિનાઓ છુપાવવાની કોશેષ કરતો નથી. આડે રસ્તે દોરવનારા સવાલને લીધેજ, મેં સરતચુકથી જવાબ આપ્યો છે.

"મને તેણીની બદચાલની પહેલવહેલી ખબર એડીકાં સાથેની મુલાકાત વેળા પડી. એ વેળાએ મારી સ્ત્રીને મેં એ બાબતમાં ઉધડી લીધી. અને તેણીએ પોતાની બદચાલ કબુલ કરી દીધી.

સ—તું ધારે છે કે, તારી સ્ત્રીની ગેરઆબરૂની જાહેરાત ફેલાવવાની કિંમત ૧॥ લાખ પાઉંડ (૨૨॥ લાખ રૂપિયા) છે કે ?

જ—નહિ. હું તો એમ ધારૂં છું કે, નાણાં કઢાવવાનાં કોઇ પણ કાવતરાંમાં, સ્ત્રીના અગર તો મારા ભાગ સંબંધમાં અમને દોષ મુક્ત ઠરાવવાનો મને હક્ક છે.

લોર્ડ ડાર્લીંગ—૧૯૨૩ના જુન મહિનામાં જ્યારે 'એડીકાં' એ તને આ બાબત કહી, ત્યાં સુધી તને તારી સ્ત્રીની બદચાલની પુરેપુરી ખાત્રી ન હતી ?

રોબિન્સન—તેણીએ મારી પાસે કદી ગુન્હો કબુલ કીધો ન હતો.

સ—જ્યારે તેણે તને કહ્યું કે, "મી૦ એ." (રાજા હરિસીંગે) ૨૫,૦૦૦ પાઉંડ નહિ, પણ ૧,૫૦,૦૦૦ પાઉંડ (૨૨॥ લાખ રૂપિયા) આપ્યા છે, ત્યારે એ ઉપરથી તારી પુરેપુરી ખાત્રી થઇ. તે વેળાએ તેં તારા મન સાથે એવો વિચાર કર્યોને કે, જે માણસ ગુન્હેગાર ન હોય, તે ગુન્હો છુપો રાખવા માટે ૧॥ લાખ પાઉંડની રકમ આપી દે નહિ, ખરૂં કે ?

જ—હા.

જુગારમાં પરાક્રમો.

ફ્રાંસમાંથી દેશપાર કરવાનો હુકમ થવા અગાઉ નાસી જવાની રોબિન્સનની 'ના.'

સર જોન સાઇમન—તારો એવો મત છે કે, અમુક વાત છુપી રાખવા માટે, કોઇ માણસ ૧,૫૦,૦૦૦ પાઉંડ આપે ?

રોબિન્સન—હું તેનાં તરફ એ વીચારથી જોતોજ ન હતો.

સર જોન—તેં જ્યારે ૨૫,૦૦૦ પાઉંડ લેવાને કબુલ કીધું ત્યારે "મી૦ એ." ગુન્હેગાર હતો. એવી તારી પાસે બીલકુલ સાબીતી ન હતી?

જ—હા—જે મને કહ્યું, તે ઉપરથી હું પગલાં લેતો હતો.

સ—અને જ્યારે ૨૫ હજાર પાઉંડની રકમ રજુ કરવામાં આવી. ત્યારે તારી સ્ત્રીએ ગુન્હો કર્યો હતો, એમ તું માનતો ન હતો ?

જ—એ બાબતમાં કાંઇક ખરૂં હોવું જોઇએ, એમ મેં કહ્યું.

સ—પૈસો વાત કરે છે, ખરૂં કે ?

જ—આ કેસમાં તો એ વાત ખરી છે.

સ—તા૦ ૧૭ મી જાનેવારીએ હોબ્સે ન્યુસપેપરમાં વિંટાળેલું એક પારસલ મેજ ઉપર મુકીને કહ્યું, "આમાં ૨૫ હજાર પાઉંડની નોટો છે ખરૂં ?

જ—હા.

સ—એના તરફ તિરસ્કાર બતાવ્યા પછી તેં કહ્યું કે, "એ નાણાં મારી સ્ત્રીને આપજો." અને પછી તું રૂમમાંથી ચાલ્યો ગયો ?"

જ—હા.

સ—એ માંડવાળ રમુજી હતી, ખરૂં ?

જ—હું એમ નથી ધારતો. મને લાગેવળગે છે ત્યાં સુધી, તો તે કુદરતી હતું.

સ—એ નાણાં લેવાની તારી કાંઇ ઇચ્છા ન હતી જેથી તેં તે તારી ધણીઆણીને આપવા જણાવ્યું ?

જ—મેં મીસીસ રોબીન્સનને કહ્યું કે "એ નાણાં લેવા માટે હું તને અહિં લઇ આવ્યો છું."

સ—તેણીને એ નાણાં મળ્યાં, તે પહેલાં તું રૂમમાંથી ચાલ્યો ગયો ? તું તેણીને હોબ્સની સાથે છોડી ગયો ?

જ—હા. મેં તેણીને કહ્યું કે, "નાણાં લઇ લે, હું ફરીથી તારૂં મોઢું જોવા માંગતો નથી."

સ—તને ખબર છે કે, રોવન નામનો શખ્સ, જે તારા લગ્નમાં સાક્ષી હતો, તે તો પાનાની રમતમાં દગો ફટકો કરનાર તરીકે નામચીન થયેલો છે ?

જ–મને તેની ખબર નથી.

સ–૧૯૦૪ ની સાલમાં જુગારખાનું રાખવા માટે, તને દંડ થયો હતો?

જ–મારા એક મીત્રની ઇચ્છાથી, મેં એક જુગારખાનાની નવી કલબ ખુલ્લી મુકાતાં, તેની મુલાકાત લીધી હતી.

"થોડાક વખત સુધી હું જુગારી હતો. ૪૦૦૦ થી ૫૦૦૦ પાઉંડ જુગાર રમવામાં જીતવા, એ મારે માટે સાધારણ હતું, અને હું ઍકને માટે બી બિડ મુકતો હતો.

"જુગારખાનાં પર દરોડો પાડવામાં આવ્યો અને પોલીસ કલબની સામે ગુન્હો પુરવાર કરવા માગતી હતી. તેઓએ મને કલબના બૅંકર તરિકે ઉભો કર્યો.

"એ કેસ મી૰ પ્લાઉડનની કોર્ટમાં ચાલ્યો, અને તેણે એ કેસને તદ્દન નજીવી બાબત ગણી, અને એની માલેકીની મને કાંઇબી ખબર નથી. એમ જણાવી મને છોડી મુક્યો."

સ–હોલેંડમાં ઘોડદોડની શરતની દગાબાજીભરી ટીકીટો ચલાવવા માટે, "ટ્રુથ" પત્રમાં તારી સામે હુમલો થયો હતો કે?

જ–મારી જીંદગીમાં કદી પણ નહિ.

શરતની લોટરી શરૂ કરવા માટે, ૧૯૦૭ માં હેગ ખાતે જનાર હું પહેલો હતો. હું મારા નામનાં આસામીને ઓળખું છું, જે હાલ જન્મકેદની સજા ભોગવે છે, પણ શરતના ધંધામાં અમે દરેક જાતનાં માણસોનાં સંબંધમાં આવીએ છીએ.

સ–૧૯૦૮ માં તને પારિસની પોલિસ સમક્ષ રજુ કરવામાં આવ્યો હતો?

જ–પારિસની પોલિસની મુલાકાત લેવા, મને જણાવવામાં આવ્યું હતું.

સ–ફ્રાંસમાં જુગાર રમવા સંબંધમાં, દગાદભરી ચાલચલણ ચલાવવા માટે પોલિસને તારા ઉપર શક હતો કે ?

જ—નહિ.

સ–અને પોલીસ તરફથી તને દેશ બહાર કાઢવાનો હુકમ થયો, તે પહેલાં તું નાસી ગયો ?

જ—મારી આખી જીંદગીમાં, હું કોઇ જગાએથી નાહસી ગયો નથી, મારી વિરૂદ્ધ જાય, એવું કાંઇ મેં કીધું નથી. ફ્રાંસ જવાને હું તમારી જેટલોજ સ્વતંત્ર છું.

બેંકમાં પૈસા ન હોવા છતાં ચેકો આપી ઠગવાની બાજી.

સર જોન સાઇમને સવાલ પૂછ્યો:–

“ આ ૧૫૦ પાઉંડના ચેક સંબંધી તું શું જાણે છે ? એનાં પર તારી સહી છે ?

રોબિન્સન—પાનાની એક ચોક્કસ રમતમાં, નાણાંને બદલે મેં એ ચેક આપ્યો હતો.

સ–“દેશમાં એક પણ બેંક એવી ન હતી, જ્યાં તારા ૧૫૦ પાઉંડ જમા હતા, તે છતાં તેં ૧૫૦ પાઉંડના આ કાગળીયાંપર સહી કરી ખરૂં કે ?

જ—હું જણાવીશ કે, તમારૂં કહેવું ખરૂં હોવાનો ઘણો સંભવ છે, પણ હું કાંઈ ચોક્કસ કહી શકતો નથી.

વધુમાં રોબિન્સને જણાવ્યું કે, “ આથી પણ આગળ વધીને હું જણાવીશ કે, એ કાંઇ પ્રમાણીક રમત ન હતી, અને ગમે તે રીતે ચેક લખ્યો હોય, પણ તે રમતને માટે ચાલે તેમ હતો.”

"લોકો ઠગાઇ કરતાં હતાં, અને જે કોઈનાં નાણાં લેહેણાં રહે, તેની પતાવટ માટે એ ચેક લાયક હતો."

સર જોન—"એક પાઇ પણ દેવાની ઇચ્છા વિના તેં આ ૧૫૦ પાઉંડનો ચેક આપ્યો ખરૂં કે?

જ—બરાબર. એ વાત ખરી છે. એ બાબતમાં, હું કોઈ પણ રીતે આંખમીંચામણાં કરતો નથી.

જજ—તેઓએ તારી સાથે ઠગાઇ ચલાવી?

રોબિન્સન-બેશક, એ રમત ઠગાઇનીજ હતી.

સ-તેઓ તારી પાસેથી એક પાઈ પણ લઇ ન જાય, એવી તેં ગોઠવણ કરી?

જ-બરાબર છે.

સર જોન સાઇમન—૧૯૨૧ માં, તમે હોલીંગવર્થ નામનાં માણસને છેતર્યો, એ વાત ખરી કે?

જ—હા, એ વાત ખરી છે. વારંવાર મારે પણ એમજ ખમવું પડયું છે.

સ-કેંપ નામના બુકમેકરને તેં ઠગ્યો કે?

જ-કેંપ મારી પાસે નાણાં માગે છે, તેમ કેંપને બીજાં લોકોનું કરજ છે.

સ્ત્રીને માફી આપી અને તેની બદચાલ ભુલી ગયો!

"હું જો કેસ જીતું તો મારી સ્ત્રીને ૧,૨૫,૦૦૦ પાઉંડ આપી દઉં."

મા૦ રોબિન્સને જણાવ્યું કે, આ સાલમાં તા૦ ૫ મી ફેબ્રુવારીથી તા૦ ૫ મી મે સુધી, નાઇટસબ્રિજ ખાતેનાં મકાનમાં હું મારી સ્ત્રીની સાથે રહ્યો હતો.




સર હરિસીંગ જુદા જુદા ડ્રેસમાં.

Krishna Press, Bombay, 2.







મીસીસ બ્રિવન.

મીસીસ રોબીન્સન
મોજમજાહનાં દિવસોમાં

સર હારસીંગના હસ્તાક્ષર.

Krishna Press, Bombay 2.

સર જોન સાઇમન–પણ "મી૦ એ." સાથ તેણીએ ઘોંટાળો કીધો, એવું તેણીએ તારે મોઢે કબુલ કીધું, તે પછી તું એની સાથે રહ્યો?

જ—હા, બરાબર. ગઇ સાલના જુનમાં તેણે બદચાલનો એકરાર કીધો હતો.

સ—ત્યારે પછી તેં મીસીસ રોબિન્સન સાથે રહેવાનું કેમ બંધ નહીં કીધું?

જ—તેની સાથે મારે દોસ્તી શા માટે નહિ રાખવી, તેનું હું કાંઇ કારણ જોતો નથી.

સ–તેં તેણી સાથે કજીઓ નહિ કીધો?

જ-નહીં. હું તેની સાથે મીત્રતાથી વર્તતો. બીજા ઘણાં માણસોએ દોષિત સ્ત્રીઓ તરફ જેવી વર્તણુક ચલાવી છે, તેવી મેં પણ ચલાવી છે. મેં તેની બદચાલ માફ કરી છે, અને હું તે ભુલી ગયો છું.

સ–તારી સ્ત્રી જુન માસથી ઓગસ્ટ સુધી ઓસ્તેંડ હતી?

જ–હા.

સ–ત્યાં તે યંગ નામનાં માણસ સાથે ગઇ હતી?

જ–હું ધારૂં છું કે, તે ગઇ હતી. તે તેણીનાં બિઝનેસનો મેનેજર છે, અને મારા મન મુજબ, તેનો ઘણો લાયક સ્વભાવ છે.

"ચોરેલાં નાણાં."

જજ—જો તારો એવો મત હોય કે, ૧,૫૦,૦૦૦ પાઉંડ (૨૨॥ લાખ રૂપિયા) આપી જવામાં, "મી૦ એ." એ (રાજા હરિસીંગે) ખોટું કર્યું, તો પછી એ નાણાંનો દાવો કેમ કરે છે?

જ–કારણ કે, મારે નામે એ નાણા આપવામાં આવ્યાં છે.

સ—જો એ નાણાં મળે તો તું તેનો ટ્રસ્ટી તરીકે રહી, મી૦ એ. (રાજા હરિસીંગ) ને તે પાછાં આપે?

જ–પહેલાં તો એમ કરૂં નહિ,

સ–તારાં કહેવા મુજબ, એ "ચોરેલાં નાણાં" છે. હવે તારાં કમનશીબે તને ૨૫૦૦૦ પાઉંડ મળ્યા, અને તેં તારી સ્ત્રીને આપી દીધા. હવે જે નાણાં "મી૦ એ." (રાજા હરિસીંગ) પાસથી લુંટી લીધાં હતાં, તે ૧,૨૫,૦૦૦ પાઉંડ બેંક પાસેથી મેળવવાનો તું દાવો માંડે છે ?

જ–હા. એમાં લુંટનો કાંઇ સવાલજ નથી.

સ–તને એ નાણાં મળે તો તે તું "મી૦ એ." ને પાછાં આપવા માગે છે ?

જ–નહીં. એ નાણાં મારી સ્ત્રીનાં નામે ચઢાવી આપવા માંગું છું.

સ–પિટરને લુંટી પોલને આપવાનું તે કદિ સાંભળ્યું છે ?

જ–હા.

સ–તું ધારે છે કે, કોઇબી આબરૂદાર સ્ત્રી એવાં નાણાં લેશે ?

જ–તેણીની સામે મુકાયલા આક્ષેપોથી તેને દુઃખ ભમતું પડ્યું છે. એ હું જાણું છું.

મિસીસ રોબિન્સન અને ધારાશાસ્ત્રી વચ્ચે આખો દહાડો દ્વંદ્વ યુદ્ધ.

તેણીએ "મી૦ એ." (રાજા હરિસીંગ) ને છટકામાં સપડાવવાનો ઈનકાર--અંદરથી નહીં વાસેલું બેડરૂમનું બારણું.

તા૦ ૨૧ મી નવેમ્બરનો લગભગ આખો દહાડો દેશી રાજવંશી સાથેના પ્યારથી ઉભા થયેલા કેસમાં, મિસીસ રોબીન્સનની ઉલટ તપાસમાં ગયો હતો.

તેણીએ કબુલ કીધું કે, 'મી૦ એ.' પારિસમાં મારી સાથે સુતેલો પકડાયો, એ પછી નાઇસમાં (ફ્રાંસમાં) હું પુષ્કળ નાણાં ખર-

ચતી હતી. કેટલાંક નાણાં તે જુગારમાં જીતી હતી, એમ તેણે જણાવ્યું હતું.

સર જોન સાઇમને લંબાણ તપાસ લેતાં એમ સાબીત કરવા માગ્યું હતું કે, અગાઉથી કરી રાખેલાં કાવતરાં મુજબ, ન્યુટન હોટેલમાં તેઓના સુવાનાં ઓરડામાં આવ્યો, અને મીસીસ રોબીન્સને બારણું ઉઘાડ્યું-જ્યારે તેણીએ બારણું ઉઘાડવાની, અને રાજા હરિસીંગને ગભરાવી તેના પાસેથી નાણાં કઢાવવામાં, પોતે સામેલ હોવાનો મજબુતીથી ઇન્કાર કીધો.

બેંકની સામે ૧,૨૫,૦૦૦ પાઉડનો દાવો માંડનાર રોબિન્સન, મીસીસ રોબીન્સન, ન્યુટન, હોબ્સ, એડીકાં અને મિસીસ બીવન, એ છ જણાએ આ કાવતરામાં સંડોવાયલાં હતાં, એમ બચાવ પક્ષ (મિડલેંડ બેંક)ના ધારાશાસ્ત્રીનું કહેવું હતું, તેમાંથી હોબ્ઝે તા૦ ૨૧ મી નવેમ્બરે પણ કોર્ટમાં ચેકો અને દસ્તાવેજો રજુ નહિ કીધા, કોર્ટમાં ભારે ચકચાર થઇ રહી હતી. છેલ્લે જડજે તેને હુકમ કીધો કે, સોમવાર તા૦ ૨૪ મીએ કોર્ટમાં એ કાગળીયાં તારે હાજર કરવાં જ પડશે.

"લુંટમાંથી વહેંચેલા ભાગ."

છ કાવતરાંખોરોને ભાગ મળ્યા એમ બતાવવાની સર જોન સાઇમનની કોશેષ.

સાક્ષીનાં પિંજરામાં મિસીસ રોબિન્સન ઉલટ તપાસ માટે પાછી રજુ થઇ તે અગાઉ, રોબિન્સનને લુંટમાંથી વહેંચાયલો ભાગ મળ્યો છે, એવી બચાવ પક્ષની દલીલ સંબંધી, લોર્ડ હૅાલ્સબરીએ વધુ વિગતો જાણવા માગી હતી.

સર જોન સાઇમને કાવતરાંની સાબીતી રજુ કરનારાં બચાવ-

નામાંમાંથી ૨૯ પારાગ્રાફ વાંચી બતાવ્યા હતા, અને કહ્યું કે, એ મુખ્ય ફકરા નીચે મુજબ છે:—

નં૦ ૩૦–"સી. રોબિન્સ" ને નામે હોગ્ઝે મિડલેંડ બેંકમાં ઉઘાડેલો હિસાબ, જેની મતલબ રોબિન્સન સુધાં બધાં કાવતરાંખોરોને માટે ચેકનાં નાણાં મેળવવાની હતી."

નં૦ ૩૧–બ કાવતરાંખોરોમાંથી દરેકે, તેના અગર તેણીનાં ભાગ તરિકે, મજકુર ચેકમાંથી અમુક ભાગનો સ્વિકાર.

મિસીસ રોબિન્સનની નાણાં સંબંધી હાલત સંબંધમાં, તેની લંબાણુ ઉલટપાલટ તપાસ લેવામાં આવી હતી.

માત્ર ધંધા સિવાય, તેના ધણીને તે નાણું આપતી હતી, એ વાતનો તેણે ઇન્કાર કીધો હતો.

પારિસથી પાછાં ફરવા પછી, મેં મિસીસ બીવનને ૨૫૦૦ પાઉંડ આપ્યા, કેમકે, "તેણીનું સંપુર્ણ સુખી ભવિષ્ય" મેં ઉંધું વાળ્યું હતું.

"મી૦ એ." (રાજા હરિસીંગ) સાથે હું પારિસમાં સપડાઇ, તે વેળાએ મારી નાણાં સંબંધી હાલત તદ્દન આવી રહેલી હતી, એ વાત ખરી નથી. મારી પાશે સેંકડો પાઉંડની કિંમતનું ઝવેરાત હતું.

તા૦ ૯ મી જાનેવારીએ, મારાં ઘરના બીજા મહિનાનાં ભાડાનાં ૨૫૦ પાઉંડ આપવાનાં હતા.

સ–એ લહેણાં નાણાં ૫૦—૫૦ પાઉંડની બેંક ઓફ ઇંગ્લાંડ પાંચ નોટો આવીને આપ્યાં કે? એ રકમ 'મી૦ એ.' સાથે ચલાવેલી ઠગાઇ અને લુંટમાંથી મેળવી હતી કે?

જ–એ રકમ કેવી રીતે આપી, તે હું યાદ કરી શકતી નથી.

સ–તેં કાલે સોગંદ પર જણાવ્યું કે, તેં અને મીસીસ બીવને

ફ્રાંસની દક્ષીણમાં જવાનો પ્લાન ઘડયો હતો ? ડીસેમ્બર ૧૯૧૯ ની અધવચમાં ?

જ-'મી૦ એ.' ની સાથે મારે ઓળખાણ અગાઉ, મેં દક્ષીણ ફ્રાંસ જવાની ગોઠવણ કરી હતી.

લોર્ડ ડારલીંગ-તું મીસીસ બીવનનો પણ ખરચ આપવાની હતી ?

જ-હા.

સ-તું એ નાણાં ક્યાંથી લાવવાની હતી ?

જ-મારાં બિઝનેસમાંથી હું એ ઉપાડવાની હતી.

સ-બેંકના તારા ખાનગી હિસાબમાં તો તારી નાણાં સંબંધી હાલત ખરાબ હતી ?

જ-તે મને ખરાબ છે, પણ મેં ઉપાડેલા ૨૦૦૦ પાઉંડમાંથી ૮,૦૦ પાઉંડ (રૂ. ૧૨ હજાર) મેં મારા બિઝનેસ (ધંધામાં) જમે મુક્યા હતા.

સ-જો "મી૦ એ." (રાજા હરિસીંગ) આવી લાગ્યો ન હોત, તો પછી તેં ધંધામાંથી એ રકમ ઉપાડી હોત ?

જ-હા. મેં કેટલાક નાણાં લીધાં હત.

સર જોન સાઇમન—તેં ઓગસ્ટ ૧૯૧૯ માં તારી કંપનીમાં ૮૦૦ પાઉંડ ભર્યા ?

મીસીસ રોબિન્સન-ઘણું કરીને તેમજ.

"નાઇસ ખાતે ખેલેલો જુગાર."

"મી૦ એ." એ ચેક આપવા પછી બે મહિનામાં ધુમ ઉડાવેલાં નાણાં.

સર જોન સાઇમન-તું જાણે છે કે, મિસીસ બિવન સાથે

દક્ષીણ ફ્રાંસ જવાનો તું પ્લાન કરતી હતી એ સમયે તો, ૮૦૦ પાઉંડમાંથી લગભગ બધી રકમ ખર્ચાઇ ગઇ હતી?

મિસીસ રોબિન્સન–હું એ જાણુતી નથી. મારાં ખાતામાં ૨૦૦૦ પાઉંડ ભર્યાં, એ મારા કાકા પાસેથી મળ્યા હતા.

જજ—કોની પાસેથી?

મિસીસ રોબિન્સન–મારા કાકા પાસેથી. એ નાણાં ઉછીના લીધા હતા. મારા ધંધામાંથી હું તેને ઘણું કરીને ૮ાા ટકાનું વ્યાજ આપું છું.

સર જોન—તા૦ ૨ જી આગસ્ટ ૧૯૧૯ને દહાડે ૨૦૦૦ પાઉંડ (૩૦ હજાર રૂપિયા) તને મળવા પછી, તા૦ ૮ મી ઓગસ્ટે રોબિન્સનને તેં ૩૦૦૦ રૂપિયા (૨૦૦ પાઉંડ) આપ્યા. એ પછી તારાં ખાતામાં જમે રકમ ઘટતી ગઇ, અને વરસની આખર આવી, ત્યારે તો તેમાં કાંઇપણ રકમ ન હતી. એમ તને તે તપાસતાં જણાશે.

તા૦ ૨૧ મી જાનેવારીએ તેં "ઇસાબેલા" ને ૪૯ પાઉંડ (રૂ. ૭૩૫) નો ચેક આપ્યો?

જ–મારા ડ્રેસમેકરને આપ્યો.

સ–અને તા૦ ૩૦ મી જાનેવારીને, ટપાલ રસ્તે ૫૦૦ પાઉંડ (રૂ. ૭૫૦૦) ની નોટો તને મોકલવામાં આવી?

જ–હું (ફ્રાંસમાં) નાઇસખાતે હતી. મેં શા માટે વધુ નાણાં મંગાવ્યાં તે મને ખબર નથી. મારી પાસ બીજાં નાણાં હતાં. હું તે વેળા ધુમ જુગાર ખેલતી હતી.

સ–દક્ષીણ અમેરીકાની તાંબાંની ખાણોનાં ૬૦૯ પાઉંડ (રૂ. ૯૧૩૫) ના તેં શેરો લીધા? "મી૦ એ." (રાજા હરિસીંગ) તરફથી નાણાં આવ્યાને લીધે, તું તાલેવંત થઇ કે, તરતજ, તું નાઇસ ખાતે નાણાં ઉડાવતી હતી, શેરોમાં નાણું રોકતી હતી, ડ્રેસ મેકરોને

(કપડાં બનાવનારાઓને) નાણું આપવા મંડી, અને બીજી રીતે નાનાં ખરચવા માંડયાં ?

જ—તમને માલુમ પડશે કે, તા૦ ૨ જી માર્ચ સુધી મેં શેરો ખરીદ કીધા ન હતા. નાઇસ મેં તા૦ ૧૪ મી ફેબ્રુવારીએ છોડયું હતું.

સ—પણ 'મી૦ એ.' (રાજા હરિસીંગ) અને તું સાથે સુતેલાં પકડાયાં પછી, જાનેવારી અને ફેબ્રુવારી મહિનામાં તેં પુષ્કળ નાણું ૧૦૦૦ પાઉંડની ઉપર—ખરચ્યું ખરૂં કે ?

જ—હા. હું કબુલ કરૂં છું.

સ—તને 'મી૦ એ.' નાં નાણાંનો કાંઇક ભાગ મળ્યો હતો, એથી તું એ નાણું ખર્ચી શકતી હતી, એ વાત ખુલ્લી છે ?

જ—વાત એમ છે કે, તે એમાં વાંધો નહિ લે, એ હૂં જાણતી હતી. ખાસ એ કારણસર હૂં તેને મળીને બધી વાત કરવા માગતી હતી,

સ—તું યંગને કેટલા વખતથી જાણે છે ?

જ—એક વરસથી.

સર જોન સાઇમનની અરજથી મી૦ વોલ્ટર જોન રેંડાલ નામનો શખ્સ કોર્ટમાં ઉભો થયો.

સ—આ શખ્સને તું ડીપમાં (ફ્રાંસમાં) મળી હતી ?

જ—હુ એની સાથે બોલી નથી. પણ એનો ચેહેરો મેં જોયો હોય એમ લાગે છે. (હસાહસ)

સ—અને ડીપ શહેરમાં મી૦ યંગ પણ આવ્યો હતો કે ?

જ—હા.

સ—તારી અને મી૦ યંગની, મી૦ આ રેંડાલ સાથ મી૦ અને મીસીસ યંગ તરીકે ઓળખાણ કરવામાં આવી હતી કે ?

જ—હોટેલમાં હું એવા કોઇ આસામીને ઓળખતી ન હતી, કે જે અમારી બીજા સાથે ઓળખાણ કરાવી શકે.

સ—આ સાલના મે અગર જુન મહીનામાં ડીપ શહેરની હોટેલ મેત્રાપોલીમાં તમે મી૦ અને મીસીસ યંગનું નામ ધારણ કરીને રહ્યાં હતાં કે !

જ—હા.

રાઉંડ ટેબલ પરિષદ ?

સ—આ મહિને દર બીજી રાત્રે, તારી સાથે તારે ઘેર જે મી૦ યંગ આવે છે, તેજ મી૦ યંગ કે ?

જ—તે ઘણી વેળા મારી સાથે આવે છે.

સ—તે એજ મી૦ યંગ કે ?

જ—અલબત, હા.

સ—અને એકાંતરા રાતનાં, મી૦ મેકરથી ત્રણી વેળા તારે ત્યાં આવે છે કે ?

જ—અમે બધા સાથે ખાણું લઇએ છીએ.

સર જોન સાઇમન—ચોકકસ, બાનુ. પણ હું જે વાત પુછુંછું, તે ખાણાં પછી શું બને છે, તે સંબંધી છે.

લોર્ડ ડાર્લીંગ—તું અને મી૦ યંગ. ડીપ ખાતે મી૦ અને મીસીસ યંગ તરીકે શું કામ ઓળખાતાં ?

મિસીસ રોબિન્સન—એ માટે ઘણો વખત ચર્ચા ચાલી હતી. અમે રાઉંટ ટેબલ કોન્ફરંસ ભરી હતી.

"મી૦ હોબ્જ અગર તો ન્યુટનનાં રાખેલાં માણસો લંડનમાં

મારી ઉપર સીતમ ગુજારતાં હતાં, અને અમે બધાએ મળીને નક્કી કર્યું કે, મારે બહારગામ ચાલ્યાં જવું, એ વધુ સારૂં છે, અને નામ પણ બદલીને બીજું નામ રાખવું.

"આથી હું ડીપ ખાતે ગઈ, ત્યારે મેં મિસીસ યંગ નામ ધારણ કર્યું, કારણ કે, મી૦ યંગ મારો મેનેજર હોવાથી, તે મારે ત્યાં આવી મારી સાથે વાતચિત કરી શકે, અને તેથી લોકોમાં ટીકા ન થાય."

સર જોન—આ સાલના ઉનાળામાં, ઓસ્તેંડ ખાતેની હોટેલ ફેરેમાં, તારી સાથે આ મી૦ યંગ આવ્યો હતો?

મિસીસ રોબિન્સન—તે ત્રણ વખત આવ્યો હતો.

સ–તમે પાસે પાસેની 'બેડરૂમ' (સુવાના ઓરડા) વાપરતાં હતાં?

જ–હા. તેની રૂમ મારી નજીકમાં હતી.

સ–એ રૂમોના નં૦ ૩૪ અને ૩૫ હતા કે?

જ–ધણું કરીને એજ હશે.

ઓસ્તેંડ ખાતે ફરીથી સેહેલ.

મી. યંગ સાથે અનિતિ વિષે જજનાં સવાલો.

સર જોન–નં૦ ૩૪ નાં રૂમની બહારનો જે ઝરૂખો હતો, તેજ ૩૫ નંબરના રૂમની બહાર પણ હતો, એટલે કે નં૦ ૩૫ ની રૂમમાં સુનારો માણસ, નં૦ ૩૪ ના મીસીસ રોબિન્સનના સુવાના ઓરડામાં દાખલ થઈ શકે?

જ–ખરૂં કહીએ તો, એ ઝરૂખામાં ૭ રૂમોનાં બારણાં હતાં.

સ–મી૦ યંગ પાછો ઓસ્તેંડ આવ્યો–હોટેલ ફેરેમાં–ત્યારે પણ તારી અને તેની બેડરૂમ જોડેજોડ હતી?

જ—મને એ બરાબર યાદ નથી, પણ તેમ હોય એવો સંભવ છે. હું ધારૂં છું કે, એ વેળાએ મેં મારી રૂમ બદલી હતી.

સ—તું જુરીને એમ મનાવવા માગે છે કે, આ સાલ તારો અને મી૦ યંગનો અનિતિભર્યો સંબંધ થયો ન હતો ?

જ—મારો તેવો સંબંધ ન હતો.

સ—કદિબી તેની સાથે તેં તે અનિતિ કરી છે ?

જ—કદી પણ નહિ.

સર જોન—આ મી૦ યંગને આ કેસ સાથે શું લાગેવળગે છે ?

મીસીસ રૅાબીન્સન—તેને ઘણો સંબંધ છે. તે બીઝનેસનો મેનેજર છે, અને વળી અમારો દોસ્ત છે.

સ—મારૂં એવું કહેવું છે કે, તેની સાથે તારૂં કાંઇક બીજું કામ છે?

જ—તેની સાથે મારે બીજું કાંઇપણ કામકાજ નથી.

સ—ત્યારે આ કેસમાં તે શું ભાગ ભજવે છે ?—અહીં સોલીસીટરોની પાસે બેસે છે, અને એ બધું શું છે ?

લોર્ડ હૅાલ્સબરી (વાદીનો ધારાશાસ્ત્રી)—સર જોન, એને તમે સમન્સ આપીને અહીં બોલાવ્યો છે, એથી એ અહીં છે.

સર જોન સાઇમને એ પછી ડીસેમ્બર ૧૯૧૯ અને જાનેવારી ૧૯૨૦ ના બનાવો વિષે સવાલો પુછ્યા.

સ—તમે "મી૦ એ." (રાજા હરિસીંગ) અને તેના રસાલાને પહેલવહેલાં 'વીકટરી બોલ'ની રાતે જ મીસીસ બીવન સાથે જોયા ?

જ—હા.

સ—તમે એક બોક્ષમાં ફેશનેબલ ડ્રેસ પહેરીને બેઠેલીઓ હતી ?

જ—હું ફેન્સી ડ્રેસમાં હતી.

કોર્ટમાં “ મી૦ એ. ” વિષે વધુ હકીકત.

પોતાને ઘેર આપેલી પાર્ટીઓ સંબંધમાં મીસીસ રોબિન્સનની જુબાની.

સર જોન સાઇમનની વધુ તપાસમાં મીસીસ રોબીન્સને નીચે મુજબ જુબાની આપી હતી:—

સ—મીસીસ બીવન પણ નાચના મેળાવડામાં તારી જ બોક્ષમાં બેઠી હતી કે ?

જ—હા.

સ—તારી બોક્ષમાં તારો ધણી તારી સાથે ન હતો, ખરૂં કે ?

જ—ના.

સ—એ રાતના, કોઇ જાતની રીતસરની ઓળખાણ કરવા વીના—કારણ કે એ કે મોઝમઝાની રાત હતી—“ મી૦ એ. ” ના રસાલાનાં અમુક માણસો સાથ તારી મુલાકાત થઇ ?

જ—હા.

લોર્ડ ડાર્લીંગ—તેં અમુક વેશ ધારણ કર્યો હતો ?

મીસીસ રોબીન્સન—ખરી રીતે જોતાં તો, મારા બિઝનેસ (ધંધા) નું પ્રતીનીધીત્વ દર્શાવનારો પોષાક મેં ધારણ કીધો હતો.

સ—કેવો ? મલમની દાબડીનો (હસાહસ.)

જ—નહિં. મલમ, તીડ છાપનો મલમ કહેવાય છે, અને મેં મારા ધંધાની જાહેરાત ફેલાવવાને, તીડનાં જેવો પોષાક પહેર્યો હતો.

સ—તીડનાં પ્રતીનીધી જેવો કે મલમ જેવો ? (હસાહસ.)

જ—તીડની જેવો.

સર જોન સાઇમન—પછી મારા ધારવા મુજબ, તમે સેવોય હોટેલની બહાર જતાં હતાં, ત્યારે “ મી૦ એ. ” ના રસાલાના એક

માણુસ સાથે તમારે વાતચીત થઇ ?

મીસીસ રોબીન્સન–હા.

સ–તે ગોરો હતો કે કાળો ?

જ–કાળો.

સ–મીસીસ બીવન તારી સાથે હતી ?

જ–હા.

સ–તે દેશી સેક્રેટરી હતો કે બીજો કોઇ દેશી હતો ?

જ–કોઇ બીજો.

સ–અને આ કાળા માણસે તમને પૂછ્યું કે, તે તને અને મીસીસ બીવનને મોટરમાં બેસાડી, તમારે ઘેર પહોંચાડે કે ? અને તમે કહ્યું. "ઓહ, તમે ઘણાંજ ભલાં માણસ છો."

જ–એવું કહ્યું, એમ હું ધારૂં છું.

સ–રેસ્ટોરાંઓમાં તમે અમુક માણસોને મળો, તે માણસો ઘણી વખત તમને મોટરમાં બેસાડે છે ?

જ–નહિં, હું એમ કોઇની મોટરમાં બેસતી નથી.

સ–અથવા તો રેસ્ટોરાંની બહાર મળેલા ગૃહસ્થો તમને મોટરમાં બેસાડે છે ?

જ–નહિ, મને તેવી ટેવ નથી.

સ–કોઈ કાળાં માણસે અગાઉ કદિ તેનાં મોટરમાં તમને બેસાડેલી ખરી ?

જ–નહિં.

રાજા હરિસીંગ–"સુંદર દેખાવનો અને શ્રીમંત."

મિસીસ રોબિન્સનનું રસાલાનાં માણસનું વર્ણન.

"એડીકાં આઇરીશ છે."

સ–પણ આ કાળો માણસ "મી૦ એ." (રાજા હરિસીંગ) ના રસાલામાં હતો ?

જ—નહિ. તે એક દોસ્ત છે.

સ—તે "મી૦ એ." અને તેનાં મિત્રોનીજ ટોળીમાં હતો ?

જ—હા.

સ—તેં આ દેશીને "વીકટરી બોલ" (વીજય નાચ) ના મેળાવડામાં જોયો હતો ?

જ—હા.

સ—તને માલુમ હતું કે, આ દેશી "મી૦ એ" (રાજા હરિસીંગ) ના રસાલામાં નહિં તો, તેની ટોળીમાં હતો ?

જ—તે વેળા હું નહોતી જાણતી.

સ—તેં "મી૦ એ." (રાજા હરિસીંગ) ને "વીજયી નાચ" ના મેળાવડામાં જોયો હતો ?

જ—હા. પણ "મી૦ એ." કોણ હતા, તેની મને ખબર ન હતી.

સ—તને માત્ર એટલું માલુમ હતું કે, સુંદર દેખાવનો ફાંકડો માણસ છે ?

જ—તદ્દન ખરૂં છે.

સ—જ્યારે તેં એક દેશી તરફનું મોટરમાં સહેલ કરવાનું આમંત્રણ સ્વીકાર્યું, અને જેને તું ઓળખતી પણ ન હતી ત્યારે તેં એમ ધાર્યું કે, એથી "મી૦ એ." (રાજા હરિસીંગ)ની ફરીથી મુલાકાત થવાનો ચાન્સ મળશે ?

જ—મને એનો સેહેજ ખ્યાલ ન હતો.

સ—તું એવી સ્ત્રી છો કે, એક અજાણ્યા ઘેર જવાનું, અને એક કાળા આદમીને મળવાનું આમંત્રણ તું સ્વીકારે ? એ લોકોને અને તારે ઓળખાણ ન હોય, પણ તેઓ શ્રીમંત અને ફાંકડા દેખાવનાં હોય, એટલે તું તેઓને ઘેર જાય ?

જ-નહિ, હું એવી નથી. એવું મેં મારી જીંદગીમાં અગાઉ કદી કહ્યું નથી.

અમે કર્ઝન સ્ટ્રીટને મકાને ગયાં, અને "મી૦ એ." (રાજા હરિસીંગ) અને તેનો રસાલો રહેતાં હતાં ત્યાં અમે "મી૦ એ." (રાજા હરિસીંગ) ને મળ્યાં, અને તેની સાથે વાતચિતો કરી. અમે ત્યાં એડીકાંને પણ મળ્યાં.

સ-એ એક અંગ્રેજ છે, અને કદાચ તેમ નહિ તો એક ગોરો છે?

જ-તે આઇરીશમેન છે.

સ-તેની ચામડીનો રંગ જોતાં તો, તે એક ગોરો છે?

જ-હા. એટલુંજ.

સ-ત્યારે તું "મી૦ એ." (રાજા હરીસીંગ)ને, અને મીસીસ બાવન દેશી સેક્રેટરીને વારંવાર મળતી?

જ-હા. કેટલાંક અઠવાડીયાં સુધી.

સ-ડીસેમ્બરની શરૂઆતમાં, તારો અને "મી૦ એ." (રાજા હરિસીંગ)નો સંબંધ બંધાયો?

પાંચ વરસનો ભેદ.

પારીસના બેડરૂમ પર દરોડો પાડવાની ન્યુટન સાથે અગાઉથી ગોઠવણ કરવાની "ના."

સ-તા૦ ૨૦ મી ડીસેમ્બરે તું પારિસ ગઈ તે વખત સુધીમાં "મી૦ એ." નો અને તારો કેટલી વખત સંબંધ થયો?

જ-હું ધારૂં છું કે, ત્રણ કે ચાર વખત.

સ-મીસીસ બાવન પારીસ ગઈ, તે અગાઉ તેને પણ દેશી સેક્રેટરીની સાથે સંબંધ બંધાયો હતો?

જ–હું એમ માનું છું.

સ–એ સમયે તને "મી૰ એ." સાથે અંગત ઓળખાણ થવાને ત્રણ અઠવાડીયાં થયાં હતાં?

જ–હા.

સર જોન સાઇમને બીજા સવાલો— જેમાંનો એક કાગળના કટકા પર લખીને પુછ્યો હતો—પુછ્વા પછી તેણે પુછ્યું:—

"મી૰ એ." ની સિવાય એડીકાં પણ ચેપલ સ્ટ્રીટને તારે ઘેર પાર્ટીમાં આવતો કે?

જ–હંમેશાં આવતો. અમે હંમેશાં સાથે ખાણું લેતા.

એ પાર્ટીઓમાં "મી૰ એ." (રાજા હરિસીંગ), એડીકાં, મીસીસ બાવન, દેશી સેક્રેટરી, અને તેઓની મુલાકાત કરાવનાર દોસ્ત આવતા.

મીસીસ રોબીન્સને પછી જણાવ્યું કે, બધી પાર્ટીઓનો ખર્ચ હું આપતી હતી. એ કાંઇ ઘણું ખર્ચાળ ન હતું "મી૰ એ." સાથે મારે ઓળખાણ થઇ, તે અગાઉ મારો ધણી મારૂં ઘર છોડી ગયો હતો.

સર જોન–એ સામે, હું વાંધો લેવા માગું છું. હું એમ કહું છું કે, તારે "મી૰ એ." ની સાથે ઓળખાણ થઇ, તે પછી તારો ધણી ઘેરથી ચાલ્યો ગયો. એ પછી, "મી૰ એ." (રાજા હરિસીંગ તારે ઘેર આવવા લાગ્યો?

મીસીસ રોબીન્સન–એ વાત ખરી નથી.

સ–એ પહેલાં ન્યુટન તારી સાથે ઘણી ખરાબ રીતે વર્ત્યો હતો?

જ–હા.

સ–તેં કહ્યું કે, જ્યારે એડીકાં "મી૰ એ." (રાજા હરિસીંગ)

પાસેથી સંદેશો લઇ આવ્યો, ત્યારે તારે ઘેર ન્યુટન અને એડીકાંની મુલાકાત થઇ ?

સ–તદ્દન ખરી વાત.

સ–પારિસ જવા માટે તારે સારૂ પાસપોર્ટની અરજી કરવા જે માણસ ગયો તે તારો ધણી હતો ?

જ–નહિ.

સ–ન્યુટને પાસપોર્ટ માટે બીજે દહાડે અરજી કરી, તેની તને ખબર પડી કે ?

જ–મને ખબર નહિ પડી.

સ–તા૦ ૧૬ મી ડીસેમ્બર સુધીમાં, તારે "મી૦ એ." (રાજા હરિસીંગ) સાથે આડો સંબંધ બંધાયો. મીસીસ બીવનને દેશી સેક્રેટરી સાથે દોસ્તી જામી; તા૦ ૧૫ મીએ તમે બંને જોડાઓએ પારિસ જવાની ગોઠવણ કરી અને ન્યુટન બીજે દહાડે જવાની ગોઠવણ કરતો હતો ?

જ–મને તેની ખબર નથી.

સર જોન–હું તે પુરવાર કરી શકીશ.

સ–"મી૦ એ."ની ઇચ્છાથી, હોટેલ બ્રાઇટનમાં તમે આરામથી રહેતાં હતાં, ત્યાંથી ખસીને તમે સેંટ જેમ્સીઝ અને આલ્બની હોટેલમાં રહેવાં ગયાં ?

જ–એનું કારણ એ હતું કે, એડીકાંની દેખતાં, તે અમારી ગેરઆબરૂ કરવા (અમારી સાથે આડો સબંધ બાંધવાને) "મી૦ એ." (રાજા હરિસીંગ) ખુશી ન હતો.

સ–એ બાબતમાં તેણે વિચારપૂર્વક કામ કર્યું. એડીકાં અહીંથી



સર હરિસીંગ અને તેમનું પ્રેમપાત્ર, મીસીસ રોબીન્સન.

Krishna Press, Bombay 2.



રાજવંશી પોષાકમાં
સર હરિસીંહ.



સીગારના મીઠા ઘુંટડા ગળે
ઉતારતી મીસીસ રોબીન્સન.

દૂર પૂર્વમાં છે, અને તેને સાક્ષી આપવા બોલાવી શકાય તેમ નથી ?

જ—એ જાણીને હું ઘણી દિલગીર છઉં.

નહિં વાસેલાં બારણાંનું ઉખાણું.

સ—બે ઓરડાઓમાંથી કયો તમારો સુવાનો ઓરડો છે, એમ ત્યાં આવનાર અજાણ્યા માણસને—અગાઉથી કહી રાખવા વીના—ખબર પડે કે ?

જ—કયું બારણું મિસીસ બીવનની બેડરૂમ (સુવાના ઓરડા) નું હતું, અને કયું મારા સુવાના ઓરડાનું હતું, એ જાણવાને ઓરડાની બહાર કાંઇ પણ સાધન ન હતું.

સ—અને ન્યુટન તારા સુવાના ઓરડામાં ધસી આવ્યો ?

જ—હા, તે આવ્યો.

સ—તેને તારા બેડરૂમની કેમ ખબર પડી ?

જ—તેનો મને સહેજબી ખ્યાલ નથી.

સ—ન્યુટન અંદર આવ્યો, ત્યારે તેં તેને ભુલમાં તારો ધણી નહિં ધાર્યો ?

જ—અલબત નહિં.

સ—તારાં બારણાંને કોઇએ ટકોરો માર્યો ?

જ—તે અંદરથી બંધ હતું.

સ—તો પછી એ ઓરડામાંથી કોઇએ, તે રાત્રે બારણાંનો આગળો ખોલી નાંખ્યો ન હોય તો, ન્યુટન અંદર દાખલ થઇ ન શકે, એ દેખીતું છે ને ?

જ—તે અંદર કેમ આવ્યો, તે હું જાણીતી નથી. છેલ્લાં પાંચ વરસ હું તેનો વીચાર કર્યાજ કરૂં છું.

સ–અંદરનાં કોઈ માણસે બારણું ખોલ્યું હોય, તો જ તે અંદર આવી શકે ?

જ–અલબત. પણ મેં તે ખોલ્યું ન હતું.

સ–હું કહું છું કે, તેં તે ખોલ્યું હતું.

જ—હું કહું છું કે, મેં તે ખોલ્યું ન હતું.

સ—અગાઉથી કરી રાખેલી ગોઠવણ મુજબ, તેં બારણું અંદરથી ખુલ્લું રાખ્યું હતું, એમ હું કહું છું ?

જ—મેં અંદરથી ખુલ્લું રાખ્યું ન હતું.

સ—ન્યુટન અને એડીકાં સાથે, આગલે દહાડે થયેલી ગોઠવણ મુજબ, તેં બેડરૂમનું બારણું અંદરથી વાસ્યું ન હતું.

જ--એ ખરૂં નથી.

સ—હું એમ કહું છું કે, ન્યુટન ત્યાં આવવાનો હતો, તેની તને ચોકકસ ખબર હતી.

જ–એમ ધારવું હદ ઉપરાંત હસવાજોગ છે.

સ–અગાઉથી એવી ગોઠવણ થઈ હતી કે, તારે ન્યુટનને તારા ધણી તરીકે ઓળખવો ?

જ–હસવાજોગ વાત.

સ–તે અંદર સુવાના રૂમમાં આવ્યો, ત્યારે અગાઉથી કરી રાખેલી ગોઠવણ મુજબ, તેં કહ્યું "મારો ધણી ! મારા હેવાન ધણી ?"

જ—મેં એમ કહ્યું નથી.

સ–જો એમ હોય તો તું બી કાવતરાંમાં સામેલ હતી ?

જ–હું કોઈબી કાવતરાંમાં ન હતી. એ વાત ખરી નથી.

સ–જ્યારે ન્યુટન બેડરૂમમાં આવ્યો, ત્યારે તેં એને ન્યુટન તરીકે ઓળખ્યો હતો ?

જ–અલબત, મેં ઓળખ્યો.

સ–ન્યુટન જ્યારે ગયો, ત્યારે "મી૦ એ." એ (રાજા હરિસીંગે) તને પુછ્યું કે "એ કોણ હતો ?"

જ–"મી૦ એ." ને મોઢે મેં ખુલાસો કર્યો, તે મને ખબર નથી.

મિસીસ રોબિન્સને વધુમાં જણાવ્યું કે, હું એટલી ગભરાઈ ગઈ હતી કે, હું તેની સામે ફરીને બોલી: "એ જાનવર મારા ધણી પાસ પહોંચે તે અગાઉ મારે ઇગ્લાંડ પહોંચવું જોઇએ."

હું સોગંદ ખાઇને કહું છું કે, એ મારો ધણી ન હતો, એમ "મી૦ એ." (રાજા હરિસીંગ) જાણતા હતા. તમે કલ્પી શકો છો કે, હું એ વેળા ભયંકર હાલતમાં હતી.

લેખિત સવાલો.

મીસીસ રોબિન્સન "મી૦ એ." પારિસથી પાછો ઇગ્લાંડ આવ્યો, ત્યારે તે પોતાના સોલીસીટરને મળ્યો, એ હું જાણતી નથી.

સર જોન સાઇમન–એમ ધાર કે, હું પહેલેથી છેલ્લે સુધી તને પુરવાર કરી આપું કે, જ્યારે "મી૦ એ." (રાજા હરિસીંગ) પોતાના સોલીસીટરોની મુલાકાત લેતો હતો ત્યારે "મી૦ એ."......

લોર્ડ હૅાલ્સબરી–ફર્યાદીનો ધારાશાસ્ત્રી, (વચ્ચે બોલી ઉઠી)—ખરેખર, સર જોન, "મી૦ એ." અને તેના સોલીસીટરો વચ્ચેની મુલાકાત અત્રે જુબાની તરીકે કેમ ચાલી શકે ?

સર જોન સાઇમન–તેના ધંધાદારી તરીકેના વિશ્વાસના ભંગની મને અત્રે સત્તા મળી છે, અને હું એ ગ્રહસ્થને અને બીજાઓને અત્રે જુબાની આપવાને બોલાવવાનો છું.

હું એ બતાવી આપવા માગું છું કે, "મી૦ એ." (રાજા હરિસીંગ)નો સોલીસીટર એ બાબતમાં પગલાં લેતો હતો, ત્યારે પહેલાંથી

છેલ્લાં સુધી તેને કોઇપણ બાજુ તરફથી કાંઇ પણ ખબર મળી ન હતી કે, ન્યુટન, "મી૦ એ." ને મળવા આવેલો આ બાઇના ધણી સીવાય બીજો કોઈ હતો.

સર જોને જણાવ્યું કે, "કાવતરાંખોરોનાં કોઇ પણ કામકાજ સંબંધી જે કાંઇ જુબાની પડે, તે કેસમાં રજુ કરી શકાય."

"પહેલાં તો હું એ બતાવવા માગું છું કે, એડીકાંએ સોલી-સીટરને શું કહ્યું? એ પછી હું સોલીસીટરને પુછવા માગું છું કે, આ બાબતમાં તેણે બાંધેલો વિચાર ફેરવવાને, પાછળથી તેને કાંઈ ખબર મળી હતી કે નહિ?"

"હું આ કેસમાં કાવતરૂં હતું, એમ જાણીબુજીને કહું છું. અને જુદા જુદા કાવતરાંખોરોએ શું શું ભાગ ભજવ્યા, એ પણ હું બતાવી આપવા માગું છું."

લોર્ડ હૅાલ્સબરી–એડીકાં આ કાવતરાંમાં હતો, એવી અત્ર કાંઈ પણ જુબાની પડી નથી.

લોર્ડ ડાર્લીંગ–તેને ૪૦ હજાર પાઉંડ મળ્યા એવી જુબાની છે.

સર જોન સાઇમન (મીસીસ રોબીન્સનને)=એ માણસ ન્યુટન હતો, એમ તેં "મી૦ એ." ને કહ્યું હતું કે?

જ–મેં કોઇનું નામ જણાવ્યું ન હતું.

સ–"મી૦ એ." જો એવા ખ્યાલમાં રહ્યો હોય કે, તારાં ધણિએ તમને બેડરૂમમાં ભેગાં પકડયાં અને એમ ધારીને નાણાં આપ્યાં હોય, એ સંબંધમાં તું કાંઇ ખુલાસો કરી શકે છે?

જ–જે બન્યું તેનો મેં બરાબર ખુલાસો કીધો. "મી૦ એ." ને ફરી મળવાની મને તક મળી નહીં.

સર જોન સાઇમને એ પછી કેટલાક "અંગત અને દુઃખદાયક

સવાલો" મીસીસ રોબીન્સનને લેખિત રીતે પૂછ્યા, તેણીએ તેના જવાબ પણ લેખિત રીતે આપ્યા. જે પછી જજે જુરીને એ કાગળ આપ્યો. જુરીમાં બાઇઓ હતી. જજે તેઓને કહ્યુંઃ "હું દીલગીર છું; પણ તમારે એ વાંચવાજ જોઇએ, એમ મને લાગે છે."

એ પછી મિસીસ રોબિન્સને કહ્યું કે, નવેંબર ૧૯૧૯ માં મેં ન્યુટનને ટેલીફોનથી બોલાવવાનું મને યાદ નથી.

સ–તેં ન્યુટનને એમ કહ્યું કે, એડીકાંને અને "મી૦ એ." (રાજા હરિસીંગ) ને તું મળી હતી?

જ—વાહવાહ? નહિં.

"ઘણો માલેતુજાર."

"કાવતરાંની કાંઈ જરૂર ન હતી, કારણકે "મી૦ એ." (રાજા હરિસીંગ) તેણીને જોઇએ તેટલું નાણું આપતે."

સ–તેં ન્યુટનને એમ કહ્યું, કે "મી૦ એ." (રાજા હરિસીંગ) ઘણો માલેતુજાર છે?

જ–બેશક નહિ.

સ–તેં એને કહ્યું કે, એડીકાંએ એવી સુચના કરી હતી કે, "મી૦ એ." ને એક સ્ત્રી સાથેની ગડબડમાં પકડવો?

જ–બિલકુલ નહિં.

સ–તેની (હરિસીંગ) પાસેથી નાણું કઢાવવા માટે?

જ—નહિં.

સ–તેં ન્યુટનને એમ કહ્યું કેઃ "જો મારે મારો ભાગ ભજવવનો હોય, તો કોઇ બીજાએ મારા ધણી તરીકે આવવું જોઇએ, કેમકે ચાર્લી (રોબીન્સન) એક કસાઇ જેવો લાગે છે?"

જ—એ એટલું હસવા લાયક ગણાય કે, કોઈ માનેબી નહીં.

સ—તેં એમ કહ્યું કે: "તે કસાઈ જેવો દેખાય છે, અને એક સોસાયટી બાનુના ધણી તરીકે કોઈ તેને ધારશે નહિ ?"

જ—મેં મારા ધણીને કદી પણ કસાઈ તરીકે જણાવ્યોજ નથી. મી○ ન્યુટન કરતાં તેનો ચહેરો ઘણો ખુલ્લો અને વધુ સારો છે.

સ—તેં ન્યુટનને એમ કહ્યું કે, "તું એ ભાગમાં ઠીક લાગીશ," અને તેને તારા ધણીનો ભાગ ભજવવા કહ્યું ?

જ—સર જોન, મારે કોઈની સાથે કાવતરૂં રચવાની કાંઇ પણ જરૂર ન હતી. જો મારે નાણાં જોઈતાં હતે, તો કોઈની પણ મદદ સિવાય એ નાણાં હું મેળવી શકી હોત.

સ—એડીકાંએ એમ કહ્યું કે, "એડીકાં તરીકે "મી○ એ." (રાજા હરિસીંગ)ને હું જે કાંઇ સલાહ આપું, તે મુજબ "મી○ એ." નાણાં આપશો ?"

જ—ના.

ભયંકર સેતાન વિષે ઇસારો.

મીસીસ રોબીન્સને સાંભળેલી વાત—"એકબીજા સાથે ઠગબાજી કરતા કાવતરાંખોરો."

મીસીસ રોબીન્સને વધુ જવાબમાં જણાવ્યું કે, જ્યોર્જ ગ્રેન વીલ હોપ જોનસન નામના માણસને હું ઓળખતી નથી, પણ તેણીએ કબુલ કર્યું કે, "મેં એનાં સંબંધી સાંભળ્યું છે ખરૂં."

સ—તે એક અઠંગ બદમાસ છે કે ?

જ—હું તે જાણતી નથી. તે લોકોને "મોરફીયા." (અફીણનું સત્વ) નાં કેફમાં ફસાવનારો સેતાન છે, એવું મેં સાંભળ્યું છે.

જજ—જો તે માત્ર "સેતાન" જ હોય, તો તે એક બદમાસ હોવો જોઈએ, એમ હું ધારૂં છું.

મીસીસ રોબીન્સને જણાવ્યું કે, તે બદમાસ છે, એટલું હું તેને વિષે જાણતી નથી.

સ—એડીકાં ન્યુટનને નાતાલની રાતે તને મળવા લાવ્યો હતો કે? અને તારી સાથે "મી૦ એ." (રાજા હરિસીંગ) કઈ બેડરૂમમાં રહેતો તે તેં એને બતાવી હતી કે?

જ—તદ્દન ખોટું.

સ—ત્યારે ન્યુટનને બેડરૂમ કોણે બતાવી હોવી જોઈએ?

જ—હું ધારૂં છું કે, એડીકાંએજ તે બતાવી હશે.

સ—બીજી સવારે તમને સપડાવવાનું છટકું મંડાયું હતું?

જ—મેં અગાઉ કહ્યું છે તેમ, કોઇપણ જાતનું છટકું ન હતું, અગર કાંઇ પણ ગોઠવણ થઈ ન હતી.

"મેં તમને સપડાવ્યાં છે."

તેણીએ કબુલ કર્યું કે, બારણું અંદરથી બંધ કરેલું હતું.

સ—ત્યારે એ ઉઘાડવાની તેં સંમતી આપી?

જ—"અલબત નહિં."

સર જોન—એ તો તદ્દન ખુલ્લું છે કે, તેં અગર તો "મી૦ એ." એ, અગર મીસીસ બીવને અગર દેશી સેક્રેટરી સીવાય બીજા કોઈએ અંદરથી બારણું ઉઘાડી શકાય તેમ ન હતું.

જ—કોઈએ એ બારણું ઉઘાડયું, અને હું તો એવા જ છેવટ પર આવી છું કે, અમે પાછાં અમારા ઓરડામાં ગયા, ત્યારે તેની અંદર કોઈ હોવું જોઇએ, અને તેણે બારણું ઉઘાડયું હોવું જોઇએ.

મીસીસ રોબીન્સને વધુમાં જણાવ્યું કેઃ—

"ન્યુટને અને આ બીજા આસામીએ—મેં સાંભળ્યું છે કે, એ પણ કાવતરાંમાં સામેલ હતો—"મી૦ એ." (રાજા હરિસીંગ)ને કેવી રીતે લુંટયો છે એ જાણવા પછી, હું એવાંજ અનુમાન પર આવી શકું છું કે, એ શખ્સની આમાં કાંઇ ધાલમેલ હોવી જોઇએ. મેં સાંભળ્યું છે કે, "મી૦ એ." ના નાણાંમાંથી તેને બી ભાગ મળ્યો છે."

સર જોન સાઇમન–હું એમ સુચવું છું કે, ન્યુટન જ્યારે રૂમમાં દાખલ થયો ત્યારે તે એક જાતનું નાટક ભજવતો હતો, કે જે નાટકનું "રિહર્સલ" અગાઉ ભજવાઇ ગયું હતું.

મીસીસ રોબીન્સન–"કેવું મુર્ખાઇ ભરેલું!" મેં તેને કહ્યું: "ઓ જાનવર! તું અહિં શું કામ આવ્યો છે?"

તેણે કહ્યું: "તમે મારા સપાટામાં આવ્યાં છો."

તમે કલ્પી શકો કે, હું તો છેક ભયભીત બની ગઇ, એ એક ભયંકર પળ હતી."

બેંક કેસના વધુ ભોપાળાં—રૂા. ૨૨॥ લાખના રજુ થયેલા બે ચેક.

મી૦ રોબિન્સનને માટે પારિસમાં જોઇતાં નાણાં—બેંકને હોબ્ઝની ધમકી—૨૫,૦૦૦ પાઉંડ લઇ માંડવાળ કરવાનો કિસ્સો.

રોબિન્સનના કેસની ચોથા દિવસની તપાસમાં કેટલાંક ચોંકાવનારાં ભોપાળાં રજુ થયાં હતાં. જેમાંનું એક રૂા.૨૨॥લાખ (પોંડ ૧,૫૦,૦૦૦) ને બીજો ચેક રજુ થવાનું હતું. એ ચેક પણ ભેદી રાંજવંશી 'મી૦ એ." એ આપેલો જણાવવામાં આવે છે.

સવારનો આખો વખત, બેંકના ધારાશાસ્ત્રી સર જોન સાઇમને એવું પુરવાર કરવાની કોશીષ કરી હતી કે, એ નાણાં વહેંચી લેવામાં આવ્યાં હતાં. મિસીસ રોબિન્સનના દવાનાં ધંધામાં નાણાં ભરવા વિષે સવાલો પૂછવામાં આવતા હતા, ત્યારે લોર્ડ ડારલીંગે (જજે) કહ્યું કે: "બેંકનો કેસ શું છે, તેની કલ્પના કરવાની હું કોશીષ કરૂં છું. આ બાતમીથી એ કેસને મદદ મળે છે, કે નુકશાન થાય છે, એ હું સમજી શકતો નથી."

"મી૦ હોબ્ઝને જે દસ્તાવેજો રજુ કરવાનો હુકમ થયો હતો, તે તેણે રજુ નહિં કરવાથી કોર્ટમાં થોડી મીનીટ સુધી ચકચાર ચાલી હતી—એ પછી ૧,૨૫,૦૦૦ પાઉંડ (રૂા. ૧૮॥ લાખ) ની રકમ પોતાને આપવાની તેણે બેંકને કેવી રીતે ફરજ પાડી તેની હકિકતથી પણ સાંભળનારાઓમાં ભારે ચકચાર થઇ રહી હતી.

રજુ થયેલા ચેકો.

"ધમકીથી નાણાં કઢાવવાનો દેખીતો કેસ--બેંકને અપાયેલી ધમકી."

મી૦ રોબિન્સનના સોલીસીટર મી૦ હયામ ડેવિસની જુબાનીમાં ૨,૫૦,૦૦૦ પાઉંડ (રૂા. ૨૨॥ લાખ)નો બીજો ચેક પગાર કરવાની બિના બહાર આવી હતી.

તેણે કહ્યું કે, પહેલાં હોબ્ઝ અને એમલટનની સામે કેસ માંડવામાં આવ્યો હતો. એડીકાંએ તેને ચોક્કસ વાત કહી, એ પછી કેસ મંડાયો હતો, અને એ શરૂ થયો, ત્યારે તેને મિડલેંડ બેંકમાંનાં બેકીંગ ખાતાં સંબંધમાં કાંઇપણ ખબર ન હતી.

એ કેસમાં ચલાવેલી તપાસને પરિણામે, મને પહેલાં એ બાબ-

તની ખબર પડી. બેંકના મેનેજર મી૦ બિગ્ઝની મેં ચાર વખત મુલાકાત લીધી.

તા૦ ૨૮ મી નવેંબર ૧૯૨૩ ને દીને લીધેલી મુલાકાત વેળા, ૧,૫૦,૦૦૦ પાઉંડ (રૂા. ૨૨॥ લાખ) નું ખાતું મને તપાસવા દેવાની તેણે ના પાડી--એ ખાતું ૧૯૨૦ ના જાનેવારીમાં ઉઘાડવામાં આવ્યું હતું. તેણે કહ્યું કે, રોબિન્સનની પરવાનગી વીના, હું એ ખાતું તમને તપાસવા દઇશ નહિં.

મી૦ રોબિન્સન બહાર ઉભો હતો. મેનેજરે કહ્યું: "મી૦ રોબિન્સનને અંદર બોલાવો. મેં તેને કદિ જોયા નથી."

મેનેજરે મી૦ રોબિન્સનને પોતાનાં નામની સહિ કરવા જણાવ્યું. એ સહિથી પોતાને સંતોષ થયો છે, એમ જણાવ્યું, અને હિસાબનો ચોપડો રજુ કીધો.

અમે તેને પુછ્યું કે: "તેં ૧ લાખ ૩૦ હજાર પાઉંડ (રૂા. ૧૯॥ લાખ) ની રકમ કેમ આ લોકોને આપી ?"

તેણે કહ્યું કે: "એની મને કાંઇ દરકાર નથી."

બેંકને ગંભીર હેરાનગતિની ધમકી.

મેં તેને પુછ્યું કે: "મી૦ હોબ્ઝે તમને ચેક આપી નાણાં લીધાં ?" મી૦ બિગ્ઝે કહ્યું "હા."

મી૦ બિગ્ઝે વળી મને કહ્યું કે, મેં મી૦ હોબ્ઝને કહ્યું કે, "મારૂં ઘરાક કોણ છે, તે હું જોવા માગું છું, અને તેની સાથે ઓળખાણ કરવા માગું છું."

મી૦ હોબ્ઝે મને જવાબ આપ્યો કે: "એ અશકય છે. મી૦ રોબીન્સન હાલ પારીસમાં છે." મેનેજરે પછી હોબ્ઝને એમ કહ્યું કે, તમારે બેંકરોની હુંડી રજુ કરવી જોઇએ.

હોબ્ઝે કહ્યું કે, "એ કાંઇ ઠીક નહિ, કારણુ કે મારે આજે રાતના રોબિન્સનને મળવા પારિસ જવાનું છે, ત્યાં તેણે એક મોટો સોદો કીધો છે, અને તે માટે તેને રોકડ નોટો જોઇએ છે."

હોબ્ઝે બિગ્ઝને વળી ધમકી આપીને જણાવ્યું કે, જો ચેકનાં નાણાં પગાર કરવામાં નહિં આવે, તો બેંકને ગંભીર મુસીબત ભોગવવી પડશે. મી૦ બિગ્ઝે કબુલ કર્યું કે, લગભગ એવીજ મોટી મુશ્કેલી હાલ ઉભી થઇ છે.

લોર્ડ ડાર્લીંગના સવાલના જવાબમાં મી૦ ગોડાર્ડે જણાવ્યું કે, "મી૦ એ." એ સહી કીધેલો ૧ાા લાખ પાઉંડ (રૂા. ૨૨ાા લાખ)નો એક બીજો ચેક પણ હતો-એટલે કે તેણે (રાજા હરિસીંગે) ૩ લાખ પાઉંડ (રૂા. ૪૫ લાખ)ના ચેક આપ્યા હતા.

લોર્ડ ડાર્લીંગ—તમે એમ કહો છો કે, તેણે (રાજા હરિસીંગે) ૩ લાખ પાઉંડ (રૂા. ૪૫ લાખ) આપ્યા ?

બેંકના ધારાશાસ્ત્રી મી૦ ગોડાર્ડે જણાવ્યું કે, સારે નસીબે, બીજા ચેકનાં નાણાં પગાર કરવાનું અટકાવવામાં આવ્યું હતું. તેણે (રાજા હરિસીંગે) ૩ લાખ પાઉંડ (રૂા. ૪૫ લાખ) ના બે ચેકો આપ્યા હતા-જેમાંનો દરેક ચેક ૧ાા લાખ પાઉંડનો હતો.

મી૦ ડેવીસને પુછ્યું કે, તું કેટલા વખતથી એ બાબત જાણતો હતો ?

મી૦ ડેવીસ-ગયા વરસમાં એપ્રીલ વગર બે મહિનામાં હું ન્યુટનને પારિસમાં મળ્યો, ત્યારથી હું એ વાત જાણું છું.

ચેક પરની સહીની સરખામણી.

લોર્ડ ડાર્લીંગ—ન્યુટન પાસેથી તમને બે ચેકની ખબર મળી ?

મી૦ ડેવીસ-એ બાબત મને યાદ કરવા દો. લેમોઇન નામનાં માણસે આવીને, મને બીજા ચેક સંબંધી કહ્યું.

મી૦ ગોડાર્ડ–એ મુલાકાત વેળા તમને ખબર પડી કે, "મી૦ એ." (રાજા હરિસીંગ)ના દરેક ૧,૫૦,૦૦૦ પાઉંડના (રૂા. ૨૨॥ લાખના) બે ચેક, ડીસેંબર ૧૯૧૯ માં લુંટી લેવામાં આવ્યા હતા ?

લોર્ડ હૅાલ્સબરી–" લુંટવામાં આવ્યા " એ બોલો સામે હું વાંધો લઉં છું.

લોર્ડ ડાર્લીંગ–આ કોર્ટમાં "લુંટાયા" એ બોલ અલંકારીક રીતે વપરાયો છે. એને ઝનુનથી લુંટવામાં આવ્યો ન હોય, ત્યાં સુધી તેને "લુંટી લીધો" એમ હું કહું નહિ.

સર જોન સાઇમન (બેંકના ધારાશાસ્ત્રી): ત્યારે એમ કહો કે, તેનાં નાણાં "છીનવી લીધાં." (હસાહસ).

એ પછી દરેક ૧,૫૦,૦૦૦ પાઉંડ (રૂા. ૨૨॥ લાખ)ના બે ચેકો જજને તપાસવા માટે આપવામાં આવ્યા હતા.

સર જોન સાઇમને પછી જજને, બને ચેકો પરના અક્ષર અને તે પરના "એન્ડોર્સમેંટ" (સહીઓ) તપાસવાને કહ્યું.

લોર્ડ ડાર્લીંગ–મને એમ જણાય છે કે, બંને ચેકો એક જ માણસે લખેલા છે, અને તેના પર સહી પણ એકજ આસામીની છે, પણ એ સવાલનો જુરીએ નિર્ણય કરવાનો છે.

મી૦ ગોડાર્ડ (મી૦ ડેવિસને) તમને ચેક આપવામાં આવ્યો, ત્યારે તમને એમ લાગ્યું કે, "મી૦ એ." (રાજા હરિસીંગ) ને ધમકાવી તેની પાસેથી દગાદથી નાણાં કઢાવવામાં આવ્યાં હતાં ?

જ–મને ખબર મળી હતી કે, "મી૦ એ." એ (રાજા હરિસીંગે) નાણાં ભરી આપ્યાં હતાં.

સ–ત્યારે તમને ખુલ્લું દેખાતું ન હતું કે, "મી૦ એ." (રાજા હરિસીંગ) તરફથી આ નાણું કેસનો ઢાંકપીછોડો કરવાને આપવામાં આવ્યું હતું ?

જ-દેખીતી રીતે એમ હતું. એ બાબત જાહેરમાં નહિ લાવવા માટે ચેક આપાયો હતો.

મી૦ હોબ્જની બેંકની મુલાકાતનો નાટકી કિસ્સો.

"પારિસમાં રોબિન્સનને નાણાંની જરૂર છે !"

એ પછી બેંકની લેવાયલી મુલાકાત સંબંધી ઇસારો કરતાં લોર્ડ ડાર્લીંગે લોર્ડ હૅાલ્સબરીને જણાવ્યું કેઃ—

"મને એમ લાગે છે કે, આ કેસ સંબંધમાં તમે મોટી મુશ્કેલીમાં છો. અત્રે એવી જુબાની પડી છે કે, માણસ નાણાં ભરી ગયો, તેજ બેંકમાંથી પાછો ઉપાડી ગયો. વળી જે માણસે ચેક લખ્યો હતો, તેજ માણસ ચેક પર પોતાની સહી કરી નાણાં લઇ ગયો. દેખતી રીતે જે માણસે નાણાં ભર્યાં, અને 'નમુનાની સહી' આપી ગયો, તેણી ચેક પર "સી. રોબિન્સન" લખ્યું હતું, અને તે ચેકનાં નાણાં લઇ ગયો હતો."

લોર્ડ હૅાલ્સબરી(રોબિન્સનનો ધારાશાસ્ત્રી): એ અક્ષર હોબ્જના છે.

જજ-જે માણસે બેંકમાં ચેક ભર્યો તેની સહિની જેવીજ સહિ કરી. બેંકમાંથી ચેક ઉપાડવામાં આવ્યો છે, અને એ એક મુશ્કેલી જણાય છે. જે માણસે બેંકમાં ચેક ભર્યો હતો, તેના જેવીજ સહિનાં ચેકનાં તેઓએ નાણાં પગાર કર્યાં હતાં.

"છુટાછેડાની ડામીજીની રકમ."

જજ-(લોર્ડ હૅાલ્સબરીને)-આમાં બેદરકારી કયાં છે ? તમારો દાવો બેદરકારી યાતો ગફલતીને આધારે માંડવામાં આવ્યો છે.

લોર્ડ હૅાલ્સબરી—મેં એ મુદ્દા પર વીચાર ચલાવ્યો છે, પણ હું ધારૂં છું કે, એ મુદ્દા આપણે પાછળથી હાથ ધરશું.

મી૦ ગોડાર્ડ (મી૦ ડેવીસને)-તમે બેંક મેનેજરને એમ કહ્યું કે, છુટાછેડાના જે કેસમાં મિસીસ રોબિન્સન સંડોવાયલી છે, તેની ડામીજનાં આ નાણાં છે?

જ-હું ધારું છું કે, મેં એમ કહ્યું.

સ-તમે તેને એમ કહ્યું કે, રોબિન્સનને ફકત ૨૫,૦૦૦ પાઉંડની રકમ મળી છે?

જ-હું એમ નથી ધારતો.

સ-તમે એમ કહ્યું કે, "મી૦ એ." (રાજા હરિસીંગ) સાથે માંડવાળ કરવાને હોબ્ઝને સત્તા આપી હતી?

જ-નહિં હું એ બાબતમાં કાંઇપણ જાણતો ન હતો. પાછળથીજ મને ખબર મળી કે, હોબ્ઝે પતાવટ કરાવી છે.

હોબ્ઝ મારી પાસ આવ્યો હતો, અને તેણે ૨૫,૦૦૦ પાઉંડમાં પતાવટ કરી આપવાની સંગીન ઓફર કરી હતી. મેં કહ્યું કે, અમે હોબ્ઝ તરફની કાંઇપણ ઓફર કબુલ કરી શકતા નથી, અને કોઇપણ ઓફર મેસર્સ એપલટન એંડ કંપની તરફથી મળવી જોઇએ.

મી૦ ડેવીસે ઉલટપાલટ તપાસમાં જણાવ્યું કે, અમુક બાતમી આપવાના બદલામાં એટીકાંને અમુક રકમ આપવાની કાંઇબી ઓફર પર મેં વીચાર ચલાવ્યો હતો, એમ સુચવવું એ નાલેસીભર્યું છે.

મિસીસ રોબિન્સનની માંદગી.

શરૂઆતના ચકચાર—દસ્તાવેજો રજુ કરવાની હોબ્ઝની અશક્તિ.

લોર્ડ હૉલ્સબરીએ અગાઉ કહ્યું હતું કે, હું મીસીસ રોબિન્સનને ફરી તપાસમાં બે સવાલો પુછવા માગું છું. કમનસીબે તે બીમાર થઈ ગઈ છે, પણ તે લંચ (બપોરનાં ખાણાં) પછી કોર્ટમાં

હાજર થશે. કદાચ મી૦ હોબ્ઝની તપાસ લેવી ઠીક થઇ પડશે.

મી૦ હોબ્ઝને અમુક ચેકો અને બીજા દસ્તાવેજો સાથે કોર્ટમાં હાજર થવાનો સમન્સ આપવામાં આવ્યો હતો. તેને એ દસ્તાવેજો આજે સવારે કોર્ટમાં લાવવા હુકમ થયો હતો.

એ બાદ મી૦ વીલીઅમ કુપર હોબ્ઝ સાક્ષીનાં પિંજરામાં હાજર થયો.

લોર્ડ હૅાલ્સબરી—મેં જે દસ્તાવેજો મંગાવ્યાં હતા, તેમાંથી કાંઇ તમે લાવ્યા છો કે ?

જ—હું લાવ્યો નથી. ચેકો અને દસ્તાવેજો મારી પાસે નથી.

મી૦ ગોડાર્ડ—ગયા શુક્રવારે સર જોન સાઇમને જે દસ્તાવેજો લાવવા તમને કહ્યું હતું, તે તમે લાવ્યા છો કે ?

જ—એ મારી બોક્ષમાં (પેટીમાં) હતાં. એ પેટીમાં ખાતર પાડીને કોઇ તેમાંથી દસ્તાવેજો ચોરી ગયું છે. કોર્ટમાં હાજર થયેલો પેલો આસામી કેપ્ટન મોસ જણાવે છે કે, એ દસ્તાવેજો માટે તેણે ૨૦ પાઉંડ આપ્યા હતા.

લોર્ડ ડાર્લીંગ—એ માણસને, તેનું નામ તું ગમે તે જણાવતો હો તેને કોર્ટમાં રહેવા દો. તેનું નામ તેં શું આપ્યું ?

મી૦ હોબ્ઝ—તે પોતાને કેપ્ટન ચાર્લસ મોસ કહેવડાવે છે.

લોર્ડ ડાર્લીંગ—તું કયા ચેકો રજુ કરતો નથી ?

લોર્ડ હૅાલ્સબરી—૧,૩૦,૦૦૦ પાઉંડ (રૂ. ૧૯॥ લાખ) નો એક ચેક, ૭૦ હજાર પાઉંડ (રૂ. ૧૦॥ લાખ)નો એક ચેક, અને ૨૮૦૦ પાઉંડ (રૂ. ૪૨ હજાર)નો એક ચેક.

ટેલિફોન પર ફ્રેંચમેન.

જજના હુકમોનો અમલ કરવાની કોશેષ સંબંધી હોબ્ઝની કથા.

સ—એ ચેકો ક્યાંથી ગુમ થયા ?

જ-પોર્ચુગલ સ્ટ્રીટનાં મકાનેથી અગર લૅંકેસ્ટર પ્લેસવાળાં મકાનેથી. મેં એ સંબંધી લૅંકેસ્ટર પ્લેસ ખાતે તપાસ કરી. ઘણાં લાંબા સમયથી, ઘણો બીમાર હોવાથી, હું બીજે રહેતો હતો.

પારિસમાં ઍંગ્લો-સાઉથ અમેરિકન બૅંકમાંથી એ દસ્તાવેજો મેળવવાને પોતે કેવી કોશેષ કરી, જજની અરજનો અમલ કરવા પ્રયત્ન કર્યો, તેનું હોબ્ઝે વર્ણન આપ્યું.

તેણે કહ્યું કે:—

"શનીવારે સવારનાં મેં મારી ઓફિસમાંથી પારિસ ટેલીફોન કર્યો, જેથી કરીને એ સંદેશો રજીસ્ટર કરી શકાય."

"મેં બૅંકના સત્તાવાળાને કહ્યું કે, તે એ કાગળીયાં ટપાલમાં રવાના કરશે, અને મને તે મળશે."

"હું આજ સવારે મારી ઓફીસમાં ગયો હતો, પણ ત્યાં પાસબુક નહોતી. હું ધારૂં છું કે, એ હવે પછી આવશે."

એ પછી મોસ (કેપ્ટન) સંબંધી પાછી વાત થઇ. હોબ્ઝે કહ્યું:


"એણે ઘણા લોકોને કહ્યું છે કે મારા ખાનગી ઓરડામાંથી ચોક્કસ દસ્તાવેજો મેળવવાને તેણે કોઇ કલાર્કને અગર એપલટનનાં કોઇ માણસને ૨૦ પાઉંડ આપ્યા હતા.

લોર્ડ ડાર્લીંગ-એપલટન ઍંડ કંપની સોલીસીટરોના કલાર્કને પૈસા આપ્યા ?

જ-હા.

હોબ્ઝે કહ્યું કે, એ કાગળાયાં કયાં લઈ જવામાં આવ્યાં છે, એ હું જાણતો નથી, પણ "હું એવા ખ્યાલમાં છું કે, બૅંક એ જાણે છે."

લોર્ડ ડાર્લીંગ-તારે બૅંક પર આરોપ મુકવો નહિ જોઇએ.











લૉર્ડ ડાર્લીંગ. (જજ્જ) સરજૉન સાઇમન. લૉર્ડ હાલ્સબરી.

મી૦ ડેવીસ. રોબીન્સનનો સોલીસીટર. કેપ્ટન મોસ.



મી. રોબીન્સન.
કેપ્ટન આર્થર.

મિસીસ ગિબન કોર્ટમાં પ્રવેશ કરે છે.
મી. હ્યુબ્ઝ.
મિસીસ ગિબન.

હોબ્ઝ—એ લોકોમાં મારી હાલની ઓફિસે ખાતર પડયું—મારા લોર્ડ.

લોર્ડ ડાર્લીંગ—એટલું બસ છે. ટપાલ માર્ફત દસ્તાવેજો આવે, અને તને મળે તો કહેજે.

લોર્ડ હૅાલ્સબરીએ કહ્યું કે, હું એ નોટોનો પત્તો મેળવનાર છું. જેથી કરીને એ નોટોની વહેંચણી કેવી રીતે કરવામાં આવી, તે આપણને માલુમ પડે.

એ રીતે મીસીસ રોબિન્સનને ઓછામાં ઓછા ૯૦૦૦ પાઉંડ (રૂ. ૧ લાખ ૩૫ હજાર) અને કદાચ બીજા ૧૧૦૦૦ પાઉંડ (રૂ. ૧ લાખ ૬૫ હજાર) પણ મળેલા માલુમ પડશે.

"રૂ. ૧૮ લાખથી શરૂ થયેલું મી. હોબ્ઝનું ખાતું."

પારિસની એંગ્લો-સેક્ષન અમેરિકન બેંકના વડાની જુબાની.

એ પછી એંગ્લો-સેક્ષન અમેરિકન બેંકની પારિસની શાખાવાળા મી૦ એલન ગિલબર્ટ બારથોલોમ્યુની સાક્ષી લેવામાં આવી હતી. તેણે બેંકમાં મી૦ હોબ્ઝનાં ખાતાં સંબંધી જુબાની આપી હતી. તેણે વળી મી૦ નોએલ ન્યુટન, અને "મી૦ એ." (રાજા હરિસીંગ) ના એડીકાંના ખાતાંઓ સંબંધી પણ જુબાની આપી હતી.

તેણે જણાવ્યું કે, હોબ્ઝનું ખાતું તા૦ ૧૦ મી જાનેવારીએ ૧ લાખ ૨૦ હજાર પાઉંડ (રૂ. ૧૮ લાખ) ની દર ૧૦૦૦ | ૧૦૦૦ પાઉંડની બેંક ઓફ ઇંગ્લાંડની નોટોથી ખોલવામાં આવ્યું હતું.

"૬૦ લાખ ફ્રાંક જમે કર્યા"

એ રકમના લગભગ ૬૦ લાખ ફ્રાંક થતા હતા, અને હોબ્ઝે આપેલા હુકમ મુજબ, એ રકમ "ડીફેન્સ નેશનલ" નામે ઓળખાતી ફ્રેંચ સરકારની વૉર લોન અને બોંડોમાં રોકવામાં આવી હતી.

આશરે ૪૦ હજાર પાઉંડ (રૂ. ૬ લાખ) ની ફ્રેંચ વોર લોન લીધી હતી.

નામદાર જજ—એની મતલબ તો એમ જણાય છે કે, આ ૧૦૦૦, ૧૦૦૦ પાઉંડની નોટોની સરકારી જામીનગીરીઓ લઇ, જુદા જુદા આસામીઓને નામે ચઢાવવાની હતી.

મી૦ ગોડાર્ડની તપાસમાં બાર્થોલોમ્યુએ જણાવ્યું કે, ૪૦ હજાર પાઉંડની (રૂ. ૬ લાખની) વોર લોન એડીકાંને ખાતે ત્રાંસફર (જમા) કરવામાં આવી હતી.

એ પછી મી૦ નોએલ ન્યુટનનું ખાતું, ૪૦,૦૦૦ પાઉંડ (રૂ. ૬ લાખ) થી વધુ રકમ ભરીને ખોલવામાં આવ્યું હતું.

હોબ્ઝનું ઠેકાણું, "લાપેન-એવેન્યુ, પુતની (પારિસ)" એવું આપવામાં આવ્યું હતું.

"એડીકાંને ખાતે રૂ૦ ૬ લાખ જમા"

તા૦ ૮ મી જાનેવારીએ અમે એ સરનામે, દર ૧૦૦૦, ૧૦૦૦ પાઉંડની પાંચ બેંક નોટોની પહોંચ સ્વિકારવાનો પત્ર લખ્યો, અને બીજે દહાડે ૨૫ હજાર પાઉંડ (રૂ. ૩॥ લાખ)ની બેંક નોટો અમને મળી હતી.

એ પછી બીજે દહાડે (તા૦ ૧૦ મીએ) ૯૦,૦૦૦ પાઉંડ (રૂ. ૧૩॥ લાખ)ની બેંક નોટોની પહોંચ સ્વીકારનારો પત્ર હોબ્ઝને લખ્યો હતો.

એજ દિવસે, હોબ્ઝે ૪૦ હજાર પાઉંડ (રૂ. ૬ લાખ)ની વોર લોન અને ૮૦ હજાર પાઉંડ (રૂ. ૧૨ લાખ)નાં બોંડ વેચાતાં લેવાનો અમને ઓર્ડર આપ્યો હતો.

જે વોર લોન લીધી તે બધી એડીકાંને ખાતે જમા કરાવવામાં આવી હતી.

જજ (વચમાં બોલતાં)–એ હવે તદ્દન ખુલ્લું જણાય છે કે, એ બધાં નાણાં આ લોકોએ વહેંચી લીધાં હતાં.

વેસ્ટ મિનસ્ટર બેંકના કલાર્ક મી૦ જ્યોર્જ રિગ્બીએ જુબાની આપી કે, અમારી બેંકમાં મીસીસ હાર્વીના નામનું ખાતું છે.

લોર્ડ હૅાલ્સબરી–એ મીસીસ રોબિન્સનની મા છે. એ ખાતામાં મીસીસ રોબિન્સને ૧૦૦૦|૧૦૦૦ પાઉંડની ત્રણ નોટો તા૦ ૨૧ મી જાનેવારીએ જમા કરાવી હતી કે?

જ–નહિં. તા૦ ૧૯ મી જાનેવારીએ એ વેળા ખાતું મિસીસ હાર્વે નહિ, પણ મિસીસ કોકરિલનાં નામમાં હતું.

લોર્ડ હૅાલ્સબરી–તેણી ફરીથી પરણી હતી.

લોર્ડ ડાર્લીંગ–એ ખાતામાં તેણે કેટલાં નાણાં ભર્યાં?

લોર્ડ હૅાલ્સબરી–૩૦૪૦ પાઉંડ (આશરે રૂ. ૪૫ હજાર) ૧ લાખ ૩૦ હજાર પાઉંડ (૧૯ાા લાખ રૂપીઆ) ની રકમમાંની એ નોટો હતી—એમાંથી ૧ લાખ ૨૧ હજાર પાઉંડની રકમ પારિસની બેંકમાં જમા થવાનો આપણને પત્તો મળી ચુકયો છે.

મિસીસ રોબિન્સનનાં નામનું ખાતું.

વેસ્ટ મિન્સ્ટર બેંકની બર્નર્સ સ્ટ્રીટ (લંડન)ની શાખાના મેનેજર મી૦ ડબલ્યુ. એસ. બેંકને જુબાની આપી કે, અમારી બેંકમાં મિસીસ રોબિન્સનનાં નામનું ખાતું છે. અને એ ખાતાંમાં જાનેવારી ૧૯૨૦ માં ગેલ્ડર્સ ગ્રીન બ્રાંચ ખાતેથી મળેલી ૨૦૦૦ પાઉંડની રકમ જમા કરાવવામાં આવી હતી.

મીસીસ બીવનનું ખાતું.

બેંકની બર્નર્સ–સ્ટ્રીટ શાખામાં મિસીસ લીલીઅન મે બીવનનું પણ ખાતું હતું, જે તા૦ ૧લી માર્ચ ૧૯૨૧ ને દીને, ૧૦૦૦/૧૦૦૦

પાઉંડની ત્રણ નોટો ભરીને ખોલવામાં આવ્યું હતું.

જજ—તેણીને પણ આ નાણામાં ભાગ મળ્યો હતો. એમ આ ઉપરથી બતાવવા માંગો છો ?

મી૦ ગોડાર્ડ—હા. એજ દહાડે તેણીએ મિસીસ રોબિન્નસને નામે ચેક લખ્યો હતો, જેથી તેણીનાં ખાતાંમાં ૨૫૦૦ પાઉંડ (રૂ. ૬૨ા હજાર) બાકી રહ્યા હતા.

મિસીસ રોબિન્સનની મેડીસીન કંપની.

ચાર્ટર્ડ એકાઉન્ટંટની એક પેઢીના મેનેજીંગ કલાર્ક મી૦ સીડની એનવરે જુબાની આપતાં જણાવ્યું કે, આલ્બર્ટ એંડ કંપની (મિસીસ રોબિન્સનની મેડીસીન કંપની)ના ચોપડા મેં તપાસ્યા છે.

મી૦ એનવરે જણાવ્યું કે, મી૦ રોબિન્સનનં એ ખાતામાં તા૦ ૨૦ મા જાનેવારીએ ૧૦૦૦ પાઉંડની એક એક નોટ જમા કરાવી; તા૦ ૬ ઠી ફેબ્રુવારીએ ૫૦૦ પાઉંડ અને તા૦ ૧૩ મી ફેબ્રુવારીએ ૫૯૦ પાઉંડ જમા કરાવ્યા.

મિસીસ રોબિન્સન એ કંપનીમાંથી દર સાલ ૩૦૦ કે ૪૦૦ પાઉંડ ઉપાડતી હતી, એવો હું અડસટો કરૂં છું. ૧૯૧૬ ની સાલથી ૧૯૨૪ સુધીમાં તેણે કુલ્લે પાઉંડ ૪૬૦૪—૬—૪ ઉપાડયા હતા.

લોર્ડ ડાર્લીંગ—એ માટે તો કાંઇ શંકા જેવું નથી કે, આ આલ્બર્ટ એંડ કંપની તદ્દન પ્રમાણિક વેપારી પેઢી છે ?

જ—કાંઇપણ શંકા જેવું નથી.

લોર્ડ હૉલ્સબરી—આ ૨૦૦૦ પાઉંડ, પેલી ૧ લાખ ૩૦ હજાર પાઉંડ (રૂ. ૧૯ાા લાખ) ની રકમમાંથી મળ્યા હતા. એમાં કાંઇ પણ શક નથી.

લોર્ડ ડાર્લીંગ—અંકનો કેસ શું છે ? એની કલ્પના કરવાની હું

કોશેષ કરૂં છું. આપણને આ બાતમી મળે છે, તેથી બેંકનો કેસ સુધરે છે યા બગડે છે, એ મને સમજાતું નથી.

મિસીસ રોબિન્સનની વધુ જુબાની.

મિસીસ રોબિન્સનને ફરી પાછી બોલાવવામાં આવી હતી. તેણે જુબાનીમાં જણાવ્યું કે, હોબ્ઝ એક વેળા મિસીસ બીવનને મળવાને ચેપલ સ્ટ્રીટને મકાને આવ્યો હતો. હું "મી૦ એ." (રાજા હરીસીંગ) સાથ પારીસ ગઇ. તેની ત્રણચાર મહિના અગાઉ એ આવ્યો હતો.

મારી હોબ્ઝ જોડે ઓળખાણ કરાવવામાં આવી, પણ મેં તેની સાથે વાતચીત કરી ન હતી. તેને મીસીસ બીવન સાથે છોડીને હું બહાર ગઇ હતી.

સર જોન સાઇમન—હું કહીશ કે, એ ૧૯૧૯ ના ડીસેંબર મહિનામાં બન્યું ?

જ—એની પહેલાં.

સર જોન—"તેં મારી સુચના સાંભળી કે, તું પારિસ ગઈ, તે અગાઉ કાવતરૂં રચાયું હતું. હવે, તું પારિસ જવા નિકળી તે અગાઉ એ કાવતરાંનાં છએ જણા ચેપલ સ્ટ્રીટનાં તારે મકાને આવી ગયાં, એમ જુબાની પરથી માલમ પડયું છે ?

જ—દેખીતી રીતે એમ લાગે છે.

સર જોન—તારી દાસી નેલી કેડીની કોર્ટમાં આવી છે એમ તેં જાણ્યું. ત્યાં સુધી તને ખબર હતી કે, એ બાબત કેટલી અગત્યની છે ?

જ—નહિં, એમાં હું કાંઇ અગત્ય જોતી નથી.

સર જોને કહ્યું કે, હું એક ગંભીર સુચના કરવા માગું છું;

તેણે મીસીસ રોબીન્સનને એક પાસપોર્ટ આપીને કહ્યું કે, એક રબર સ્ટાંપ–તા૦ ૧૮ મી જાનેવારી ૧૯૨૦–એ ખરેખરો સ્ટાંપ છે, એમ તું ગંભીર રીતે કહેવા માગે છે ?

મીસીસ રોબિન્સન–'કેટલું હસવાજોગ' !

"ભોપાળું ખુલ્લું કરવાની ધમકીથી કઢાવેલાં નાણાં."

સર જોન સાઇમને પછી જજને જણાવ્યું કે, કોઇએ મીસીસ રોબિન્સનનો પાસપોર્ટ લીધો હતો, અને કોઇ પણ ઓફિસમાં હોય તેવા રબર સ્ટાંપથી તેના છેડાપર તા૦ ૧૮ મી જાનેવારી ૧૯૨૦ ની છાપ મારી હતી.

મીસીસ રોબિન્સને પછી કબુલ કીધું કે, મીસીસ બીવન મારી સાથે આવી હતી. સર જોન સાઇમને પછી તેનું ધ્યાન ખેંચ્યું કે, રબર સ્ટાંપ ખોટી જગાએ વાપરવામાં આવ્યો હતો, અને જે માણસે તે વાપર્યો તેને મીસીસ બીવનનાં પાસપોર્ટ પર સ્ટાંપ મારવાનું યાદ રહ્યું ન હતું.

મિસીસ રોબિન્સન—એ કાંઇ અગત્યની બાબત હોય, એમ હું જોઇ શકતી નથી.

સર જોન સાઇમને પછી જણાવ્યું કેઃ—

"જુરી પાસે જઈ શકે, એવો કોઇ પણ જાતનો કેસ ફર્યાદીએ રજુ કીધો નથી." તેણે વધુમાં કહ્યું કેઃ—

"હું એ બાબતનો વાંધો લેતો નથી કે, તેનું નામ સી. રોબિ-ન્સન છે. પણ એ વિષે વાંધો લઉં છું કે, બેંક અને રોબિન્સન સંબંધમાં એવી કોઈપણ જાતની જુબાની પડી નથી કે, જેથી આ નાણાં માટે બેંક જવાબદાર ગણાય એવી કાંઇ પણ જવાબદારી બેંકે સાથે લીધી હોય.

"હું એમ પણ કહું છું કે, "મી૦ એ." (રાજા હરિસીંગ) પાસેથી બધી જાતની ધમકીઓમાં સૌથી ભયંકર ધમકીથી—ભોપાળું ખુલ્લું કરી દેવાની ધમકીથી—તેનાં નાણાં કઢાવવામાં આવ્યાં હતા.

કેસમાં જુબાની આપવાને ન્યુટનને મળેલા રૂ. ૪૫ હજાર.

સર જોન સાઇમને જાહેર કરેલો કિસ્સો–ગંભીર જોખમ ખેડવાની ન્યુટનની ના–મીસીસ રોબિન્સન પારીસ કેમ ગઈ, તેની અજબ જેવી વાત.

૧,૨૫,૦૦૦ પાઉંડ (રૂ. ૧૮॥ લાખ) મેળવવાને કોર્ટમાં મંડાયલા દાવાના એક મુખ્ય પાત્ર, ન્યુટનને ઇંગ્લાંડ આવી, કેસમાં જુબાની આપવાને, બેંક તરફથી ૩૦૦૦ હજાર પાઉંડ (રૂ. ૪૫ હજાર) બેંક તરફથી અપાનાર છે, એવું અચંબાભર્યું ભોપાળું, તા૦ ૨૫ મી નવેમ્બરની તપાસ વેળાએ બહાર આવ્યું હતું.

એ પછી ન્યુટનને સાક્ષીનાં પીંજરામાં રજુ કરવામાં આવ્યો હતો. અને સર જોન સાઇમને લીધેલી કહાણી કીસ્સાને ભુલાવે એવી જુબાની આપતાં તેણે જણાવ્યું કે, મીસીસ રોબિન્સને આવું કાવતરૂં કરવું, એમ કહ્યું હતું. એ કાવતરાંમાં અમને એડીકાંએ તથા ફર્યાદી રોબિન્સને મદદ કરી હતી.

શરૂઆતમાં જયારે એ નામીચા ડાકટરો જેમાંથી એક બાનુ ડાકટર હતી—તેઓએ "મી૦ એ." (રાજા હરિસીંગ)—જેઓ એક કાવતરાંનો ભોગ થઇ પડેલા જણાય છે—તેઓનાં રાજયનાં રિવાજો સંબંધી, છુપી રીતે જવાબો આપ્યા, ત્યારે આખી, કોર્ટ અચંબામાં દંગ થઇ ગઈ હતી.

જુરી સમક્ષ રજુ કરવાને, મી૦ રોબિન્સને કાંઇબી કેસ રજુ કીધો નથી, એવી સર જોન સાઇમનની દલીલ લોર્ડ ડારલિંગે કબુલ રાખવા ના પાડી હતી, અને કેસ આગળ ચલાવવા હુકમ કીધો હતો.

ન્યુટનને બેંકની ઓફર.

"જોખમ ખેડવાનાં કારણ વીષે સર જોન સાઇમન."

આખા દહાડામાં સૌથી ચોંકાવનારી બાબત, બેંકના ધારાશાસ્ત્રી સર જોન સાઇમને રજુ કરી હતી.

જુરી સમક્ષ રજુ કરવા માટે, રોબીન્સને કાંઇ કેસ રજુ કીધો નથી એવી સર જોન સાઇમનની દલીલો જજે રદ કરવા પછી. સર જોને, (પારીસની હોટેલનાં રૂમમાં, "મી૦ એ." ને મીસીસ રોબીન્સન સાથે સપડાવનાર) ન્યુટન સંબંધી ઇસારો કીધો હતો.

બેંકના સોલીસીટરોએ ગયા ઉનાળામાં ખબર મેળવી કે, ન્યુટન કેસમાં ખુલાસો કરવાને તૈયાર છે. પરદેશમાંથી ન્યુટન પાસેથી તેઓએ એ ખુલાસો મેળવ્યો; ન્યુટન કોર્ટમાં એ ખુલાસો કરવા માગતો હતો.

એ ખુલાસાને આધારે, આ કોર્ટમાં મેં સવાલો પુછયા હતા. જુરીએ કદાચ એમ ધાર્યું હશે કે, એમાં મારી ચાલાકી અગર હુંશિયારી ધારી હશે. પણ એમ ન હતું.

બેંકના સોલીસીટરે. ગયા ઉનાળામાં ચેમ્બરમાં જજ સમક્ષ હાજર થઇને, ન્યુટનની કમિશનથી જુબાની લેવાની રજા માગી.

"ઘણું ગંભીર જોખમ."

સામી પક્ષે જણાવ્યું કે, ન્યુટનની સાક્ષી જો લેવી હોય. તો તે ખુલ્લી કોર્ટમાં લેવી. આથી બેંકના સોલીસીટરોને મુસ્કેલી નડી, અને ન્યુટનને અહીં લાવી શકાય તેમ છે, તેની તેઓએ તપાસ કરવી શરૂ કરી.

કેટલોક વિચાર કીધા પછી, ન્યુટને કહ્યું કે, એમાં ગંભીર જોખમ ખેડવાને પરદેશથી આ દેશમાં આવવાને મને અમુક રકમ મળવાનું વચન મળે તો—હું તૈયાર છઉં.

સર જોન સાઇમને જણાવ્યું:--

"અમે તેને ૩૦૦૦ પાઉંડ (રૂ. ૪૫ હજાર) ની રકમ આપવાનું વચન આપ્યું છે." (સોલીસીટરના ટેબલપર તેની લાઈનમાં નીચે બેઠેલા માણસને બતાવીને) "એ મી૦ ન્યુટન બેઠેલો છે, અને હું તેને સાક્ષીનાં પીંજરામાં હાજર થવાને જણાવું છું."

મી૦ મોન્ટેગુ નોએલ ન્યુટન એ પછી સાક્ષીનાં પાંજરામાં ગયો, અને તેની હાજરીથી પ્રેક્ષકોમાં ચકચાર થઈ રહી.

"એડીકાંનો અસંતોષ."

"મી૦ એ." સંબંધી રોબિન્સન ન્યુટન પાસે જવાની જુબાની.

ન્યુટને સર જોનની તપાસમાં જણાવ્યું કે:—

"હું મીસીસ રોબીન્સનને ઓળખું છું. મને તેની તરફથી નવેમ્બર ૧૯૧૯ ની લગભગ ટેલીફોનનો સંદેશો મળ્યો હતો, જે પરથી મેં ચેપલ સ્ટ્રીટનાં તેણીને ઘેર મુલાકાત લીધી હતી.

હું મી૦ રોબિન્સનને રેસીંગ કરનારા આસામી તરીકે ઓળખું છું. તેની સ્ત્રી સાથે મળીને સરતનું અમુક કામકાજ કરતાં, મારે તેની ઓળખાણ થઈ હતી.

એ પછી સર જોન સાઇમને ન્યુટનને ચેતવણી આપી કે, પૂર્વના રાજવંશી અને તેનાં એડીકાંના નામો છુપાં રાખવામાં આવનાર છે. ન્યુટને કહ્યું કે, એ "બરાબર સમજું છઉં."

સર જોન–મીસીસ રોબીન્સનને તું મળ્યો, ત્યારે શું બન્યું ?

જ–તેણીએ મને કહ્યું કે, એડીકાંને અને "મી૦ એ." (રાજા હરિસીંગ) ને તેણી મળી હતી.

એડીકાં સાથે મુલાકાત.

સ૦–"મી૦ એ." (રાજા હરિસીંગ) ના દરજજા અને દોલત સંબંધી તેણીએ કાંઇ કહ્યું હતું કે ?

જ—હા. તેણીએ કહ્યું કે, તે ઘણો દોલતમંદ આસામી છે. અને "મી૦ એ." (રાજા હરીસીંગ) ની કંજુસાઇને લીધે પોતાની તરફ ચલાવવામાં આવતી વર્તણુંકથી એડીકાંને ઘણો અસંતોષ થયો હતો. "મી૦ એ." (રાજા હરીસીંગ) પાસેથી નાણાં કઢાવવાં એવી તેણે સુચના કરી હતી.

સ—કેવી રીતે નાણાં કઢાવવાં, એ તેણીએ કહ્યું ?

જ—હા. તેણીએ કહ્યું કે, "મી૦ એ." (રાજા હરીસીંગ) સાથે મને બીછાનામાં સુતેલી પકડવી, અને મારે (ન્યુટને) તેના ધણીનો ભાગ ભજવવો."

જજ—તેના ધણીનો ભાગ ભજવવો ?

જ—હા.

સર જોન—તેણીએ કાંઈ કારણ આપ્યું ?

જ—હા. કારણ કે મારો ધણી એક સોસાયટી બાનુના ધણીના જેવો બરાબર દેખાતો ન હતો. ગમે તેમ પણ જે જે કામકાજ તેઓ ભેગાં કરતાં, તેમાં મીસીસ રોબીન્સન આગેવાની લેતી અને તે પછાત રહેતો.

સ—આવો ભાગ ભજવવાને તું ખુશી હતો કે ?

રોબિન્સન કેસમાં છુપાં જવાબો.

"મી૦ એ." એ (રાજા હરિસીંગે) ૫૦ પાઉંડથી વધુ આપવા માટે જજનો અચંબો–પૈસા કોના?

ન્યુટન (અચકાતો)–હા. હું તેના ધણીનો ભાગ ભજવવા કબુલ થયો. તેણીએ પછી કહ્યુઃ મારે એડીકાંની સંમતી લેવી જોઇએ.

ન્યુટને પછી જણાવ્યું કે, આ વેળાએ મીસીસ બીવન ચેપલ સ્ટ્રીટનાં મકાનમાં રહેતી હતી, એવું કાંઇક મને યાદ છે.

સર જોન–એ નાણું કેટલાં જણ વહેંચી લેવાં, એવું કાંઈ કહેવામાં આવ્યું હતું?

જ–હા. એ કાવતરાંમાં પાંચ જણ હતાં—મીસીસ રોબીન્સન, તેનો ધણી, મીસીસ બીવન, એડીકાં અને હું પોતે.

સર જોન—એ પછી શું બન્યું?

જ—હું એડીકાંને બીજે દહાડે ચેપલ સ્ટ્રીટમાં મળ્યો. મી૦ રોબિન્સન પણ ત્યાં હતો.

મેં કહ્યુંઃ "તું કોઈ સોલીસીટરને ઘણું કરીને ઓળખતો હશે."

તેણે કહ્યુંઃ "હા, ડેવીસ નામનો માણસ છે" જેણે મારા તરફથી ઘણાં વરસ કામ કીધું છે પણ આ જાતની 'સ્કીમ' (પ્રપંચ)માં તે સામેલ થાય કે નહીં, તેની મને ખબર નથી. (હસાહસ)–પણ હું અમુક શખ્સને જાણું છું અને આમાં જોડાય એવા કોઇ આસામીને તું પણ જાણે છે.

સ–તેની કહેવાની મતલબ એવી હતી કે, એને તમે બંને જાણો છો?

જ–હા. મી૦ હોબ્ઝ.

લોર્ડ ડાર્લીંગ—તમે હોબ્ઝને એની પહેલાં જાણતા હતા?

જ—હા.

સોલીસીટર કે સલાહકાર?

સ—સોલીસીટર તરીકે?

જ—હું તો એમ કહું કે, એક સલાહકાર તરીકે. (હસાહસ) એ પછી ન્યુટને જુબાનીમાં જણાવ્યું કે, વાતચીત દરમ્યાન એડીકાં હાજર ન હતો, પણ બીજે દહાડે તેને મળ્યા, અને તેને પુછ્યું કે, હોબ્ઝ ચાલશે કે?

એડીકાંએ કહ્યું કે, તે ચાલી શકશે. તેને એમ કહેવામાં આવ્યું હતું કે, મી૦ હોબ્ઝ બને તેટલું કામકાજ કરી આપવા તૈયાર હતો. (હસાહસ.)

સર જોન—હોબ્ઝની સાથે કોણે સંદેશા ચલાવ્યા, તે તને માલુમ છે?

જ—મારે હોબ્ઝને બીજે દહાડે મળવું, એમ નક્કી થયું હતું.

ન્યુટને કહ્યું કે, મેં હોબ્ઝને કહ્યું કે, "મી૦ એ." (રાજા હરિસીંગ)નાં સંબંધમાં કેટલુંક કામ છે, જેમાંથી તને પુષ્કળ દોલત મળે તેમ છે.

હોબ્ઝે કહ્યું કે, "કોઈ સ્વર્ગની પરિઓની ન મનાય એવી વાત કરે છે."

ન્યુટને કહ્યું—મેં પાર્ટીઓ (આસામીઓ)નાં નામો જણાવ્યા, અને બીજે દહાડે બેડફોર્ડ સ્ટ્રીટની હોબ્ઝની ઓફીસમાં મળેલી કોન્ફરંસ (મસલત) વેળા રોબીન્સન હાજર હતો.

સર જોન—હોબ્ઝ એ ટોળીમાં આવ્યો તે અગાઉ, કાવતરાંમાં પાંચ માણસ હતાં એમ તેં કહ્યું?

જ—હા. મેં એમ કહ્યું હતું. તે સુધાં છ.

સ—મીસીસ રોબીન્સન અને "મી૦ એ." (રાજા હરિસીંગ) સંબંધમાં?

જ—મીસીસ રોબિન્સન મને બધું કહેતી કે—"એ મારી પાછળ ઘણો મોહી પડયો છે અને હું જેમ તેનાથી દુર રહું, તેમ તેમ એ મારા માટે અધીરો થાય છે." (હસાહસ.)

એ વાત અમે પારીસ ગયા પહેલાં બની.

સર જોન—એનાં સંબંધની એક ખાનગી વાત તેણે કહી અગર તો તેં જાણી?

ન્યુટન—હા.

લોર્ડ ડાર્લીંગ એ વાત તેં કોના તરફથી જાણી, તે કાગળ પર લખી આપ.

ન્યુટને પછી કાગળ પર લાંબો જવાબ લખી લોર્ડ ડાર્લીંગને આપ્યો. તેણે એ વાંચીને ધારાશાસ્ત્રીને આપ્યો.

સર જોન સાઇમને એ પછી બીજો જવાબ લખ્યો, અને એનો પણ ન્યુટને લેખિત જવાબ આપ્યો.

સર જોન—તેં એડીકાંને પહેલાં જોયો હતો?

જ—નહીં. મેં તે દહાડે તેને પહેલવહેલાં જોયો.

"તમે શું કારણસર મળ્યાં?"

સ—એને મળવાનું કારણ તું જણાવીશ?

જ—મીસીસ રોબીન્સનના ધણીના પોર્ટમાં હું ચાલી શકીશ કે કેમ, તે એડીકાંને પસંદ કરવાનું હતું. તેણે કહ્યું કે, હું બરાબર ચાલીશ. (હસાહસ.)

સ—એ સમય સુધી પારિસ વિષે કાંઇ વાતચિત થઇ હતી?

જ—નહિં.

સ—આ કાવતરૂં અમલમાં કયાં મુકવું, એ વિષે કાંઇ ચર્ચા થઇ હતી?

જ—એ દહાડે ચર્ચા થઇ કે કેમ, તે મને ખબર નથી, પણ એ અરસામાં તેની ચર્ચા થઈ હતી.

સ—ચર્ચા શું થઇ, તે અમને કહે. કેવી રીતે એ ઘાટ ઘડવાનો હતો?

જ—એવો વિચાર કીધો કે, મીસીસ રોબીન્સન ચેપલ સ્ટ્રીટવાળાં મકાને "મી. એ." (રાજા હરિસીંગ) સાથે રાતની પાછી ફરે, અને મારે એ ઘર પર પાહરો રાખવો, અને એ લોકોને ભેગાં પકડવાં.

સ—"મી૦ એ." પાસેથી કેટલાં નાણાં કઢાવી શકશે, એ બાબત તે વેળાએ તને કાંઈ બાતમી મળી હતી કે?

જ—હા. એડીકાંએ મારી સાથે "મી૦ એ." (રાજા હરિસીંગ)ની નાણાં સંબંધી હાલત વિષે વાતચિત ચલાવી હતી.

સ—તેણે શું કહ્યું?

જ—તેણે કહ્યું કે, એ ઘણો દોલતમંદ આસામી હતો, અને એડીકાંની જાણ મુજબ, હિંદુસ્થાનની બેંકમાં તેના ૬ લાખ પાઉંડ (રૂ. ૯૦ લાખ) જમા પડેલા હતા, અને લંડનમાં પણ તેની ગંજાવર રકમ હતી.

સ—એ વખત સુધી, કાવતરાંના આ ભાગ સંબંધી તારે અને રોબિન્સનને કાંઇપણ વાતચિત થઈ હતી કે?

જ—હા. મેં રોબિન્સનની સાથે તેનાં ચેપલ સ્ટ્રીટને ઘેર ખાણું લીધું હતું અને અમે બધી બાબતો સંબંધી ચર્ચા ચલાવી હતી.

લોર્ડ ડાર્લીંગ—કોણ કોણ હાજર હતાં? તું અને રોબિન્સન અને બીજું કોઈ?

જ-બીજું કોઇ નહિ.

સર જોન-તમે જ્યારે એ વાતચીત કરી ત્યારે તને એમ લાગ્યું કે, તેને મન એ વાત નવી હતી., અગર તો તેણે એણે એ પહેલાં સાંભળા હતી ?

જ--એ બધી વાતનો સાર જાણતો હતો. અમે એની વિગતો સંબંધી વાતચીત કરી.

સ-આપણને હવે ખબર છે કે, ચેપલ સ્ત્રીટનું ઘર એ લોકોએ ભાડે રાખ્યું હતું એ ઘરમાં તું કેમ દાખલ થઇ શકત ?

જ-એનાં પાછલાં બારણાંની કુંચી મને આપી હતી.

સર જોન સાઇમન-આપણે જાણીએ છીએ કે, તું ચેપલ-સ્ત્રીટનાં મકાનનાં સુવાના ઓરડામાં દાખલ નહિ થયો, પણ પારીસમાં એ યોજના અમલમાં મુકાઈ ત્યારે ચેપલ-સ્ત્રીટનાં ઘરની વાત છોડી દીધી ?

જ--મીસીસ રોબિન્સન "મી૦ એ." (રાજા હરિસીંગ)ને ત્યાં પાછો કયારે લઈ આવે, એ બાબત અચોક્કસ હતી. મારી તબિયત ઘણી ખરાબ હતી. હું મધરાતે બીછાનામાંથી ઉઠીને, એ ઘરની તપાસ રાખવા જતો. "મી૦ એ." નાં કર્ઝન-સ્ત્રીટનાં ઘરપર હું પાહરો રાખતો એ પાહરો હું વધુ વખત રાખી શકું તેમ ન હતો.

સ-હું જાણવા માગું છું કે, સોલીસીટરનો સવાલ કયારે ઉભો થયો ? અને તે કોણે ઉભો કર્યો ?

જ-પહેલાં તો એડીકાંએ ઉભો કર્યો. તેણે કહ્યું કે, "મારે ઘણું કરીને 'મી૦ એ.' ને માટે સોલીસીટર રાખવો પડશે, આથી આ કામકાજમાં એક સોલિસીટર હોવો જોઇએ."

બે ડાકટરોની જુબાનો.

દેશીઓની સારવાર કરનારી બાનુ તબીબના છુપા જવાબો.

પહેલા સાક્ષી તરીકે, મેજર–જનરલ સર રીચર્ડ હેવલોક ચાર્લ-સન–મેડીકલ અપીલ બોર્ડના પ્રમુખને–બોલાવવામાં આવ્યો. તેણે કહ્યું કે, મને "મી૰ એ." કોણ છે, એ જણાવવામાં આવ્યું છે.

કેટલાંક વરસ સુધી, હું "મી૰ એ." (રાજા હરીસીંગ) નાં રાજ્યમાં હતો, અને એ દેશના ધાર્મીક રીતરીવાજોને મેં ૪૨ વરસ સુધી અભ્યાસ કીધો છે, એથી એ રીતરીવાજો હું સારી રીતે જાણું છું.

એ પરથી કાગળપર તેને સવાલો લખી આપ્યા, જેના તેણે લેખિત જવાબો આપ્યા હતા.

જજે જુરી તરફ ફરીને કહ્યું: "આ સવાલો ઉલટ તપાસમાં મીસીસ રોબિન્સનને છુપી રીતે જે લેખિત સવાલો પુછ્યા હતા, તેને લગતા છે."

સર રિચર્ડે જણાવ્યું કે, "મારાં ખાતાંની પરવાનગીથી હું કોર્ટમાં જુબાની આપવા આવ્યો છઉં, અને કાંઇ પણ ફી લેતો નથી."

ડા૰ મેરી શારલીએબ પછી સાક્ષીનાં પીંજરામાં હાજર થઈ હતી.

ડા૰ શારલીએબે જણાવ્યું કે, હું "મી૰ એ." ના મુલકમાં ઘણાં વરસ સુધી રહી આવી છું અને એ દેશમાં ઘણી દેશી સ્ત્રીઓની મેં સારવાર કરી છે.

એ દેશના રીવાજોથી હું માહીતગાર છું અને આગળ સાક્ષીએ લેખીત સવાલોના જે બે જવાબો આપ્યા છે, તે બંને સાથે હું મળતી થાઉં છું.

ચેકનાં નાણાંનું માલેક કોણ !

જજ સાથે સર જોન સાઇમનની "મી૦ એ." ના કાયદેસરના હક્ક સંબંધી વાતચીત

જુરી પાસે રજુ કરવા માટે રોબિન્સને કાંઇબી કેસ રજુ કર્યો નથી, એવી દલીલ વિષે બોલવા અગાઉ સર જોન સાઇમને જણાવ્યું કે, હું એક ગેરસમજુતી દુર કરવા માગું છું.

આગલા દહાડાની જુબાની દરમ્યાન મીસીસ રોબિન્સનના પાસપોર્ટ સંબંધી અમુક સવાલ ઉભો થયો હતો. જજને મીસીસ બીવનનો પાસપોર્ટ અપાયો હતો, અને તેનાંપર મીસીસ રોબીન્સનના પાસપોર્ટ જેવો સ્ટાંપ નહોતો.

હવે એમ માલુમ પડયું છે કે, એના પર સ્ટાંપ હતો, પણ તે બીજી જગાએ હતો.

"ભયંકર ધમકી"

એ પછી સર જોન સાઇમને પોતાની દલીલો ચાલુ રાખી હતી. તેણે કહ્યુ કે, હાલ જે જાતની જુબાની હતી, તે ઉપરથી ઉપલા નાણાં પર "મી૦ એ." નો હક્ક હતો કે કેમ, એ પહેલાં સવાલ છે.

જજ–એ નાણાં હજી પણ "મી૦ એ." ના છે એમ તમે કહો છો ?

સર જોન–હા. જો તે બેંક પાસે જઇને કહેત કે, "મને એ નાણાં આપો," અને એ નાણાં માટે દાવો માંડત તો તે તેને મળત.

બીજા બોલોમાં કહીએ તો, "મી૦ એ." એ બીજા ચેકના નાણાં પગાર થતાં અટકાવ્યાં છે. હું માનું છું કે, કોઇપણ એ ચેક સંબંધી "મી૦ એ." સામે દાવો માંડત, તો તેમાં "મી૦ એ." જીતત.

આગલે દહાડે પોતે જે મુદ્દો ઉઠાવ્યો હતો કે—એ નાણાં

"મી૦ એ." પાસેથી સૌથી ભયંકર ધમકીથી કઢાવવામાં આવ્યાં હતાં—તે સંબંધી સર જોને પછી વિવેચન કીધું હતું. ખુદ રૉબીન્સનના સોલિસીટર મી૦ ડેવીસે કબુલ કીધું છે કે, "ભોપાળું જાહેર થતું અટકાવવાને એ નાણાં અપાયાં હતાં."

સર જોને એ પછી કાયદાની શાહદતો ટાંકીને જણાવ્યું કે, "લાર્સેની" એકટ મુજબ, જે માણસ ધમકી આપીને નાણાં કઢાવે છે, તે એવી બદમાસીના ગુન્હા માટે ગુન્હેગાર ઠરે છે કે, જે માટે તેને વધુમાં વધુ ૫ વરસની સખત કેદની સજા થાય. એ સજા કાંઈ હદ ઉપરાંત ન કહેવાય.

જજ–એ નાણાં ધમકીથી કઢાવ્યાં હતાં, તે માટે તમે કયા અચુક પુરાવા પર આધાર રાખો છો ?

સર જોન–એ લોકો કયા સંજોગોમાં સપડાયાં, તેના મીસીસ રૉબીન્સને આપેલા હેવાલ પર. "મી૦ એ." એ પોતાનાં નાણુ રાજીખુશીથી આપ્યાં કે કેમ, તેનું તોલ કરવા માટે નાણાંની રાક્ષસી રકમ ખ્યાલમાં લેવાની છે.

હેરત પામેલો જજ

જજ—એ બાબત આપણને ઘણી મુશ્કેલી ઉભી કરે છે. મને લાગે છે કે, તને એક સોલિસીટરની સલાહ મળી હતી.

સર જોન–અરે નહીં. તેની આખી જીંદગીમાં તેણે કદી સોલીસીટર જોયો ન હતો.

જજ–આનો ખ્યાલ મને કેમ આવ્યો તે માલુમ નથી, પણ આવા કેસો સાથ કામ લેવાને નહિ ટેવાયલો હોય એ સંજોગ બાદ કરતાં—કોઈબી સોલીસીટરે આ માટે ૫૦ પાઉંડ કરતાં વધુ રકમ આપવાની "મી૦ એ." ને કેમ સલાહ આપી, એથી મને તાજુબી થઇ હતી.

સર જોન સાઈમને છેવટે કહ્યું : "દરેક બ્રિટીશ પ્રજા માટે આ એક ભયંકર વિચાર છે કે, "મી૦ એ."ની સેવામાં એક એવો આસામી હતો–કે જેની ચામડી તમારી અને મારા જેવી ગોરી હોવા છતાં–એ માણસ એટલો બેવફા અને દગાખોર નીકળ્યો.

"તેની ચાકરીમાં એક કાળી ચામડીનો માણસ–દેશી સેક્રેટરી પણ હતો, અને એ દેશી સેક્રેટરી તેને વફાદાર રહ્યો હતો."

એ પછી લોર્ડ હૅાલ્સબરીએ જવાબમાં જણાવ્યું કે, જુરી પાસે જવા માટે કાંઈ કેસ નથી, એમ સર જોને સાબીત કીધું નથી.

લોર્ડ ડાર્લીંગ તેની સાથે મળતા થયા, અને કેસ ચલાવવાનો હુકમ આપ્યો. " બધી બાબત મારે જુરી પર છોડવી જોઈએ."

"મી૦ એ." ને છટકામાં સપડાવવાનાં કાવતરાંનો ન્યુટનનો અચંબા ભર્યો હેવાલ.

૧૭ વરસ અગાઉ બનાવટી સહી કરવા માટે તેને થયેલી સજા—૧,૫૦,૦૦૦ પાઉંડ (રૂ. ૨૨ાા લાખ) ની વહેંચણી. છુપી પોલીસની તપાસથી ધાસ્તીભર્યો થઇ પડેલો મામલો.

રૂ. ૨૨ાા લાખના પગાર કરવાનાં ચેક સંબંધમાં, તા૦ ૨૬ મીની તપાસ વેળા અજબ જેવાં ભોપાળાં બહાર આવ્યાં હતાં. પારિસનાં હોટેલમાં "મી૦ એ." (રાજા હરિસીંગ) અને મીસીસ રોબિન્સને બેડ રૂમમાં એક સાથે પકડનાર ન્યુટને વધુ જુબાની આપતાં કબુલ કીધું હતું કે, ૧૯૦૭ ની સાલમાં બનાવટી સહી કરવા માટે, મને સજા થઈ હતી, "નામદાર મહારાજા"ને સપડાવવા માટેનું કાવતરૂં કેવી રીતે રચવામાં આવ્યું હતું, તેને લગતો કિસ્સો રજુ કીધો હતો.

તેણે જણાવ્યું કે, ૧ાા લાખ પાઉંડ (રૂ. ૨૨ાા લાખ)નો ચેક-

આપવામાં આવ્યો, ત્યારે રોબિન્સનને કહ્યું કે, છુપી પોલીસ આ બાબતમાં તપાસ ચલાવે છે, ત્યારે પોતાનું નામ પાછળની ગડબડમાંથી અલગ રાખવાને તેણે જણાવ્યું હતું. તેણે કબુલ કર્યું હતું કે, રોબીન્સન તો માત્ર એમજ માનતો હતો કે, માત્ર ૨૫ હજાર પાઉંડ મળ્યા છે.

૧॥ લાખ પાઉંડનો (રૂ. ૨૨॥ લાખનો) બીજો ચેક કે જેનાં નાણાં અટકાવવામાં આવ્યાં હતાં. તે સંબંધી ન્યુટને જણાવ્યું કે, "બી૦ એ." ને મળવા માટે મેં હીંદુસ્થાનની મુસાફરી કરી હતી, પણ તેને મળી શકયો નહીં, કારણ કે મારી સ્ત્રી ઓચીંતી મરણ પામી હતી.

એડીકાંએ પાછળથી મને મારા ભાગના ૬ લાખ ફ્રાંક આપ્યા હતા.

૩ હજાર પાઉંડ વિષે ખુલાસો.

જુબાની આપવા સારૂ નહિં પણ પકડવાનું જોખમ વહોરવા માટે ન્યુટને લીધેલા નાણાં.

શરૂઆતમાં સર જોન સાઇમને છાપામાં આવેલી "ઘણી ધ્યાન ખેંચનારી બાબત" વીષે ઇસારો કરી જણાવ્યું કે, એમાં જણાવેલી બીના મેં કદી કહીજ નથી, અને તે જુરી સમક્ષ મારાં શરૂઆતનાં ભાષણથી વિરૂદ્ધ છે.

"ન્યુટને જુબાની આપવા સારૂ લીધેલા ૩૦૦૦ પાઉંડ (રૂ. ૪૫ હજાર)" એમ એ છાપામાં પ્રગટ થયું છે.

સર જોન સાઇમને જણાવ્યું કે, મારે એ વાત તદ્દન ખુલ્લી કરવી જોઇએ કે મારા સંબંધમાં એ વાત જણાવવામાં; અગર તો જુબાની આપવા સારૂ ન્યુટનને બેંક એ નાણાં આપતી હતી એવો આક્ષેપ કરવામાં, એ છાપું તદ્દન ખોટું હતું.

જજ—મને માલુમ છે તે મુજબ તો, એ નાણું તેની જુબાની આપવા માટે અપાયાં ન હતાં, પણ આ કાવતરાંમાં તેના ભાગ માટે તે પોલીસ તરફથી પયડાવાનું જોખમ ખેડવું પડે તે માટે તેને અપાયાં હતાં.

લોર્ડ ડારલીંગે વધુમાં જણાવ્યું કે, "છાપાંના રિપોર્ટો ઉતાવળમાં લખાય છે."

એ પછીથી ન્યુટનની જુબાની શરૂ થઇ હતી.

તેણે જણાવ્યું કે, ડીસેમ્બર ૧૯૧૯ માં, ચેપલ-સ્ટ્રીટનાં મકાનમાં મેં મીસીસ રોબીન્સનની મુલાકાતો લીધી તે દરમ્યાન, મેં મીસીસ બીવનની છોકરીને બીજાંની હાજરીમાં જોઇ હતી. મીસીસ રોબીન્સન અને મીસીસ બીવન પણ એ વેળા હતાં.

સ–આ કાવતરાંનાં જુદાં જુદાં આસામીઓ વચ્ચે વારંવાર મસલત ચાલતી હતી કે ?

જ–સમય એવો પણ હતો કે, જ્યારે હું દરરોજ ઘણો વખત સુધી દરેક જણને મળતો હતો.

ન્યુટને પુછ્યું કે, " મીસીસ બીવનની છોકરી સંબંધી અમુક ટીકા કરવાની મને રજા છે કે? "

લોર્ડ હૅાલ્સબરીએ એ સામે વાંધો લીધો હતો.

લોર્ડ ડાર્લીંગે જણાવ્યું કે, મારી ખાત્રી છે કે, સર જોન કોઇબી બાબત બીનજરૂરી રીતે લાવશે નહિં.

સર જોન સાઇમન–હું એમ કરનાર નથી. બીજાઓ જ્યારે ત્યાં હતાં, ત્યારે એ છોકરી પણ ત્યાં હતી. એમજ માત્ર હું કહેવા માગું છું.

મીસીસ બીવનની છોકરી કાવતરામાં ન હતી.

સ–કાવતરાંની કાંઈ ચર્ચા ચાલતી, ત્યારે મીસીસ બીવનની છોકરી ત્યાં હાજર રહેતી કે?

જ–મીસીસ બીવનની છોકરીની હાજરીમાં એવી કાંઈબી વાતો થતી ન હતી.

ન્યુટને કહ્યું કે, "અમે પારિસ જનાર હતાં"

સ–છટકું મુકવાનો સીન પારિસમાં થનાર હતો. એવી ગોઠવણ પરવાનો માગ્યો તે વેળા થઈ ચુકી હતી? શા માટે તમે પારિસ જનાર હતાં?

ન્યુટન–હમેશને હમેશ પાહરો ભરવાનું મારે અશકય થઈ પડયું હતું

"હેવાન જેવા ધણી!"

"હોટેલના એક રૂમમાં હું દાખલ થતી વેળા મીસીસ રોબિન્સને પાડેલી બુમ.

"હું માંદો હતો, તે વેળાએ મધરાતે ઉઠીને ચેપલ–સ્ટ્રીટનાં આગર કર્ઝન–સ્ટ્રીટનાં મકાનપર જઇ પાહરો ભરવો એ મને કંટાળા ભરેલું લાગવા માંડયું.

"એ બાબત એટલી બધી અચોકસ હતી કે, એડીકાંએ સુચના કરી કે, આ ઘાટ પારિસમાં રચાવો જોઇએ.

સ–એ સુચનાને બીજાંઓએ સંમતિ આપી?

જ–જે દરેક બાબત કરવામાં આવતી, તે માટે દરેક જણની બરાબર સંમતિ લેવામાં આવતી. રોબીન્સન, મીસીસ રોબીન્સન, હોબ્ઝ અને મીસીસ બીવન એ જાણતાં હતાં.

સ–અને તું અને એડીકાં તો એ જાણતાંજ હતાં, રોબીન્સન પારીસ જવાનો હતો કે?

જ—નહી.

"પારસીમાં હું આવ્યા પછી, એડીકાં મને હોટેલ સેંટ જેન્સ

એંડ આલ્બનીમાં લઇ જવા માટે, મને મળવા આવ્યો-એ હોટેલમાં મેં મીસીસ રોબિન્સન અને મીસીસ બીવનને જોયાં"

મીસીસ રોબિન્સને મને પોતાનો બેડરૂમ (સુવાનો ઓરડો) બતાવ્યો.

લોર્ડ ડાર્લીંગ-એ વેળાએ તેં ઓરડામાં મીસીસ રોબીન્સન અને મીસીસ બીવને સાથે જોયાં?

કાવતરાંની રચના.

ન્યુટન-હા. મીસીસ રોબીન્સને તેણીને બેડરૂમ (સુવાનો ઓરડો) મને બતાવ્યો.

ન્યુટને કહ્યું કે, મીસીસ રોબીન્સને જ્યારે મને તેનો સુવાનો રૂમ બતાવ્યો, ત્યારે એડીકાં, મીસીસ બીવન, મીસીસ રોબિન્સન અને મારી વચ્ચે એવી ગોઠવણ થઇ કે, મારે ત્યાં બીજી સવારે ૭ અને સાતની વચ્ચે જવું.

મીસીસ રોબિન્સને મને કહ્યું કે, "તારા માર્ગમાં કાંઇપી અડચણ મુકવામાં આવશે નહિ."

"મારે એ રૂમમાં થોડી મીનીટથી વધારે નહિ રહેવું, અને મારે જોઇતી સાબીતી મળી ગઈ છે, એમ કહેવું."

મીસીસ રોબિન્સને શું કરવું, એ બાબત તેની ઉપરજ છોડવામાં આવી હતી.

બીજી સવારે હું સેંટ જેમ્સ એંડ આલ્બની હોટેલમાં દાખલ થયો, ત્યારે કોઇએ પણ મને અટકાવ્યો નહિ.

"હું સીધો "મી૦ એ."ના ઉતારા પર ગયો અને "સેલુન" (ભપકાબંધ દીવાનખાનાં)માં દાખલ થયો, અને ત્યાંથી જમણી બાજુએ આવેલા સુવાના ઓરડા સુધી ગયો."

"બારણાં પર મેં ટકોરા માર્યા, અને લગભગ તેજ પળે હું અંદર દાખલ થયો."

"મને યાદ છે તે મુજબ, હું દાખલ થયો કે, બધી બતીઓ બુઝાઇ ગઇ."

ન્યુટને વધુમાં જણાવ્યું કેઃ––"મારા હેવાન ધણી!" "મારા હેવાન ધણી!" એમ કહીને મીસીસ રોબીન્સને મારા પર હુમલો કીધો. તેણે એમ પણ કહ્યું કે, "તું આવુંજ કરે તેવો છે."

"બેડ રૂમનો આગળો ઉઘાડો હતો!"

હોટેલ રૂમમાંના 'સીન' સંબંધી ન્યુટનને લોર્ડ ડાર્લીંગના સવાલો.

ન્યુટને કહ્યુ કેઃ––

"મીસીસ રોબીન્સને મને નહોર ભરાવીને સેહેજ ચીરી નાખવાની કોશેષ કરી–આથી મારે તેને ધીમેથી કહેવું પડયું કેઃ "હવે બસ રાખ, નહિં તો તું મારી પાક પાછળનાં કપડાં પણ ચીરી નાખીશ." (હસાહસ.)

"મી૦ એ." એ (રાજા હરિસીંગે) તેને શાંત પાડવાની કોશેષ કરી, અને તેણીને કહ્યું "મોડી! ગમે તેમ પણ તે તારો ધણી છે."

"મી૦ એ." (રાજા હરિસીંગ)ને મેં કહ્યું.

"હવે મારે જોઇતો હતો તે બધો પુરાવો મને મળી ગયો છે. અને હવે હું તેને "ગુડ મોર્નીંગ" કહીને તારી રજા લઇશ."

"મને માલુમ છે ત્યાં સુધી, એ વખત સુધી "મી૦ એ." એ રોબીન્સનને અગર મને કદી જોયો ન હતો.

સ–એની વલણ કેવી હતી?

જ–"એક કાળો માણસ" જને 'ધોળી પુણી જેવો' થઇ શકે તો તેવો તે થઇ ગયો હતો. (હસાહસ.)

સ–એ વાત ખરી છે કે, મીસીસ રોબીન્સને અંદરથી સુવાના ઓરડાનું બારણું ઉઘાડયું ?

જ–મારી જાણ મુજબ. કોઇબી બારણું અંદરથી ઉઘડયુંજ હતું.

લોર્ડ ડાર્લીંગ–તેં એમ કહ્યું કે, " છેવટે મેં તમને બરાબર સપડાવ્યાં છે?"

જ–મને તેની કાંઇ યાદ નથી.

સ–તું સતાવવામાં આવતા ધણીનો ભાગ ભજવતો હતો ?

જ–હા.

ધણીનો ભજવતો ભાગ.

સ–તેં એમ કહ્યું કે નહિ, એ તું જાણે છે?

જ–મને એની કાંઇ યાદ નથી. મેં કહ્યું.

"હવે મારે જોઇતો પુરાવો મળી ગયો છે."

"એજ રાતનાં હું પારીસથી ઉપડયો. એ પહેલાં એડીકાં મારી હોટેલ પર મને મળવા આવ્યો.

ન્યુટને જણાવ્યું કે, એડીકાંએ મને કહ્યું કેઃ—

"હું "મી૦ એ." સાથે છેલ્લા કેટલાક કલાક હતો, અને આ બાબત 'સેટલ' (માંડવાળ) કરવાનું મારી મુન્સફી પરજ છોડવામાં આવ્યું છે."

એડીકાંએ મને કહ્યું કેઃ

"મેં "મી૦ એ." (રાજા હરિસીંગ)ને આ બાબતની સમાધાની ન થાય ત્યાં સુધી–પારીસમાંજ રહેવાનું કહ્યું છે."

તેણે વળી મને ખબર આપી કે, "બંને બાઇઓ એજ રાતનાં પારીસ જનાર છે. અને હું પણ લંડન જાઉં છું, અને હું પણ પારીસથી ઉપડી લંડન આવું તો સારૂં."

મેં એમ કહ્યું, "પારીસથી, હેવર થઇને હું સધેમ્પટનને રસ્તે લંડન આવ્યો.

"ટ્રેન ઉપડી ગઇ, ત્યાં સુધી મેં કોઇને સ્ટેશને જોયાં નહિ. મીસીસ રોબિન્સન, મીસીસ બીવન અને એડીકાં, એ ટ્રેનમાંજ હતાં એમ તરતજ મને માલુમ પડયું. તેઓ સૌએ ટ્રેનમાં સાથે જમતાં હતાં."

"છુપી પોલીસની તપાસ?"

રોબિન્સને અલગ રહેવાને શા માટે કહ્યું?

એ પછી તરતજ, હોબ્ઝ અને એડીકાં હાફ-મુન સ્ટ્રીટમાં મારી પાસે આવ્યા, અને મને દરેક ૧॥ લાખ પાઉંડના બે ચેકો બતાવ્યા.

એ વેળાએ ચેકની પાછળ કાંઇપણ લખાણ ન હતું. એકનાં પર ૩૦ મી ડીસેંબરની તારીખ હતી. બીજાપર તારીખ ન હતી.

એડીકાંએ ખુલાસો કીધો હતો કે, તારીખવાળા ચેકનાં નાણાં તાબડતોબ મળશે, પણ તારીખ વીનાના ચેકનાં નાણાં માટે હિંદુસ્થાન તારો કરવા પડશે.

લગભગ એ સમયે હોબ્ઝે મને રોબિન્સનની વલણ વિષે જણાવ્યું.

હોબ્ઝે મને કહ્યું કે, પારિસમાં મારી ગેરહાજરી દરમ્યાન, પુષ્કળ વાતો ચાલતી હતી. કાંઇક મુશ્કેલી અને કાંઇક ધાસ્તી જેવું-જણાય છે.

"છુપી પોલીસની વડી ઓફીસને આ બધી વાતની બાતમી મળી ચુકી છે. અને કોઇ માણસે સરકારી ઓફીસમાં જઇને ત્યાં કાંઇક ફર્યાદ કરી છે."

નાણાંની વહેંચણી.

હોબ્ઝે કહ્યું કે, આ બાબત મેં રોબીન્સનને કહી છે. તેણે કહ્યું કેઃ—

"જો એમ વાત હોય, તો મારે આ બાબત સાથે કાંઇ લેવા દેવા નથી. હું એમાંથી અલગ થઈ જાઉં છું, મારૂં નામ કોઇએ કહેવું નહીં."

"પોલીસ જો અહીં તમારી ઓફીસે તપાસ કરવા આવે, તો કહેવું કે, હું તો અહીં મારી નાદારી સંબંધમાં તમને મળવા આવ્યો હતો."

સ–હાફ–મુન સ્ત્રીટ, કે જ્યાં બંને ચેક રજુ કરવામાં આવ્યા હતાં–જેમાંનો ૧૫ લાખ પાઉંડ (રૂ. ૨૨॥ લાખ) નો એક ચેક પાછળથી વટાવવાનો હતો–ત્યાં આ નાણાં કેવી રીતે વહેંચવાં, એની કાંઇ ચર્ચા થઇ હતી કે?

જ–-રોબીન્સનની વલણને લીધે, તેને આમાં કાંઇ ભાગ ન આપવો, એવી સુચના થઇ હતી.

મેં કહ્યું કે, "મીસીસ બીવન અને મીસીસ રોબિન્સનને તો આપણે કોઇ રીતે અલગ રાખવી ન જોઇએ. એ બાનુઓએ પોતાનો ભાગ સુંદર રીતે ભજવ્યો છે."

"આથી અમુક ચર્ચા પછી, મી૦ રોબિન્સન અને બે બાઇઓને મળીને ૨૦ હજાર પાઉંડ (રૂ. ૩ લાખ) આપવાનું નક્કી થયું.

સર જોન–બાકીનાં નાણાંનું શું કરવાનું હતું?

ન્યુટન–બાકીનાં નાણાં, હોબ્ઝ, એડીકાં અને મારી વચ્ચે વહેંચી લેવાનાં હતાં.

૧,૫૦,૦૦૦ પાઉંડ (રૂ. ૨૨ાા લાખ)ના બીજા ચેકની શોધમાં–ન્યુટનની હિંદની મુસાફરી.

પોતાની સ્ત્રીના મરણને લીધે, 'મી૦ એ.'ને મળી શકયો નહિં—અગાઉથી વહેંચેલો ભાગ—હું ઇચ્છું છું કે, હું પ્રમાણીક રહ્યો હોત.'

જજે–ન્યુટનને પુછ્યું–૩ લાખ પાઉંડ (રૂ. ૪૫ લાખ)ના બે ચેકોનાં બાકીનાં નાણાંમાંથી ભાગ વહેંચ્યા નહિં?

જ–નહિં. ૧ાા લાખ પાઉંડ (રૂ. ૨૨ાા લાખ) માંથી બાકીનાં નાણાંના ભાગ પડયા.

સર જોન સાઇમન–"મી૦ એ." (રાજા હરિસીંગ)ની ચેક–બુકમાંથી આ બે ચેક લઇને એડીકાં આવ્યો. ત્યાં સુધી "મી૦ એ." એ (રાજા હરિસીંગે) કોઇ સોલીસીટરની સલાહ લીધી હતી કે?

જ–હું એ વિષે જાણું છું ત્યાં સુધી નહિં.

સર જોન–હોબ્ઝે ખાતું શરૂ કર્યું તે પહેલાં હોબ્ઝને તેં બીજી વખત જોયો હતો કે?

ન્યુટને જવાબ આપ્યો કે "મારી યાદ મુજબ, મેં અને હોબ્ઝે તા૦ ૩૦ મી ડીસેમ્બરે સાથે નાસ્તો (લંચ) લીધો હતો."

"હોબ્ઝે એ વેળા કહ્યું કે, મારે (ન્યુટને) ચેક લેવો જોઇએ, અને રોબીન્સનના નામે ખાતું ખોલવું જોઇએ.

મેં (ન્યુટને) જણાવ્યું કે, "નહિં. આ બાબત રીત સર કરવા માટે અને બધાની સલામતીની જોગવાઇ કરવાને તને (હોબ્ઝને) અંદર લાવવામાં આવ્યો છે."

ખોટી સહી કરવા માટે સજા.

સર જોન–હું દીલગીર છઉં કે, મારે તને પુછવું પડે છે. પણ

મારે હમણાંજ પુછવું જોઇએ. તને ખોટી સહી કરવા માટે સજા થઇ હતી ?

જ–હા. સજા થઇ હતી. જો તેમ ન થયું હોત, તો ૩૦૦૦ પાઉંડ તો શું, પણ ૨૦ હજાર પાઉંડ (રૂ. ૪॥ લાખ) માટે પણ અહીં હાજર થાત નહીં.

સ–૧૯૦૭માં તને સજા થઇ હતી ?

જ–હું ધારૂં છું કે, એજ વરસમાં સજા થઇ હતી.

સ–અને તેને માટે તેં જેલની સજા ભોગવી છે ?

જ–હા.

સર જોન–ત્યારે બેંકમાં તારેજ ચેક ભરવાનું આમંત્રણ તને ખેંચાણકારક લાગ્યું નહિ ?

લોર્ડ ડાર્લીંગ–હું ધારૂં છું કે, તમારે એમજ સમજવું કે "દુધનો દાઝેલો, છાસ ફુંકીફુંકીને પીએ." (હસાહસ).

ન્યુટને એ પછી જણાવ્યું કેઃ—

"લંચ પછી હું અને હોબ્ઝ ટેક્ષીમાં બેઠાં. અને અમે કીંગ્ઝવે પર આમથી તેમ ટેક્ષી દોડાવી, એને છેલ્લે હોબ્ઝે જઇને એક બેંકમાં ૧,૫૦,૦૦૦ પાઉંડનો (રૂ. ૨૨॥ લાખનો) ચેક ભર્યો."

સ–લંચ (નાસ્તા) વેળા કે તે પછી ટેક્ષીમાં ચાલેલી ચર્ચા દરમ્યાન રોબિન્સનના નામનું ખાતું ઉઘાડવાની હોબ્ઝે કાંઇ પણ વાતચિત કરી હતી કે ?

જ–અલબત, લેલાશક. કારણ કે તેણે પોતેજ રોબીન્સનને ચેક પગાર કરવા માટે, ચેક પર સહી કરી હતી.

જજ–એ સહી કયારે કરી ?

ન્યુટન–તેનો મને કાંઇ ખ્યાલ નથી.

જજ—તેં જ્યારે પહેલાં ચેક જોયો, ત્યારે તેનાં પર સહી ન હતી—એ સહી કરતાં. તેં હોબ્ઝને જોયો હતો ?

જ—નહિં.

સર જોન—ટેક્ષી કેબમાં તેની પાસે ચેક હતો, તે વેળાએ તે "એન્ડોર્સ" (સહી કરેલો હતો કે ?)

જ—હા.

સ—રોબિન્સનને ૧,૨૫,૦૦૦ પાઉંડ અગર તો ૧,૨૦,૦૦૦ પાઉંડ (રૂ. ૧૮ લાખ) આપવા, એવો ઇરાદો જાહેર કરવામાં આવ્યો હતો ?

જ—જરાએ નહિ.

જજ—જો એને ૧,૨૫,૦૦૦ પાઉંડ (રૂ. ૧૮॥ લાખ) આપી દેવામાં આવે, તો પછી બીજા મહેનત કરનારાઓને માટે કાંઇ પણ ન રહે. (હસાહસ.)

સર જોન સાઇમન—બેંકમાંથી ૧,૫૦,૦૦૦ પાઉંડ (રૂ. ૨૨॥ લાખ) ઉપાડવાનું હતું ?

જ—અલબત, હોબ્ઝ.

" હોબ્ઝને હું બેંકમાં ચેક ભર્યો, તેને બીજે દહાડે મળ્યો. હોબ્ઝે મને કહ્યું કે, મેં રોબિન્સનના નામનું ખાતું ખોલ્યું છે, અને એ રકમ ઉપાડવા માટે ખાસ સુચનાઓ આપી છે."

ભાગ વહેંચી લેવાની કહાણી.

મિસીસ બીવનના ૪૦૦૦ પાઉંડ (રૂ. ૬૦ હજાર) રોબીન્સનને આપવાની વાત.

ન્યુટને ઉમેર્યું કે:—

"મને તે વેળા એમ લાગવા માંડયું હતું કે, હોબ્ઝે એનું ભેજું ગુમાવવાનું શરૂ કીધું છે."

લોર્ડ ડાર્લીંગ—એ માટેની શું નિશાનીઓ હતી ?

ન્યુટન—એ જાતનો ચેક ઉપાડવા માટે કાંઇ ખાસ હેતુ ન હતો, છતાં એ રીતે ઉપાડવાથી વાત જાહેર થઈ જવાનો સંભવ હતો. મારો ખ્યાલ એવો હતો કે, ચેકની એટલી મોટી રકમને લીધે, તેની અક્કલ ગુમ થતી જતી હતી.

સ—તેણે એમ તને કહ્યું ?

જ—હા.

સ—બેશક, તું જાણે છે કે, છુપી પોલીસ એ બાબતમાં તપાસ ચલાવતી હતી ?

જ—હા. હું જાણતો હતો. મારા લોર્ડ.

સ—એટલા માટે, એને તેં એમ કહ્યું હતું ?

જ—હા.

સર જોન સાઇમને પુછ્યું કેઃ—

" એ ખાતામાંથી હોબ્ઝે કોઇ પણ રકમનો ચેક લખીને નાણાં ઉપાડયાં, તે અગાઉ રોબીન્શનને કેટલી રકમ આપવી, તે સંબંધી કાંઇ વધુ ચર્ચા થઈ હતી ?

દરેક પ્રપંચીને મળેલા રૂ. ૬ લાખ.

ન્યુટને જવાબ દીધો, હોબ્ઝે મને ખબર આપી કે, ૨૦ હજાર પાઉંડ લઇ સમજુતી કરવાની વાત હતી પણ એટલી નાની રકમનો ખ્યાલ રોબીન્સને ધીક્કારી કાઢયો.

"પાછળથી હોબ્ઝે તેને કહ્યું કે, વધુ રકમ મળી શકે છે કે કેમ તે હું જોઉં છું, અને તે ૨૫ હજાર પાઉંડ (રૂ. ૩॥। લાખ) આપવા કહ્યું. અને તેણે એ કબુલ રાખ્યા."

હોબ્ઝે ૧,૩૦,૦૦૦ પાઉંડ (રૂ. ૧૯॥ લાખ) ના ચેકનાં રોકડ નાણાં લીધાં, તે પછી તરતજ હું હોબ્ઝ સાથે પારીસ ગયો.

હોબ્ઝે ૧,૨૦,૦૦૦ પાઉંડ (રૂ ૧૮ લાખ) ની બેંક નોટો લઇને એંગ્લો-સાઉથ અમેરીકન બેંકમાં ગયો. એ નાણાં પછી વહેંચી લેવામાં આવ્યાં. હું ધારૂં છું કે, મને (હોબ્ઝને) અને એડીકાંને એમ દરેકને ૪૦ હજાર પાઉંડ (રૂ. ૬ લાખ) મળ્યા.

તા૦ ૧૭ મી જાનેવારીએ હોબ્ઝની ઓફીસમાં ૨૫ હજાર પાઉંડની રકમની "વહેંચણી" કરવામાં આવી, તે વેળાએ હોબ્ઝે, મી૦ અને મીસીસ રોબિન્સન, એડીકાં અને હું પોતે, એટલાં હાજર હતાં.

અમને દરેક ૪૦૦૦ પાઉંડ. (રૂ. ૬૦ હજાર) મળ્યા પણ એડીકાંને ૫૦૦૦ પાઉંડ (રૂ. ૦ાા લાખ) મળ્યા. મીસીસ બીવનના ૪૦૦૦ પાઉંડ રોબીન્સનને આપવામાં આવ્યા હતા.

માત્ર રૂ. ૩ાા લાખ મળવાનો રોબીન્સનનો ખ્યાલ.

ન્યુટને કબુલ કર્યું કે, એ વેળા રોબિન્સન એવા ખ્યાલમાં હતો કે, " માત્ર ૨૫ હજાર પાઉંડ (રૂ. ૩ાા લાખ) મળ્યા છે. બીજા ચેક સંબંધમાં, તેને હોબ્ઝ અને એડીકાંએ કહ્યું કે, " મી૦ એ. " ના તરફથી કામ કરતા સોલીસીટરને ચેક-બુક લેવા માટે ફરમાસ થઇ હતી.

એ ત્રણ વરસ જવા પછી મેં સાંભળ્યું કે, બીજો ચેક અટકાવવામાં આવ્યો હતો.

સર જોને પછી ન્યુટનને પુછ્યું કે, તેં પછી હિંદુસ્થાન જવા માટે પરવાનો માગ્યો હતો કે?

હિંદ જવાનો પરવાનો.

ન્યુટને જવાબ આપ્યોઃ—

" રોબિન્સનના નામે પરવાનો મેળવવાની મેં અરજ કરી-મારો હેતુ "મી૦ એ." (રાજા હરિસીંગ) ને મુલક, બીજા ચેક સંબંધમાં

જવાનો હતો. પરવાનો મારા કબજામાં કદી આવ્યો ન હતો—અને પરવાનો કદી આપવામાં આવ્યો કે નહીં, એ બી મને ખબર નથી. રોબીન્સનને નામે મેં કદી પણ મુસાફરી કરી નથી.

હું પૂર્વના દેશોમાં ગયો હતો, અને મારેજ નામે મુસાફરી કરતો હતો.

સ—પૂર્વના દેશની આ મુસાફરી, "મી૦ એ." (રાજા હરિસીંગ) ના સમાગમમાં ફરી પાંછા આવવા માટે કરવાની હતી કે?

જ—હા. આડકત્રી રીતે ખરી.

સ—ખરૂં જોતાં "મી૦ એ." (રાજા હરિસીંગ)ને કદી જોયા કે?

જ—નહિં

લોર્ડ ડાર્લીંગ—હું કદિ પૂર્વમાં ગયો નથી, પણ હું એવી કલ્પના કરૂં છું કે, તે ત્યાં ખલાસજ થયો હત.

૧૦ હજાર પાઉંડ (રૂ. ૧॥ લાખ)ની લુંટ ચલાવવાનો ઈન્કાર:

ન્યુટને ઉમેર્યું કે, હું જાણું છું, ત્યાં સુધી, "મી૦ એ." એ (રાજા હરિસીંગ) બીજા ચેક માટે એક પાઇ પણ આપી નથી.

મીસીસ રોબીન્સન સાથેના તેના સંબંધને લગતી વાતોનો તેણે ઇન્કાર કીધો હતો.

તા૦ ૧૭ મી જાનેવારીએ ૨૫ હજાર પાઉંડ વહેંચી લેવાને બદલે, માત્ર ૪૦૦૦ પાઉંડ સીવાયની ૨૫ હજાર પાઉંડ (રૂ. ૩॥ લાખ)ની બધી રકમ તેણીને રાખવા દેવામાં આવી હતી, એવી મીસીસ રોબીન્સને કરેલી વાત તદ્દન જુઠી છે.

સ—એ વાતના ટેકામાં તેણીએ એમ જણાવ્યું હતું કે, આ બધાં નાણાં તેણીની પાસે રહેવા દીધાં પછી તરતજ, તું તેણીનાં રૂમમાં હાજર થયો, અને હું ધારૂં છું કે, તેણીનાં ૧૦,૦૦૦ પાઉંડ

(રૂ. ૧ાા લાખ) લુંટી ગયો એમાં સત્યનો એક બોલ બી છે કે?

જ—મને એજ વેળાએ ૪૦,૦૦૦ પાઉંડ (રૂ. ૭ લાખ) અને ૪૦૦૦ પાઉંડ (રૂ. ૬૦ હજાર) મળ્યા હતા, અને ઉપલી વાતમાં એક બોલ પણ સાચો નથી.

લોર્ડ ડાર્લીંગ—"થોડા વખત માટે, તને ચાલે એટલાં પુરતાં નાણાં મળ્યાં હતાં." (હસાહસ.)

પોલીસ કોર્ટમાં થયેલી સજા.

"હું બેશુધ થઇ ગયો, અને શુદ્ધિમાં આવતા જાણ્યું કે, "૨૦ મહિનાની સજા થઈ હતી."

એ પછી લોર્ડ હૅાલ્સબરીએ ન્યુટનની ઉલટ તપાસ લેવા માંડી.

ન્યુટને જણાવ્યું કે, મેં છાપાનાં રિપોર્ટ વાંચ્યા છે, પણ માસીસ રોબીન્સને મને "ઓ હેવાન"! એમ કરીને કહ્યું, એવું વાંચેલું યાદ નથી.

સ—તારે માટે એ વર્ણન સામાન્ય રીતે ખરૂં છે?

જ—એ વિષે તમને ફાવે એ મત બાંધો.

સ—તું તદ્દન અપ્રમાણિક અને આબરૂવિનાનો માણસ છો?

જ—ના.

સ—તારામાં પ્રમાણિકપણું છે?

જ—હા.

સ—અને આબરૂ?

જ—હા. મારા મિત્રોમાં છે.

લોર્ડ હૅાલ્સબરી—"ખરૂં કહીએ તો, લગભગ તારી આખી જીંદગી તેં ધમકીઓ આપીને નાણાં મેળવવાનો ધંધો કર્યો છે?"

ન્યુટન હસ્યો, પણ જવાબ આપ્યો નહિં.

સ—તું હા કહે છે કે ?

જ—હું હા કહેતો નથી; હું ના કહું છું. મને દમ ભરાવવામાં હું તમને મદદ નહિં આપું,

સ—તેં કેટલાં લોકોને ધમકી આપીને નાણાં કઢાવ્યાં છે ?

જ—કોઈને પણ નહિં ?

સ—"મી૦ એ." (રાજા હરિસીંગ) ને પણ નહિં ?

જ—મેં એમાં ભાગ લીધો હતો. મેં એની બધી વીગતોનો ખુલાસો કીધો છે.

કાવતરૂં અને બનાવટી સહી.

સ—ઓલ્ડ બેલી (લંડન) ની પોલીસ કોર્ટમાં તને ગુન્હેગાર ઠરાવી ૨૦ મહિનાની સખ્ત મજુરી સાથની જેલની સજા થઈ હતી કે ?

જ—ખરૂં.

સ—તારી સામે કાવતરૂં રચવા અને બનાવટી સહી કરવાનો ગુન્હો હતો. તેં સર જ્યોર્જ લુશનો નોટ પેપર મેળવ્યો, અને એક છાપખાનાવાળાને ત્યાં તેની નકલ બનાવી ?

જ—મારે માટે કોઇ બીજાએ નકલ બનાવી—જો કે તે એકનું એકજ છે.

ન્યુટને પછી કહ્યું કે, "એ કેસમાં એક બાનુ સંડોવાયલી હતી. સર જ્યોર્જ લુશએ એ બાનુનાં પર કામ ચલાવ્યું નહિં. મારી સામે કેસ ચલાવવામાં આવ્યો."

"મારો બચાવ આર્થર ન્યુટને કીધો હતો. તેણે બીલકુલ બચાવ કીધો નહિં. કોઈ ધારાશાસ્ત્રી રોકયો નહિં. મારી સાથે બીજા માણસ સામે પણ કેસ ચાલ્યોઃ નિર્દોષ હતો.

"હું ઓલ્ડ બેલીની કોર્ટમાં આવ્યો, ત્યારે મારા મગજમાંથી

એ બીજા માણસનો બોજો કાઢી નાખવા માગતો હતો. એને માટે મારાથી જે બની શકયું તે કર્યું, પછી હું બેશુધ્ધ થઈ ગયો. મેં કહ્યું કે, "એ કાગળનો શું ઉપયોગ કરવાનો હતો, તે મુદ્દલ જાણતો ન હતો."

"શુધ્ધીમાં આવતાં, પહેલી મને એ ખબર પડી કે, મને ૨૦ મહીનાની જેલની સજા થઇ હતી. મેં બીલકુલ બચાવ કીધો ન હતો."

જજ—એ બચાવ કરનાર આર્થર ન્યુટન સોલીસીટર હતો—જેને હાઈ કોર્ટનાં દફતરમાંથી રદબાતલ કીધો છે?

ન્યુટન—હા.

"ચૈરીનું વેચાણ."

લોર્ડ હૅાલ્સબરીઃ તેં કહ્યું કે, તું પ્રમાણિક માણસ છો? સર જ્યોર્જ લુઈનાં નામના બનાવટી નોટપેપર પર ખોટી સહી કરવાનું કામ પ્રમાણિક હતું?

ન્યુટન—મારા જવાબોને આમ તેમ ઉથલાવીને બોલો નહિ. હું પ્રમાણિક માણસ છઉં, એમ મેં કહ્યું નથી. "હું પ્રમાણિક છું," એમ કહી શકું એવું હું ઇચ્છું છું. મેં કહ્યું કે હું મારા મિત્રો સાથે પ્રમાણિક છઉં.

સ—મીસીસ રોબીન્સન, મી૦ રોબીન્સને અને મીસીસ બીવન સાથ કાવતરાંમાં સામેલ થવા જેટલો તું તેઓનો મિત્ર હતો?

જ—એ કારણસરજ કાંઇ હું મિત્ર ગણાઉં નહિ.

સ—લોર્ડોને ધાસ્તી આપીને નાણાં કઢાવનારાંઓમાં, પોતાનાં જોડીયા કાવતરાંખોરોથી—જે નાણાં મળ્યાં હોય—તે છુપાવવાનું અ-પ્રમાણિક ગણાય છે કે? એ આબરૂ ગણાય છે કે?

જ—એમ તો નહીં. હું ધારૂં છું કે, સંજોગો જોતાં એ

લોકો તરફ અસાધારણ સારી રીતે વર્તવામાં આવ્યું હતું. (હસાહસ)

સ–હવે તું મહેરબાની કરીને સવાલનો જવાબ આપીશ? એવું કરવું એ તારે માટે માન ભર્યું ગણાય કે?

જ––શું? એક માણસ પોતાની બૈરી વેચે, એવાં કવતરાંમાં હું સામેલ થાઉં તે?

લોર્ડ હાલ્સબરી–નહીં. તારા કાવતરાંખોરોથી–તારે મોટો ભાગ લેવા માટે–કેટલાં નાણાં મળ્યાં તે તેં જાણીબુજીને છુપાવ્યું તે?

જ–જ્યારે એક માણસ, અમુક ધંધામાંથી પોતાને અલગ જાહેર કરે, ત્યારે તેને કાંઈબી ભાગ અપાય, તો તેણે પોતાને ઘણો નસીબવાન સમજવો જોઈએ, એમ હું ધારૂં છું.

સ–તેં એડીકાંને પહેલાં કયારે જોયો?

જ–મીસીસ રોબિન્સને મને આ બબતની વાત કરી, તેને બીજે દિવસે. તેણીના ધણીનો ભાગ ભજવવા માટે હું ચાલી શકીશ કે કેમ, તે એડીકાં જોવા માગતો હતો.

સ– તેની ચાલચલણ અને રૂઢીઓનો તેં હવે અભ્યાસ કીધો છે. એ માણસને તું આબરૂદાર ધારે છે કે?

જ–નહિં. છ માંથી કોઈ આબરૂદાર નહીં. એ ટોળીમાંથી કોઇ પ્રમાણિક નથી.

સ–એમાં તેં ભજવેલા ભાગ માટે, તને ઘણીજ શરમ આવે છે?

જ–કુદરતી રીતેજ.

'મી૦ એ.' (રાજા હરિસીંગ) ની રાણીનું મરણ.

સ–આ શરમની લાગણી પહેલવહેલી તને કયારે થઇ?

જ–આ કાવતરાંનું ભોપાળું ફુટવાનો સંભવ ઉભો થયો ત્યારે.

સ–આ કાવતરૂં ગોઠવણુ મુજબ સફળ થયું ?

જ–હું ધારૂં છું કે, લગભગ ઠરાવેલા વખતસર સફળ થયું. ન્યુટને જણાવ્યું કે, "મેં રોબિન્સનને નામે .પરવાનાની અરજ કરી કારણકે જો બીજા ચેકનાં કાંઇબી નાણાં પગાર કરવાનાં હોય, તો હું મારી ઓળખાણ આપવાની તૈયારીમાં રહી શકું."

તેણે કહ્યું કે–"બીજો ચેક એડીકાંનાં કબજામાં હતો. હું કલકતે આવ્યો. એડીકાં મને મળ્યો. તેણે કહ્યું કે, 'મી૦ એ.' (રાજા હરિસીંગ) ઘણું કરીને વળતે દહાડે રેસમાં આવશે, અને તે મને (ન્યુટનને) જોશે એ ઠીક થશે, પછી શું કરવું તે એડીકાં કરી લેશે.

"બીજે દહાડે અગર તે પછીના દહાડે, એડીકાં મારી પાસે આવ્યો અને મને કહ્યું કે, "મી૦ એ." (રાજા હરિસીંગ)ની રાણી ઓચીંતી ગુજરી ગઇ છે.

આથી તેને પોતાને દેશ જવાનું છે, અને રીતસરની ધર્મ ક્રીયાઓ કરવાની છે, અને બે ત્રણ મહિના સુધી તેની પાસ જઇ શકશે નહિં."

"એ પછી ચાર પાંચ દિવસમાં હું પાછો યુરોપ જવા ઉપડયો."

"એડીકાંએ ઠગાઇથી મારી પાસેથી નાણાં કઢાવ્યાં."

સ–લેમોઇન નામનો આદમી તારો મિત્ર હતો કે?

જ–મને ખબરનથી. તે ઘણાં નામ ધારણ કરે છે. અને તે સરકારી કામ કરે છે તેમાં વાપરે છે. લેમોઇન તેની સાથે હિંદ આવ્યો હતો, એમ ન્યુટને કબુલ કીધું હતું.

સ—એડીકાંનો ભાગ, તેની પાસથી પાનાંનો જુગાર રમીને અગર ધમકી આપીને તેં લીધો હતો કે?

જ–હું એડીકાં સાથ પાનાં રમ્યો નથી, અને ધમકીથી નાણાં કઢાવવાની બાબતમાં તો મેં પોતે એડીકાંને પુષ્કળ નાણાં આપ્યાં છે–કેમકે તેણે મને ઠગ્યો છે.

એ પછી, ન્યુટનને એડીકાં પાસથી કેવા સંજોગોમાં નાણાં મળ્યાં, તેનું વર્ણન તેણે આપ્યું હતું.

તેણે જણાવ્યું કે, એડીકાંની તો ચોક્કસ ખાત્રી હતી કે, બીજા ચેકનાં નાણાં (રૂ. ૨૨॥ લાખ પણ) મળશે, અને તેણે મને એ ચેકના મારા હિસ્સાના આશરે ૬ લાખ ફ્રાંક (રૂ. ૪ લાખ) આપ્યા

ન્યુટને ઉમેર્યું: "એ ચેકનાં નાણાં મળ્યાં નહિ, એટલે કાંઇ એ નાણાં આપવાની મારી ફરજ ન હતી."

લોર્ડ ડાર્લીંગ–આથી મને "કલકત્તા સ્વીપ"ની યાદ આવે છે, (હસાહસ.)

"મેં ૧૦૦૦ પાઉંડ કેમ આપ્યા?"

ન્યુટને જણાવ્યું કે, એડીકાંએ મારી સામે ૧૭,૩૦૦૦ પાઉંડ (આશરે રૂ. ૨ લાખ) નો દાવો માંડયો, અને મેં જવાબદારી કબુલ રાખ્યા વિના ૧૦૦૦ પાઉંડ આપીને, દાવાની માંડવાળ કરી.

સ–તને જે નાણાં તેણે આપ્યાં હતાં, તે સંબંધમાં દાવો હતો કે?

જ–ખરી રીતે એમ હતું. પણ ખરૂં પુછો તો નાણાં ઠગાઇથી મળેલાં હતાં.

આ કેસમાં જેમ રોબીન્સન મૂર્ખ બન્યો છે, તેમ તે કોર્ટમાં જઇને મૂર્ખ બનાવાથી મેં તેને ૧૦૦૦ પાઉંડ આપ્યા હતા.

સ–ન્યાય અને ૩૦૦૦ પાઉંડ મળવાની ભેગી લાગણીથી તું આ દેશમાં આવવાને લલચાયો ખરૂં?

જ–નહીં, હું એ રીતે નહીં કહું.

ન્યુટનને જણાવ્યું કે:–"મારો ખ્યાલ એવો છે કે, મારી જીંદગીમાં, બનાવટી સહી કરવા માટે મને સજા થયલી હોવાથી, ગમે તે રીતે હું આ કેસમાં જુબાની આપીશ, એમ મેં નક્કી કર્યું,

કારણ કે હું ઓક્કસ રીતે જણાવી શકીશ કે, બીજા લોકો મારી પીઠ ઉપર સ્વાર થઇને પોતાની મુસીબતમાંથી તરી જવા માગે છે. આ જવાબ તમે પસંદ કરશો ?

સ—જો એમ હોય તો પછી, બેંક તને ૩૦૦૦ પાઉંડ આપે તોજ અહીં જુબાની આપવાને કેમ ખુશી હતો ?

જ—એ શરતોજ હું જુબાની આપવા ખુશી હતો, એમ હું કબુલ કરતો નથી.

ન્યુટને ઉમેર્યું:—

મેં જે એકરારો કર્યો છે, તેવા એકરાર કરવા તે એક માણસ માટે ખરેખરી કસોટી સમાન છે, એમ જોઇ શકે, એ બેંકને માટે ઘણું સારૂં કહેવાય, અને એ કારણથી તેઓએ મારા તરફ તેવું વર્તન ચલાવ્યું છે."

સ—આ દેશમાં રહેવાનો તારો ઇરાદો છે કે ?

જ—હાલ તુરત, આ દેશ છોડી જવાંનો મેં વીચાર કર્યો નથી. આ પછી ન્યુટન સાક્ષીનું પીંજરૂં છોડી ગયો હતો.

પ્રેક્ષકો સામે હોબ્ઝનો ગુસ્સો-" હસતા વાંદરાઓ ?"

રૂ. ૨ાા લાખનો બીજો ચેક કેવી રીતે અટકાવ્યો તેની કહાણી

મી૦ એ." સાથનાં મીસીસ ફ્લોરંસ રોબિન્સનના પ્રેમપાશ ઉપરથી ઉભા થયેલા, રૂ. ૨૨ાા લાખના ચેકનાં કાવતરાંના કેસની જુબાની ગઇ તા૦ ૨૭ મીએ ખલ્લાસ થઇ હતી, અને સર જોન સાઇમને જવાબદાર મિડલેંડ બેંક તરફથી બચાવ પક્ષનું છેલ્લું ભાષણ શરૂ કીધું હતું.

છેલ્લાં દેખાવોમાં, બેંકમાથી નાણાં ઉપાડનાર હોબ્ઝ, કે જે

આ કાવતરાંમાં સામેલ હતો, તેનો ગુસ્સા ભરેલો પોકાર જાણુવા-જોગ હતો.

તે બુમ પાડી ઉઠયોઃ "ઓ વાંદરાઓ! મારાં દુઃખ તરફ હસતાં વાંદરો." કોર્ટમાં હસાહસ ચાલી રહેવાથી હોબ્ઝનો ક્રોધ સળગી ઉઠયો હતો, પણ લોર્ડ ડાર્લીંગે તેને સખ્તાઇથી પીંજરૂં છોડી જવાનો હુકમ કીધો હતો.

'નાલેસી દુર રાખવી'

એ હેતુના દબાણુ હેઠળ 'મી૦ એ.' અને એડીકાંએ નાણાંની જંગી રકમ આપવાનો ઠરાવ.

"મી૦ એ." (રાજા હરિસીંગ)નાં ૧।। લાખ પાઉંડ (રૂ. ૨૨।। લાખ)ના ચેક સંબંધી કેટલીક નવી હકીકતોનો ભેદ, "રોબીન્સ, હે, વોટર્સ એંડ હે"ની પેઢીના ભાગીઆ, મી૦ માર્ક ફ્રાન્સીસ વોટર્સ સોલીસટરે પોતાની જુબાનીમાં ખુલ્લો કીધો હતો.

તેણે કહ્યું કે, ડબલીનની જે સોલીસટરની પેઢીના અમે એજંટ હતા, તે પેઢીની માર્ફત મને પહેલાં આ કેસ સંબંધી ખબર પડી.

તા૦ ૨૯ મી ડીસેમ્બર ૧૯૧૯ ને દહાડે એડીકાંએ મારી પાસે આવીને કહ્યું કે, "મારો એક મિત્ર એક સ્ત્રીની સાથે પેરિસની હોટેલમાં સુતેલો હતો, ત્યાં તેને એ સ્ત્રિના ધણીએ પકડયો છે."

એડીકાંએ એ (મરદ) મિત્ર કોણ હતો, તે કહ્યું નહિં, પણ તેણે ઘણા અગત્યના આસામી તરીકે જણાવ્યો હતો.

તેણે કહ્યું કે, "મારા મીત્રને આ બાબતમાં તમારી સલાહની જરૂર છે."

મેં (સોલીસીટરે) તેને સલાહ આપી કે, "તેની સામે છુટાછેડાની

અરજી થાય ત્યાં સુધી તેણે કાંઇ પણ, કરવું નહીં."

એડીકાંએ પુછ્યું કે, "અમે લોકો પરદેશ રહીએ તો, છુટા-છેડાની અરજીના સમન્સમાંથી અમે બચીએ ખરા ?"

મેં તેને સલાહ આપી કે, "એમ બની શકેજ નહીં."

સર જોન સાઇમન–"લોકોએ એ જાણવાની જરૂર છે." (હસાહસ)

લોર્ડ ડાર્લીંગ–હા આપણે દેશી ઉદ્યોગોને ટેકો આપવો જોઈએ.

સમજુતી સંબંધી અજાયબી.

"તા૦ ૧૪ મી જાનેવારી ૧૯૨૦ ને દિને એડીકાં "મી૦ એ." (રાજા હરિસીંગ) સાથે મને મળવા આવ્યા."

મેં એડીકાંને કહ્યું: "હું ધારૂં છું કે, તમે મારી સલાહ મુજબ આ બાબતમાં કામ લ્યો છો ?"

તેઓએ કહ્યું:–

"અમોએ આ બાબતની માંડવાળ કરી છે. અને ૧।। લાખ પાઉંડ (રૂ. ૨૨।। લાખ) નો ચેક આપ્યો છે. અને એટલીજ રકમનો બીજો ચેક પણ આપ્યો છે, પણ તેને માટે નાણાંની જોગવાઇ થતાં સુધી એ ચેકનાં નાણાં લેવામાં આવશે નહિં."

મેં આ ગોઠવણ માટે મારો અચંબો બતાવ્યો, અને એડીકાંને કહ્યું: "મેં તેને કહ્યું હતું કે, તમારે કાંઈપણ કરવું નહિં, અને તમે નાણાંની એટલી મોટી રકમ આપી આવ્યા."

એડીકાંએ પોતાનાં ખભાં ચઢાવ્યાં, અને તેણે અને 'મી૦ એ.' બંનેએ મને સમજાવ્યું કે, આ બાબતને બીલકુલ જાહેરાત નહિ મળવાની ખાસ જરૂર હતી.

તેઓએ કહ્યું કે, "દબાણને લીધે, અને નાલેસી અટકાવવા ખાતર અમોએ આ જંગી રકમ આપી છે."

એ પછી તેઓએ મને આ કેસની બીજી પાર્ટીઓનાં નામ કહ્યાં.

સર જોન–'મી૦ એ.' (રાજા હરિસીંગ) તમને મળ્યા, તે અગાઉ, આ જંગી રકમ અપાઇ ચુકી હતી?

મી૦ વોટર્સ–હા. મહોંકણુ મંડાઇ ગઇ હતી.

જજ–તમે કહ્યું કે 'મને અચંબો લાગ્યો.' એમજ જોઇએ.

બીજા ચેકનાં નાણાંનો અટકાવ.

હોટેલમાં દરોડો પાડનાર રોબીન્સન ન હતો, એ જાણ્યા પછી લીધેલું પગલું.

મી૦ વોટર્સે વધુમાં જણાવ્યું કે, મેં જાનેવારીમાં પહેલવહેલી એવી સુચના સાંભળી કે, મીસીસ રોબીન્સન અને "મી૦ એ." ને પારિસનાં હોટેલમાં સાથે શોધી કાઢનાર માણસ, તેણીનો ધણી ન હતો.

"તા૦ ૧૪ મી જાનેવારીની મુલાકાત વેળા, એમ જણાવવામાં આવ્યું ન હતું."

"પહેલા ચેકનાં નાણાં અપાઇ ગયાં હતાં, પણ બીજા ચેકનાં નાણાં આપવાનું–તા૦ ૧૬ મી જાનેવારીએ સલાહથી અટકાવવામાં આવ્યું હતું."

"તા૦ ૧૪ મી જાનેવારીએ, એડીકાંએ રોબિન્સનના સોલીસીટરો તરીકે એપલટન એંડ કંપનીનું નામ આપ્યું હતું. તા૦ ૧૬ મી એ તેઓની સાથે સંદેશા ચલાવવાની મારી કોશેષ અફળ ગઇ, અને હું ધારૂં છું કે, હોબ્ઝને હું તા૦ ૧૯ મીએ મળ્યો."

સર જોન–હોબ્ઝના સંબંધમાં પણ, ખંતનું ફળ મળ્યું છે.

જજ—જે સોલીસીટરોનાં નામ ધારાપોથીનાં લીસ્ટમાં છે, તેઓની સાથે સંદેશા ચલાવવાની તમે કોશેષ કરી ?

સર જોન–તારીખો અર્થસુચક છે. તા૦ ૧૭ મીએ શું બન્યું, તે આપણે જાણીએ છીએ.

મી૦ વોટર્સ–હું હોબ્ઝને, એપલટન એંડ કંપનીની પોર્ચુગલ સ્ટ્રીટની ઓફીસમાં મળ્યો, અને આ કેસમાં જે રીતે કામ લીધું હતું, તે સંબંધી વાંધો ઉઠાવ્યો.

જજ-તમે શું કહ્યું એ અમને કહો. એ જાણવું ઘણું અગત્યનું થઇ પડશે.

મી૦ વોટર્સ—મેં કહ્યું કે, "આ કેસ સંબંધમાં, શરમભરેલી રીતે કામ લેવામાં આવ્યું છે," અગર તેવી મતલબના બોલો વાપર્યા. મેં કહ્યું કે, "એ નાણાંનો ઘણો મોટો ભાગ હું પાછો મેળવવા માગું છું."

લોર્ડ ડાર્લીંગ–એ વેળા હોબ્ઝ શું હોવાનો ઢોંગ કરતો હતો ?

મી૦ વોટર્સ–એપલટન એંડ કંપનીનો પ્રતિનીધી.

છેલ્લા શાક્ષીઓની જુબાની.

જરાક માટે શરત હારી જનારા ઘોડાપર રોબીન્સનની રૂ૦ ૨ા હજારની બેટીંગ.

"મી૦ એ." (રાજા હરિસીંગ)ના સોલીસીટર મી૦ વોટર્સે વધુ જુબાની આપતાં જણાવ્યું કે:–

"મેં હોબ્ઝને એમ પણ જણાવ્યું કે, "મી૦ એ." (રાજા હરિસીંગે) મારી સલાહ ઉપરથી બીજા ચેકનાં નાણાં પગાર થતાં અટકાવ્યાં છે. તેણે મને જણાવ્યું કે, મી૦ અને મીસીસ રોબીન્સનને તે સારી રીતે જાણે છે, અને કોઈ પણ જાતનું કાવતરૂં રચાયું ન હતું.

"મેં ફરીથી જણાવ્યું કે, મેં મેળવેલી ખબર ઉપરથી તો

જણાય છે કે, કાવતરૂં રચાયું હતું. હૉબ્ઝ પછી દેખીતી રીતે બીજા ચેકનાં નાણાં અટકાવવામાં તરત એકમત થયો, અને કહ્યું કે, " હું મારાં કુલને એ ચેક ચુલામાં નાંખવાને જણાવીશ."

સર જોન-તમે કહો છો કે, હૉબ્ઝે તમને કહ્યું કે, આમાં બીલકુલ કાવતરૂં નથી. એ ખુલાસો તેને પોતાની મેળે કર્યો, કે કાવતરૂં અગર પ્રપંચ અગર ધમકીથી નાણાં પડાવી લેવા સંબંધી તમે કાંઇ વાત કરી હતી ?

મી૦ વોટર્સ—હા. મેં કહ્યું કે, આ એક ધમકી આપી લોકોનાં નાણાં કઢાવવાનું રીતસરનું કાવતરૂં છે.

જજ-તમે એ રીતે વાત શરૂ કરી ?

મી૦ વોટર્સ—હા. મારા લોડ.

સ-એ દહાડા અગાઉ, હૉબ્ઝ વિષે તમે કાંઇ જાણતા હતા કે ?

જ—કાંઇ ચોક્કસ નહિં.

સ-તમે તેને ઘણી વખત 'લો સોસાયટી'માં મળ્યા ન હતા ?

જ-નહિ, હું મળ્યો નથી. (હસાહસ.)

સ—તેણે તમને કદી સલાહ આપી નથી ?

જ—નહિં. હું તેને મેનેજર કહું છું.

સર જોન સાઇમન-તમે અત્યારે કોર્ટને જે કહ્યું, તે કહેવાની " મી૦ એ." (રાજા હરિસીંગે) તમને સત્તા આપી છે ?

વોટર્સ-હા.

૩. ૩ લાખની માગણી.

બીજો ચેક પાછો આપી દેવા માટે એડીકાંને જોઇતાં નાણાં.

એ પછી મી૦ વોટર્સે લોર્ડ હૅાલ્સબરીની ઉલટ તપાસમાં કબુલ

કીધું હતું કે, "મી૦ એ." એ (રાજા હરિસીંગે) દબાણને લીધે નાણાં આપવા સંબંધમાં કાંઇક કહેવામાં આવ્યું હતું.

સ–છુટાછેડા કરવાનું દબાણ, તમે સમજ્યા હતા કે ?

જ–છુટાછેડાનું અને જાહેરાત આપવાની ધમકી.

સ–છુટાછેડાના કેસની તપાસની જાહેરાતની ધમકી ?

જ–બેશક.

સ–તમે બે ચેક રજુ કીધા. એક ચેક રજુ કરવામાં આવ્યો, અને બીજો રજુ નહિ થયો, જે ચેક કદી રજુ થયો ન હતો તે તમારા કબજામાં કેવી રીતે આવ્યો ?

જ–"મી૦ એ." (રાજા હરિસીંગ)ના લંડનના બેંકરો તરફથી મને તે મળ્યો.

સ–એ ચેક તેઓને કેવી રીતે મળ્યો, તે તમે જાણો છો ?

સ–મેં એ વાત સાંભળી છે. એ ચેક તેઓએ મેળવવામાં મારો હાથ ન હતો.

સ–એ ચેક એડીકાં પાસેથી મળ્યો કે કેમ, એ તમે જાણતા નથી ?

જ–એની પાસેથી મળ્યો એ હું જાણું છું.

સ–એડીકાં પોતાને માટે કાંઇ રકમ મેળવવાની કોશેષ કરતો હતો કે ?

જ–મારૂં એવું માનવું છે.

સ–એ ચેક આપી દેવા અગાઉ તેણે નાણાં માગ્યાં હતાં ?

જ–મને એવું જણાવવાની ફરમાસ થઈ છે.

સ–કેટલાં નાણાં માગ્યાં હતાં ?

જ–૨૦ હજાર પાઉંડ (રૂ. ૩ લાખ.)

સ–હું એમાં સુધારો કરૂં કે ?

જ-તેણે ચેક આપવા પછી તેને ૨૦,૦૦૦ પાઉંડ આપવા, એવી માગણી કરી હતી.

સ-એને એ અથવા કોઇપણ રકમ આપવા વિરૂદ્ધ તમે સલાહ આપી?

જ-તેણે અમારી સામે સમન્સ કાઢવાની ધમકી આપી, અને મેં કહ્યું કે: "હું આશા રાખું છું કે, અમને સમન્સ મળશે."

જજ—પછી સમન્સ મળ્યો?

મી૦ વોટર્સ—નહીં, મારાં લોર્ડ હજી સુધી નથી મળ્યો. (હસાહસ.)

લોર્ડ ડાર્લીંગ-તમે અમને કહ્યું કે, તમે હોબ્ઝને શરૂઆતમાંજ એમ કહ્યું કે "ધમકી આપીને નાણાં કઢાવવાનું આ એક રીતસરનું કાવતરૂં છે." કાંઇ બીનાઓને આધારે તમે એ છેવટ પર આવ્યા?

જ-કોઇબી બિના નહીં. હું હોબ્ઝને દમ ભરાવવાની કોશેષ કરતો હતો.

સ-તેઓને ૧,૫૦,૦૦૦ પાઉંડ (રૂ. ૨૨॥ લાખ) મળ્યા હતા, એમ તે વેળાએ તમે જાણતા હતા, હોબ્ઝે તમને શું કહ્યું?

જ-તેણે કહ્યું કે, "અહો, કાંઈ કાવતરૂં છેજ નહીં. હું મી૦ અને મીસીસ રોબિન્સનને સારી રીતે પીછાનું છું." હું ધારૂં છું કે, એ વેળાએ તેણે તેઓનું લગ્નનું સર્ટીફીકેટ રજુ કીધું.

હોબ્ઝનો ગુસ્સો.

પાંજરૂં છોડી જવાનો હુકમ-"એવી ભાષા અહીં નહીં ચાલે."

સર જોન સાઇમને પછી જણાવ્યું કે, આ સંબંધી આગળ

વધવા અગાઉ, પાસબુક રજુ કરવા માટે હું હોબ્ઝને સાક્ષીનાં પીંજ-રામાં બોલાવવા માગું છું.

લોર્ડ ડાર્લીંગે પુછયું: "હોબ્ઝ કોર્ટમાં છે કે ?"

હોબ્ઝ કોર્ટમાં નથી, એવો તને જવાબ મળ્યો.

જજે ટીકા કરી કે "તેનો આ કેસમાં લાભ ખલાસ થયેલો લાગે છે." (હસાહસ.)

હોબ્ઝ કોર્ટની બહાર છે. એવું કહેવામાં આવતાં લોર્ડ ડાર્લીંગે જણાવ્યું કે, "તેને અંદર આવવાનું કહો" (હસાહસ)

એ પછી કોરટને એમ જણાવવામાં આવ્યું કે, હોબ્ઝને બો-લાવવાને ટેલીફોન કીધો છે, અને તે ૦ા કલાકમાં આવી પહોંચશે.

મી૦ હોબ્ઝ આવી પહોંચ્યો, અને સરજોન સાઈમને તેને યાદ આપી કે સાક્ષીનાં પીંજરામાં તું આ ચોથી વખત હાજર થયો છે. હોબ્ઝે જણાવ્યું કે, મેં એ ગણ્યું નથી, પણ હું કોરટમાં દરરોજ આવું છું.

સર જોન એંગ્લો—સાઉથ અમેરીકન બેંકમાંના હોબ્ઝના હિસા-બની પાસબુક અગર યા તો બેંકબુક રજુ કરવા કહ્યું.

હોબ્ઝે બે 'બુક' રજુ કરી. તેણે કહ્યું કે આ બે ચોપડીઓ મને પારીશથી મોકલવામાં આવી છે, પણ મારી પાસે બેંકનાં ખાતાંની એકથી વધુ ચોપડી કદી હતી નહિ.

આ ચોપડીઓ તપાસવા પછી સર જોન કહ્યું કે, મને હજી થોડો વખત લાગશે. તેઓએ હોબ્ઝને કોરટમાં હાજર રહેવા કહ્યું.

હોબ્ઝે તાપમાં કહ્યું "તો તમારે મને બેશવાને ખુરશી આપવી જોઇશે. કોરટમાં હું આખો દહાડો ઉભો રહી શકું નહી. મને ભયંકર

વેદના થાય છે, અને જો તમે ડાકટરને બોલાવશો, તો તે પણ તમને એજ કહેશે. મેં ઘણી વેળા બેઠક માટે ખુરશીની અરજ કરી છે "

સર જોને કહ્યું કે, "હું તારે માટે દિલગિર છું." એ વેળા કોરટમાં હસાહસ થઇ રહી.

હોબ્ઝે ગુસ્સામાં બુમ પાડી, " આ હસતા વાંદરાઓ તમને શું થયું છે ? ઓ વાંદરો તમે મારી વેદનાપર હસો છો "

લોર્ડ ડાર્લીંગે હોબ્ઝને સખ્તાઇથી જણાવ્યું કે " સાક્ષીનું પીંજરૂં છોડી જા. '

હોબ્ઝ વાંધો ઉઠાવવા ગયો પણ જજે વચમાં ફરી બોલીને હુકમ કરીને કહ્યું.

" આવી જાતની ભાષા, હું તને અહીં વાપરવા નહીં દઉં "

હોબ્ઝે પછી કોર્ટનો અમુક ભાગ બતાવ્યો, અને ત્યાં પોતાને બેઠક આપવા કહ્યું. જજના હુકમથી તેને બેઠક આપવામાં આવી.

સર જોને પુછયું: " મી૦ હોબ્ઝ, કેમ હવે બરાબર છેને ?"

હોબ્ઝ: " તમે મને તપાસવાને ડાકટરને કહો."

" રૂ, ૧૧ હજારની નેકલેસ " (માળા)

એ રકમ બેંકમાંથી શા માટે ઉપાડી ?–રોબિન્સનની જુબાની.

બેંકમાં ભરેલા ૫૦૦ પાઉંડ (રૂ. ૭,૫૦૦) સંબંધી કાંઇ પુછવા માટે લોર્ડ હૅાલ્સબરીએ રોબિન્સનને પાછો શાક્ષીનાં પીંજરામાં બોલાવ્યો.

લોર્ડ હૅાલ્સબરીએ–પહેલે દહાડે તેં અમને જણાવ્યું કે, તારી સ્ત્રી જતી રહી તે અગાઉ, તેણી એક દવર મુકી ગઇ હતી, જેમાંથી તને ૩,૦૦૦ પાઉંડ (રૂ. ૪૫ હજાર મળ્યા ?

જ—હા. તેમજ છે,

સ—તેં ૧૦૦૦ પાઉંડ આલ્બર્ડ એંડ કંપનીમાં જમા મુકયા ?

જ—હા.

સ—૧૦૦૦ પાઉંડની એક બીજી નોટ હતી ?

જ—હા. આલ્બર્ટ એંડ કંપની નજીકની વેસ્ટમીનસ્ટર બેંકમાં મેં તે વટાવીને ૧૦૦ પાઉંડની ૧૦ નોટો લીધી.

સ—તેં ૫૦૦ પાઉંડની બીજી રકમ એ કંપનીમાં ભરી, તે કયાંથી આવી ?

જ—વેસ્ટમીનસ્ટર બેંકમાં મેં જે ૧૦૦૦ પાઉંડની નોટ વટાવી હતી, તેનાં જે નાણાં મળ્યાં, તેમાંથી એક ૫૦૦ પાઉંડ ભર્યા.

સ—૭૫૦ પાઉંડ (રૂ. ૧૧। હજાર) ની રકસ શેમાં ખર્ચી એ તને માલુમ છે કે ?

જ—એ રકમ મારી સ્ત્રીને માટે એક "નેકલેસ" (હાર) લેવાને ઉપાડવામાં આવી હતી.

ફેરીટન સ્ત્રીટમાં તંબાકુની દુકાન રાખનાર જોન કુક કેંપબેલે જુબાની આપી કે, મારી દુકાન આલ્બર્ટ કંપનીની બાજુમાંજ છે.

હોબ્ઝ જાનેવારી ૧૯૨૦ માં, રોબિન્સન એ કંપનીનું કામકાજ મેનેજ કરતો હતો, તેણે મને દરેક ૫૦ પાઉંડની ૩ નોટો એક ઘોડા પર લગાડવા આપી હતી, કમનસીબે ઘોડો શરત જીત્યો નહી.

લોર્ડ ડાર્લીંગ—એ ઘોડાને કોણે પસંદ કર્યો ? તેં કે એણે ?

કેંપબેલ મી૦ રોબિન્સને અને એ બાબતમાં એ એક અચ્છો જજ છે. એ ઘોડો એક માથાંની લંબાઇ જેટલાં છેટાં માટે એ શરત હારી ગયો.

લોર્ડ ડાર્લીંગ—આપણે જાણીએ છીએ કે, ચાર્લસ બ્લુમફીલ્ડ બુકમેકર પોતેજ છે.

સર જોન સાઇમનનું ભાષણ.

મીસર પાસેથી લીધેલા દંડ સાથે "મી૦ એ" (રાજા હરિસીંગ) પાસેથી રકમની સરખામણી.

લોર્ડ ડાર્લીંગે ધારાશાસ્ત્રીઓની સલાહ લઇને જણાવ્યું કે, કેસ આજ સાંજના ખલાસ થશે.

એ પછી સર જોન સાઇમને ભાષણ કરતાં જણાવ્યું કે:—

"મને લગે છે કે, મારા પર મોટી જવાબદારી આવી પડી છે. આ કેસમાં સંડોવાયલી રકમ ઘણીજ અદ્દ્ભુત અને ભયભરેલી છે.

'આવા એક પ્રેમપાશનો સંબંધ પકડાઈ જવાને દુનિયાની તવારીખમાં આવી મોટી રકમ—૩ લાખ પાઉંડ (રૂ. ૪૫ લાખ)ની—અપાયલી કોઇએ સાંભળી છે?

સર જોન સાઇમને જણાવ્યું કે, "એવાં ઘણાં લોકો હશે,—જુરી ગૃહસ્થો, તમો પણ એ લોકોમાં છો—કે જેઓ એવી સુચના ધીક્કારી કાઢે કે, તમારી સ્ત્રી તમને બેવફા નીવડે, તો તેની સામે તમે કાંઇ કેસ માંડશો નહિં, તે પણ તેને બદલે નાણાંની મોટી રકમ લેશો."

ભયભીત કરનારી રકમ.

રોબીન્સન સંબંધમાં કાંઇક સખ્ત વચનો, કમનસીબે મારે કહેવાં પડે છે. એમાં મને કાંઇ ખુશી થતી નથી, પણ ઉલટી કમકમાટી ઉપજે છે કે એક માણસની સ્ત્રીને બગાડવામાં આવી છે, તે કારણસર એ માણસ નાણાંની ગંજાવર રકમનો દાવો કરે છે.

એ રકમ એટલી જંગી હતી, એ કારણસર એવો કમકમાટી ભરેલોજ નહિ પણ નવાઇ જેવો થઇ પડે છે. એ રકમજ ભયભીત કરનારી છે.

સર જોન સાઇમને આગળ ચાલતાં જણાવ્યું કેઃ—

" સુલેહ શાંતિ જાળવવામાં અને બ્રિટિશ જાનોનું રક્ષણ કરવામાં વારંવાર નિષ્ફળ નિવડવા પછી, મિસર જેવી એક મહાન પ્રજા બ્રિટિશ નામનું ગંભીર અપમાન કરે છે, અને બ્રિટનના અને મિસરના એક વફાદાર શહેરીનો જાન લે છે."

" બ્રિટનનાં આખાં બળની આંટ જાળવવા ખાતર મિસરને ૫ લાખ પાઉંડ (રૂ. ૭૫ લાખ) ની રકમ આપવી પડે છે, જ્યારે અહીં "મી૦ રોબિન્સન છે, જે ૫ લાખ પાઉંડ નહીં, પણ ૩ લાખ પાઉંડ (રૂા. ૪૫ લાખ) માગે છે!"

ધાસ્તીથી થરથર ધ્રુજતો બિચારો "મી૦ એ."

"મી૦ એ." એ ભય અને ધાસ્તીથી પોતાનાં નાણાં કાઢી આપ્યાં છે. આ "બિચારા થરથર ધ્રુજતા કંગળે" જે નાણાં કાઢી આપ્યાં છે, તે પોતાની રાજી ખુશીથી કાઢી આપ્યાં નથી. એ તો ત્રાસથી આપ્યાં છે.

" કેટલાંક દુષ્ટ લોકોએ જે પાયમાલીનો ચિતાર તેની સામે ખડો કર્યો હતો, તેમાંથી દુર રહેવાનો એ એકલો ઉપાય હતો, એમ તેણે ધાર્યું હશે.

" ઈંગ્લાંડનો કાયદો એટલો મુર્ખાઇ ભરેલો નથી, કે જેથી કોઇ પણ માણસ આવા સંજોગોમાં કોર્ટમાં આવીને કહે કે, " આ મારા નાણાં છે."

" આનો સાર માત્ર એટલો જ છે કે, એ નાણાં "મી૦ એ."

(રાજા હરિસીંગ)નાં છે, જો કે તેને એ પાછાં મળવાનો ચાન્સ ઘણોજ થોડો છે.

સર જોને જણાવ્યું કે, "આ શું તદ્દન ખુલ્લું નથી કે, આ બદમાશ–આ નામોશીભર્યા સાટાંમાં સંડોવાયલો એડીકાં–બદમાશીની ટોંચે પુગ્યો, અને એક આબરૂદાર નોકર હોવાનો ડોળ કરવાની સાથે, "મી૦ એ" ની ચીંતા અને ભય એટલો ઉશ્કેરી મુકયો, અને એ રીતે "મી૦ એ." (રાજા હરિસીંગ)નાં નાણાં લુંટી લેવામાં સામેલ થયો."

સર જોન સાઇમને જુરીને ન્યુટનની વાત સાચી માનવાને જણાવ્યું.

ન્યુટને અહીં આવવાનું જોખમ ખેડયું હતું–તેણે પકડાવાનું અને ખોટી સહી કરવા અને કાવતરાંમાં સામેલ હોવા માટે પોતાના પર કેસ ચાલવાનું જોખમ પણ ખેડયું છે.

સર જોને નાટકના સીનની ઢબથી ન્યુટન તરફ આંગળી ચીંધીને જણાવ્યું "એ જોખમ આ પળે પણ તેનાં શિરપર છે."

"જે માણસને ગુન્હેગાર હોવા માટે સજા થયેલી છે, અને જેણે આવી જાતનાં દુષ્ટ કાવતરાંમાં ભાગ લેવાનો એકરાર કર્યો છે, તે માણસ પોતે અમુક વાત કહી છે તે બધી બીજાં માણસો તે સાચી માની લેશે એમ માની લેજ નહિ."

"પણ આટલી વાત તો તદ્દન ખુલ્લી છે કે, જે છ માણસોએ કાવતરાંમાં ભાગ લીધેલો કહેવાય છે તે છએ જણાં પારિસ જવા અગાઉ એપલ–સ્ટ્રીટનાં (મીસીસ રોબિન્સનનાં) મકાને ગયાં હતાં, એમ ન્યુટને કહ્યું ત્યારે તે ખરો હતો.

"મિસીસ રોબિન્સન અને ન્યુટન એક સામાન્ય કાવતરાંમાં સામેલ હતાં એમ બીજી કાંઇ પણ જુબાનીથી સાબીત ન થાય તોપણ તેઓએ

ખાનગી સવાલોના જે જવાબો આપ્યા છે, તે ઉપરથી તે પુરવાર થાય છે."

"એક સ્ત્રીને માટે એક ધણી હોય એ ઘણું સારૂં છે, પણ એક પ્રમાણિક બાઇને બે ધણી હોઇ શકે નહિ."

કાવતરાંની રચના.

"એ કારણસર રોબીન્સન ઘરમાંથી ચાલ્યો ગયો. આ ભયંકર કાવતરાંની એ રીતે શરૂઆત થઇ.

"આ કેસ શરૂ થવા અગાઉ, જુરીના કોઇ પણ આસામીને એમ પુછ્યું હોત કે, 'હોબ્ઝ કોણ છે ?' તો " દુનિયાનો સૌથી પ્રખ્યાત ક્રિકેટનો ખેલાડી " એવો તેઓ જવાબ આપત, પણ પોતાની જીંદગીનાં બાકીનાં વરસોમાં તેઓ એવો જવાબ આપશે કે કેમ, એ માટે મને શક છે."

લોર્ડ ડાર્લીંગ–હરીફ બોર્લીંગની સામે (ધારાશાસ્ત્રીઓની ઉલટ તપાસ સામે) તેણે સારો ટકાવ કર્યો છે. (હસાહસ.)

સર જોન સાઇમન–અને છેલ્લે "નોટ આઉટ" રહ્યો છે. (હસાહસ)

"તા૦ ૬ ઠી જાનેવારીએ આપવામાં આવેલી ૧ લાખ ૩૦ હજાર પાઉંડની (રૂ. ૧૯॥ લાખની) બેંક નોટો, અને તા૦ ૧૬ મીએ અપાયલી ૧૭,૦૦૦ પાઉંડ (રૂ. ૨૨॥ લાખની) બેંક નોટોનો કેવી રીતે ઉપયોગ થયો, તેની વીગતો, જુબાનીના ટેકા સાથે સર જોને કહી સંભળાવી.

"બેંક ઓફ ઇંગ્લાંડની રૂઢિ કેટલી સંપૂર્ણ છે, એ નોટોના મેળવવામાં આવેલા પત્તા ઉપરથી જણાય છે."

રોબિન્સનના કેસને છેવટનો ફટકો એટલા પરથી લાગે છે કે, ૨૫,૦૦૦ પાઉંડ (રૂ. ૩॥ લાખ) ૭ માણસોમાં વહેંચાઇ ગયા, અને કાવતરાંમાં ૭ શખ્સો હતા, તેનો એ મજબુતમાં મજબુત પુરાવો છે."

"મી૦ એ." (રાજા હરિસીંગ)ના કેસમાં જુરીનો ચુકાદો-"મી૦ અને મીસીસ રોબિન્સન કાવતરાંમાં સામેલ ન હતો."

બેંકની સ્થીતી—"ચેકનાં નાણાં પગાર કર્યાં એટલે જવાબદારી ખલાસ."

મી૦ ચાર્લસ રોબીન્સને મીડલેંડ બેંક સામે પોતાની સ્ત્રીના એક રાજવંશી સાથેના પ્રેમપાશ સંબંધમાં મળેલાં નાણાંમાંથી, ૧,૨૫,૦૦૦ પાઉંડ (રૂ. ૧૮॥ લાખ) મેળવવાને માંડેલા દાવાનો નાટકી કીસ્સો ગઇ તા૦ ૨૮ મી નવેમ્બરે લગભગ ખતમ થયો હતો.

જજ લોર્ડ ડાર્લીંગે-"મી૦ એ." એ (રાજા હરિસીંગે) આપેલ ૧,૫૦,૦૦૦ પાઉંડ (રૂ. ૨૨॥ લાખ) માંથી બાકી રહેલી ૧। લાખ પાઉંડ (રૂ. ૧૮॥ લાખ) ની રકમ મેળવવાના દાવા સંબંધમાં-જુરીને નીચલા સવાલો પુછ્યા હતા.

એ સવાલો અને તેના જવાબ નીચે મુજબ છે:—

સ—"મી૦ એ. " (રાજા હરિસીંગ) પાસેથી નાણાં કઢાવવાની મતલબથી, " મી૦ એ. " અને મીસીસ રોબીન્સનને એકજ સુવાનાં ઓરડામાં પકડવાનો પ્રપંચ અગર કાવતરૂં હતું કે ?

જ—હા.

સ—એવા કોઇ પ્રપંચ અગર કાવતરાંમાં રોબીન્સન સામેલ હતો કે ?

જ—ના.

સ—"મી૦ એ." (રાજા હરિસીંગ) ને ૧,૫૦,૦૦૦ પાઉંડના બે

ચેકો ભય અગર ધાસ્તીને લીધે આપવાની ફરજ પડી હતી કે?

જ–હા.

સ–મીસીસ રોબિન્સન એ કાવતરાંમાં સામેલ હતી કે?

જ–ના.

સ–"મી૦ એ," (રાજા હરિસીંગ)નું મગજ તેઓ પકડાઇ જવાને લીધે એટલું આકુળવ્યાકુળ બની ગયું હતું કે, ચેક આપવાનું તેનું રાજી ખુશીનું ન હતું?

જ–હા.

આ જવાબો ઉપરથી જજે જુરીને વધુ સવાલો પુછ્યા હતા, અને તે પછી મસલત કરવા ગઇ હતી.

નાણાંપરનો હકક.

એ નાણાં રોબિન્સનનાં નામપર ચઢાવવા વિષે ચોકકસ જવાબ આપવાની જુરીની અશક્તિ.

બાકીના સવાલો અને જુરીએ તેના આપેલા જવાબો નીચે મુજબ છે:—

"મી૦ સી. રોબિન્સન–એપલટન એંડ કંપનીના ઓરડર મુજબ નાણાં આપજો." એવા જે બોલો ચેકની પાછળ તા૦ ૩૦ મી ડીસેંબર ૧૯૧૯ ને દિને લખેલા છે, તે એપલટન એંડ કંપનીના એજંટ તરીકે કોઇ આસામીએ લખ્યા હતા કે?

જ–નહિ.

સ–હોબ્ઝ અને (અથવા) એપલટન એંડ કંપનીનો ઇરાદો ૧,૫૦,૦૦૦ પાઉંડ (રૂ. ૨૨॥ લાખ)ના ચેકમાં તેઓનો જે કાંઈ હક્ક, હોય તે રોબિન્સનને નામે લખી આપવાનો હતો કે?

જ–નહિ.

સ—૧,૫૦,૦૦૦ પાઉંડ (રૂ. ૨૨॥ લાખ) ના ચેકપરના હક્ક, હોબ્ઝ અને (અથવા) એપલટન એંડ કંપનીએ કદી પણ રોબિન્સનને નામે ટ્રાન્સફર કર્યો હતો કે ?

આ બાબતમાં જુરીમાં મતભેદ પડયો હતો.

સ—હોબ્ઝે નાણાં ઉપાડયાં. ત્યારે જે સત્તા મુજબ તેણે નાણાં મુકયાં, તેજ સત્તાથી (તેજ નામે) નાણાં ઉપાડયાં કે ?

જ—હા.

સ—બેંકે. ૧,૫૦,૦૦૦ પાઉંડના (રૂ. ૨૨॥ લાખના) ચેકના નાણાં પગાર કર્યા. ત્યારે નાણાં મુકતી વેળા જે ફરમાન મળ્યું હતું. તે અદા કર્યું છે કે ?

જ—હા.

તકરારી સવાલ સંબંધી, રોબીન્સનના ધારાના હીમાયતી મી. વેલેટાએ જણાવ્યું કે, હું વધુમતિનો ચુકાદો કબુલ રાખવાને તૈયાર છું.

લોર્ડ ડાર્લીંગ—અરે ! ના ! ના !

જુરીના ફોરમેને જણાવ્યું કે, જુરી લાંબા વખત સુધી બેસવા છતાં, એકમત થઈ શકી નથી.

જજ—હું ધારતો નથી કે, જુરીને નિર્ણય માટે પાછી મોકલવાની ખાસ અગત્ય હોય. હું એમ કહેવાની જવાબદારી માથે લઉં છું કે તેઓએ આ સવાલ પર વિચાર કરવાને કલાકો ગાળ્યા, અને તે છતાં તેઓ એકમત થયા નથી, એથી તેઓએ એ સવાલ પર વધુ વખત ગાળવો નહિં.

લોર્ડ ડાર્લીંગે જણાવ્યું કે, જુરીએ આપેલા જવાબો સંબંધી ધારાશાસ્ત્રીઓની તકરારો માટે, ધારાના હિમાયતીઓની સંમતિથી એક દહાડો નક્કી કરવામાં આવશે.

એક જુરરે પુછ્યું કે, જુરીને અમુક મુદત સુધી હાજર રહે-વામાંથી મુક્તિ મળશે કે ?

જજ—હું એમ ધારતો નથી. આ કેસ એટલો લાંબો ચાલ્યો નથી.

મિસીસ રોબિન્સન છેવટ સુધી કોર્ટમાં રહી હતી. તે પોતાના ધણી અને મિત્રો સાથે કોર્ટ છોડી ગઇ.

"ઇંગ્લાંડને નામોશી."

"એડીકાં જેટલી સજા થઈ શકે તેને માટે લાયક છે."

લોર્ડ ડાર્લીંગે જુરીને મુકરદમાનો સાર કહેતાં જણાવ્યું કે, ૧,૫૦,૦૦૦ પાઉંડનો ચેક જેની બાકીની રકમ માટે રોબિન્સને દાવો માંડયો હતો, તે અમુક ભોપાળું છુપું રાખવા માટે અપાયો હતો.

છુટાછેડાને મુકદમો અટકાવવા માટે, "મી૦ એ." એ (રાજા હરિસીંગે) એ નાણાં આપ્યાં હતાં. જુરી જો એ નાણાં આપે, તો રોબિન્સન એ સ્વીકારવાને તૈયાર હતો. સર જોન સાઇમને કહ્યું તેમ તેની સ્ત્રિની ગેરઆબરૂ કરવા માટે નહિં, પણ કેસ નહિં માંડવા માટે, "મી૦ એ." એ (રાજા હરિસીંગે) રોબીન્સનને, રીતસરના વ્યાજબી ખ્યાલથી—આપવા જોઈતાં નાણાં તરીકે, ફ્ર્યાદી એ રકમ લેવા તૈયાર છે.

તમે સૌ જાણો છો તેમ, "મી૦ એ." (રાજા હરિસીંગ)ને કાંઇ લાભ થયો નથી.

બધી જાહેરાત અને બધી જાતની નાલેસી થઇ ચુકી છે, અને તેનું નામ છુપાવવાને સઘળી સાવચેતી લેવા છતાં, જે લોકો તેને ઓળખે છે, તેમાંથી કોઇ તેને આ કેસમાં સંડોવાયલા તરીકે ઓળખી શકશે નહિ, એમ માનવું મુશ્કેલ છે.

"મારે એકદમ કહેવું જોઇએ કે, તેનું નામ છુપાવવાને હું કોઈ પણ રીતે ખુશી થયો ન હોત, પરંતુ મેં જણાવ્યું છે તેમ સરકાર દરબારનાં કારણસર મને એ નામ છુપાવવાને અરજ કરવામાં આવી છે.

"તેની ઉંચી પદવી માટે એમ કરવામાં આવ્યું નથી. તેની દોલતને લીધે પણ નામ છુપાવ્યું નથી. એ કાંઇ ખાસ કારણ નથી."

ન્યાયની અદાલતોમાં, તેનાથી ઉંચી પદવીના અને વધુ દોલતમંદ આસામીઓનાં નામો બહાર પાડવામાં આવ્યાં છે.

"આ દેશમાં નહીં, પણ બીજા દેશમાં, તેની શું અસર થાય? એ કારણસર તેનું નામ છુપું રાખવામાં આવ્યું છે."

નામ જાહેર કેમ ન કીધું?

"મી૰ એ." નું નામ જાહેર કરવાની ખાસ જરૂર ન હતી અને તે જણાવ્યા વીના તમે કેસનો ચુકાદો આપી શકો તેમ છો-તેથી મને લાગે છે કે એ નામ જાહેર કરવાનું કાંઇબી કારણ નથી, જો કે કેટલાક લોકો તે સાંભળવાને ખુશી થશે.

આ કેસમાં બીજો એક શખ્સ છે, જેને એડીકાં કહેવામાં આવે છે. તેનું નામ આપવાને લીધે, "મી૰ એ." કોણ છે, એ જણાઇ જાય તેજ કારણસર એડીકાંનું નામ પણ કેસમાં છુપું રાખેલું છે.

જજે જણાવ્યું કે, જો એમ ન હોત તો, એ માણસનું નાંમ દુનિયાને જાહેર કરવા કરતાં બીજા કશાથી મને વધુ સંતોષ નહિં થાત.

"મને એમ જણાવતાં સંતોષ થાય છે કે, એ માણસ નામદાર શહેનશાહનાં લશ્કરમાં એક દહાડો પણ અમલદાર તરીકે હતોજ નહિં.

"દરેક માણસની કબુલાત મુજબ, તેણે આ કેસમાં એવો ભાગ ભજવ્યો છે, કે જે એક અંગ્રેજને માટે નાલાયક છે.

"અંગ્રેજનાં નામને નામોશી લગાડનાર એક શખ્સને જે કાંઇ સજા થાય, તે દરેક સજાને તે લાયક છે."

આ કેસનાં કારણ સંબંધી જજે જણાવ્યું કે, રોબીન્સનને એક અજાણ્યા શખ્સ પાસેથી ૨૫,૦૦૦ પાઉંડ (રૂ. ૩ાા લાખ) મળ્યા હતા—જે માણસની સાથે તેની ધણીઆણીએ પોતાની રાજીખુશીથી બદચાલ ચલાવી હતી, કે જેની સાથે તેણી પુર્વના મુલકમાં જઇ રહેવા માગતી હતી.

તેણે રીવીએરા ખાતે ગઇ હતી, પણ તેણીને ફ્રેંચ પોલીસ તરફથી એવું જણાવવામાં આવ્યું કે, "અમોને ઇંગ્લાંડથી સંદેશો મળ્યો છે, અને તારે એકદમ આ દેશ છોડી જવો—" એ સંદેશો મળ્યો ન હત, તો તેણી "મી૦ એ."ની સાથે પુર્વના મુલકમાં ગઇ હોત.

ચોરેલાં વડીઆળની ઉપમા.

છુટાછેડાની ફર્યાદી અટકાવવાને કોઇએ રૂ. ૪૫ લાખ આપેલા સાંભળ્યા છે ?

જજે વધુમાં જણાવ્યું:—

મિસીસ રોબીન્સન અને તેણીની સખા મીસીસ બીવન—કે જેણી આ કેસમાં રજુ નહિ થયેલી એવી ઘણી વીગતો જાણતી હતી—તેઓ પાછાં ઇંગ્લાંડ આવ્યાં.

મિસીસ રોબિન્સને પોતાના ધણી સાથેની જીંદગી પાછી ચાલુ કરી. રોબીન્સન કહે છે: "૨૫ હજાર પાઉંડ (રૂ. ૩ાા લાખ)થી મને ઘણોજ સંતોષ મળ્યો છે, પણ "મી૦ એ."એ (રાજા હરિસીંગે) વધુ નાણાં આપેલાં છે, એવી મને ખબર પડવાથી, અને એ નાણાં આ બેંકમાં ભર્યા છે, એવી બાતમી મળવાથી, મને તે જોઇએ છીએ

અને જુરી જો મને એ આપે, તો હું તે લેવા માગું છું."

"એ નાણાં તેને પોતાની સ્ત્રિને માટે નહિ, પણ પોતાને માટે જોઇએ છીએ."

"અત્રે એમ કહેવામાં આવ્યું છે કે, જે લોકોએ એ નાણાં બેંકમાં મુકયાં, તે લોકોનાં એ કદી હતાંજ નહિ, પણ "મી૦ એ." (રાજા હરિસીંગ)નાં હતાં, કારણ તેની પાસેથી તે ધમકીથી લેવામાં આવ્યાં હતાં."

એમ પુછવામાં આવે છે કે, "છુટાછેડા માટે કોઇ પણ અરજી અપાઇજ ન હતી, તો પછી જોડીયા જવાબદારે ૩ લાખ પાઉંડ (રૂ. ૪૫ લાખ) ની રકમ આપીને છુટાછેડાની આવી અસાધારણ અરજીની માંડવાળ કરવાનું કદી સાંભળ્યું હોય એવો સોલીસીટર પણ કયાં છે ?"

મિડલેંડ બેંકનું કહેવું એવું છે કે, "એ નાણાં તેને મળી શકે નહિ, કેમકે એ નાણાં એનાં કદિ હતાં નહિ."

"એતો એના જેવું છે કે, એક માણસનું ઘડીયાળ ચોરાઇ ગયું હોય, અને એ ઘડીઆળને એક પતરાંના દાબડામાં મુકી, તેનાં પર " ચાર્લસ રોબિન્સન " એવી ચીઠ્ઠી મારીને તે બેંકમાં મુકયું હોય, અને ચાર્લસ રોબિન્સન નામનો આસામી આવીને એમ કહે કે, "મારી પાસે ચાવી છે કે, જેથી દાબડો ઉઘડશે મને તે ઉઘાંડવા દ્યો અને બીજા માણસનું ઘડીયાળ લઇને મારા ખિસ્સામાં મુકવા દ્યો."

બેંકે એવી ઉપમા રજુ કરી છે, અને તેઓ જણાવે છે કે, "એ રીતે કોઇ માણસની મીલકતનો—ઘડીઆળ કે નાણાંનો—એ રીતે કોઇ બીજો માણસ કબજો લેવાને શક્તિમાન થાય, એ ઇંગ્લાંડના

કાયદા વિરૂદ્ધ અને દરેક જાતના સામાન્ય ન્યાયની વિરૂદ્ધ છે અને એક માણસ ગોરો હોય; અથવા તો કાંઇક ઓછો ગોરો હોય, પણ કાયદો તો એવો છે."

"કાવતરામાં કોણ આશામીઓ હતાં?"

પૈસા મેળવનાર શખ્સો વિષે જજ-લોર્ડ હૉલ્સબરીને સાબાશી.

જજે જણાવ્યું કે:—

"મારે પહેલો સવાલ એ પુછવાનો છે કે:—

"મી૦ એ." (રાજા હરિસીંગ) પાસેથી નાણાં કઢાવવાને માટે "મી૦ એ." (રાજા હરિસીંગ) ને એકજ સુવાના ઓરડામાં સાથે પકડવાનો પ્રપંચ અગર કાવતરૂં હતું કે?"

"એમ કબુલ કરવામાં આવ્યું છે કે, એક પ્રપંચ અગર કાવતરૂં રચાયું હતું."

રોબિન્સન અને ન્યુટન વિષે લોર્ડ ડાર્લીંગ.

એકજ ધોરણે બંનેનો ન્યાય કરવાની ભલામણ-"બેંકની ગફલતીનો સવાલજ નથી."

લોર્ડ ડાર્લીંગે વધુમાં જણાવ્યું.

બીજો સવાલ એ ઉભો થાય છે કે, "કાવતરાંમાં કોણ કોણ સામેલ હતાં?"

લોર્ડ હૉલ્સબરીનું નામ કોઇએ કહેતાં, જજે જણાવ્યું:

"આ ઘણો મુશ્કેલ અને નાજુકસીવાળો કેસ લોર્ડ હૉલ્સબરીને જે રીતે ચલાવતાં મેં જોયા છે, અને જે બાહોશીથી તેઓએ આ કેસ ચલાવ્યો છે, તે જોઇને મને કેટલી ખુશાલી થઇ છે, તે કહેવા ખાતર મને એક પળ થોભવા દ્યો.

"જો કોઈ ધારાશાસ્ત્રીએ એમ કહ્યું હત, તેની હું એવી તારીફ કરત, પણ લોર્ડ હૅાલ્સબરીને માટે હું આ ખાસ કહું છું, કારણ કે હું તેના બાપનો ઘણો આભારી છઉં, બેરિસ્ટર અને જજના હોદ્દા માટે પણ હું તેનો આભારી છઉં."

જજે આગળ ચાલતાં જણાવ્યું કે, 'લોર્ડ હૅાલ્સબરી અને સર જોન સાઈમન બંને એકમત થયા છે કે, "મી૦ એ." ને મીસીસ રોબિન્સન સાથે પારિસમાં બેડ રૂમમાં સપડાવી તેઓ પાસેથી નાણાં કઢાવવાનું કાવતરૂં રચાયું હતું.

"એ લોકો વચ્ચે મતભેદ એટલોજ છે કે, સર જોન સાઇમન કહે છે કે, કાવતરાંમાં છ માણસો હતાં, અને લોર્ડ હૅાલ્સબરી કહે છે કે, ફક્ત ત્રણ માણસો હતાં, એટલે કે એડીકાં, ન્યુટન અને હોબ્સ હતાં."

"નાણાં કઢાવ્યાં, અને હોબ્સે તેનો કબજો લીધો. એડીકાં અને ન્યુટનને તેનો મોટો ભાગ મળ્યો."

"મી૦ એ." એ તેની મરજી વિરૂદ્ધ આપેલાં નાણાં.

"સામાન્ય રીતે આ રીતે નાણાં કઢાવવાં; એ ધમકીથી નાણાં કઢાવવાના ગુન્હામાં આવે છે, પરંતુ એક માણસને એવા સંકટોમાં સપડાવવો, કે જેથી નાણાં આપ્યા વિના તેનો છુટકોજ ન થાય-પછી તેની મરજીથી નહિ, પણ મરજી વિરૂદ્ધ પણ નાણાં આપવાં પડે-તેને કાયદામાં ચોરવું કહે છે."

"એ કારણસરજ ઠગાઇ અને ધમકીથી નાણાં મેળવનારને એવી સજા થાય છે."

"નાણાં કેવી રીતે અપાયાં તેનો વિચાર કરતાં, "રોમીઓ અને જુલીઅટ"નાં નાટકમાં જાદુ કરનારને ઝેર લાવી આપવાનું કહેવામાં

આવ્યું, ત્યારે તેણે શું કહ્યું હતું, એ જુરીએ યાદ રાખવાનું છે."

"જાદુગરની ઝેર લાવી આપવાની ઇચ્છા ન હતી, પણ મારી ગરીબાઈ આ કામ કરવામાં સંમત થાય છે." એમ તેણે ઝેર લાવી આપતાં કહ્યું હતું.

પછી એને એ જવાબ આપ્યો કે, "હું તારી ઇચ્છાને નહીં, પણ તારી કંગાળીઅતને નાણાં આપું છું."

લોર્ડ ડાર્લીંગે જણાવ્યું કે, "જે રાજીખુશીથી અને પોતાની ઇચ્છાથી આપવામાં નહીં આવ્યું. જો કે પાર્ટીએ નાણાં આપ્યાં ખરાં પરંતુ તેમાં તેની સંમતિ તો ન હતી.

૩. ૪૫ લાખ આપીને છુટકારો.

બેંકમાં પુરતાં નાણાં નહિ હોવાથી, ૩ લાખ પાઉંડનો ચેક લખ્યો નહિ.

લોર્ડ ડાર્લીંગે કહ્યું કે, "જુરી અચંબો પામી હશે કે, "મી૦ એ." આ આખી ટુકડી સાથે-મીસીસ રોબીન્સન, મીસીસ બીવન, પોતાના સેક્રેટરી અને એડીકાં-સાથે પારિસ ગયો."

"મીસીસ રોબીન્સન સાથે તે પકડાઇ ગયો ત્યારે તેની સંભાળ રાખવાને પગાર આપીને રાખેલા દગાબાજ એડીકાં સિવાય, તેને સલાહ આપવાને કોઈ ન હતું.

"એમ સુચવવામાં આવે છે કે, મીસીસ રોબીન્સન, મીસીસ બીવન, અને ન્યુટન સાથે એડીકાં ટ્રેનમાં ઇગ્લાંડ આવ્યો, ત્યારે પારિસથી તે પોતાની સાથે ૩ લાખ પાઉંડનો ચેક પણ સાથે લેતો આવ્યો હતો.

"એપલટન એંડ કંપનીનું નામ ભરવામાં આવ્યું, અને તે "મી૦ એ."ના અક્ષરે લખવાનું ન હતું."

"તમને આ વાત ખુલ્લી જણાતી નથી કે, પારિસથી "મી૦ એ." (રાજા હરિસીંગ)નો એડીકાં નીકળ્યો તે અગાઉ, તા૦ ર૭મી ડીસેમ્બરે, "મી૦ એ." એ (રાજા હરિસીંગે) કોઈ પણ સોલીસીટરને પુછ્યા વિના અને બીલકુલ સલાહ લીધા વિના એડીકાંને ૩ લાખ પાઉંડ (રૂ. ૪૫ લાખ)ના કોરા ચેકો આપ્યા ?

"તમે શું એવાં છેવટ પર આવી શકો કે, એ ચેકો એવા માણસે આપેલા ન હતા, કે જેણે પોતે ફસાઇ જવાથી નાણાં આપ્યાં હતાં ?

"એ ચેકો બેંકમાં રજુ કીધા હોય, તો તે પગાર કરવા જેટલાં બેંકમાં તેનાં નાણાં ન હતાં, અને માત્ર એ કારણસરજ ૩ લાખ પાઉંડ (રૂ. ૪૫ લાખ)નો એકજ ચેક આપવામાં આવ્યો ન હતો. "એ લોકોને કહેવામાં આવ્યું કે, એક ચેક બેંકમાં રજુ કરો, અને બીજી બેંકમાંથી બેંકમાં નાણાં ભરવામાં આવે, ત્યારે બીજો ચેક રજુ કરજો."

"એ માણસનાં (રાજા હરિસીંગને) સારાં નશીબે, તેણે મી૦ વોટર્સ (સોલીસીટર)ની મુલાકાત લીધી, જેણે તેને બિલકુલ નાણાં નહિ આપવાની, અને છુટાછેડાની અરજી અપાય ત્યાં સુધી રાહ જોવાની સલાહ આપી."

"મી૦ વોટર્સ કેટલો ડાહ્યો હતો! બીજો ચેક રજુ થયોજ નહિ. મી૦ વોટર્સે એ બાબતમાં પોતાનો વિચાર બાંધ્યો."

"ન્યુટનનું જોખમ."

"હાલ પણ તેને ધાસ્તી છે, એમાં કાંઇ શક નથી"—તેને હાજર થવાની ફરજ ન હતી."

જજે જણાવ્યું કે, "છુટાછેડાની અરજી બિલકુલ અપાઈ ન

હતી-પરંતુ એ સિવાય ઠગાઈથી નાણાં કઢાવવાનાં કાંઇબી પુરાવા, મી૦ વોટર્સ પાસે ન હતાં."

"હું જાણતો નથી કે, મી૦ વોટર્સ, હોબ્ઝ સંબંધી કેટલું જાણતો હતો."

"મી૦ વોટર્સે મી૦ હોબ્ઝને જે કહ્યું, તે મારી જાણમાંના કોઇ પણ બીજા સોલીસીટરને મી૦ વોટર્સ કહી શકત, એમ હું માનતો નથી."

"મી૦ વોટર્સે જણાવ્યું કે, "આ ધમકીથી નાણાં કઢાવવાની બાબત છે." મી૦ હોબ્ઝે આ બાબત ગુપચુપ સાંભળી લીધી."

"મી૦ હોબ્ઝે કહ્યું હતું કે, આ બાબત ઉભી થઈ, તે અગાઉનો હું રોબીન્સનને ઓળખું છું. તેણે મારી સામે કેસ માંડયો હતો."

"જુરીને જ્યારે એમ કહેવામાં આવે કે, 'મી૦ રોબીન્સન એક પાપી સ્રિનો નિર્દોષ ભોગ થઇ પડયો હતો, અને ઉદારતાની એક ક્ષણે, તેણે એક હાથથી ૨૫ હજાર પાઉંડ (રૂ. ૩ાા લાખ)ની રકમ લીધી, અને બીજા હાથે તે તેણીને આપી, એ વેળાએ તમારે આ વાત યાદ રાખવાની છે."

"સર જોન સાઇમને કહી સંભળાવેલી રોબીન્સનની કારકીર્દી જુરીએ સાંભળી છે, અને રોબીન્સન અને તેની સ્ત્રી એ બે કેવાં લોકો હતાં, એ જાણવું જુરીને માટે જરૂરનું હતું."

"પોતાની નાદારી સંબંધમાં, રોબીન્સનને માટે તેની સ્રિએ જોગવાઈ કરી આપી તે પછી, તેની પાસે કેટલા પૈસા હતા, તે આપણને રોબિન્સને કહ્યું છે.

"તેણી આ તીડ છાપના-મલમ અને ગોળીના-કાયદેસરના ધંધામાંથી માત્ર એક નાની રકમ કમાતી હતી, એમ તમે જાણો છો."

જજે કહ્યું કે, "ઉનાળામાં તીડ કેમ રહે છે, એ આપણે જાણીએ છીએ, પણ જે કોઇએ ઇસપની વાતો વાંચી હશે, તેઓ જાણે છે કે, શીયાળો આવે ત્યારે તીડને ગુજરાનનું સાધન નથી હોતું." (હસાહસ.)

"દર અઠવાડીયાનાં ૧૨ ગીની (મહીને રૂ. ૭૦૦)ના ભાડાનું ચેપલસ્ત્રીટમાં ફર્નીચરવાળું મકાન રાખીને, મીસીસ રોબીન્સન કેવી રીતે રહેતી હતી ?

"તેણીએ એવી જગ્યા શા માટે લીધી ? એમ સુચવવામાં આવે છે કે, એ પણ છટકાંનો એક ભાગ છે."

"રોબીન્સન ત્યાં કોઇ કોઇ વખત આવતો. સર જોન સાઇમને એક સુંદર વાકયમાં તેને "અવારનવાર થતા ધણી" તરીકે જણાવ્યો છે.

"તેની જરૂર પડતી, ત્યારે તે ત્યાં હાજર થતો, અને જ્યારે તેની જરૂર ન હતી, ત્યારે તે ત્યાંથી ગેપ થઇ જતો."

"જો કે, રોબિન્સને ૨૫,૦૦૦ પાઉંડ રૂ. (૩।। લાખ) સાથે મારે કાંઇ લેવા દેવા નથી, એમ કહ્યું હતું, અને પોતાની સ્ત્રીને "હું તારૂં મોઢું ફરી જોનાર નથી." એમ કહ્યું હતું, પરંતુ એ પછી તરતજ તેઓ પાછાં દિલોજાન મિત્રો થઇને રહ્યાં હતાં. મી૦ મેકરસી અને મી૦ યંગ સાથે પણ તે લોકોએ દોસ્તી કરી હતી.

"આ વિચિત્ર લોકોની દોસ્તી એવી તરેહની હતી કે, કોઇ કોઇ વાર રોબિન્સન મીસીસ યંગ થતી—જેમ ડીપ ખાતે બન્યું હતું.

"પણ તેણી અને મી૦ રોબિન્સનની દોસ્તી તો બધો વખત ચાલુ હતી."

"ન્યુટનની જુબાની રજુ થઇ છે. એકંદર રીતે લેતાં, ન્યુટન ખરૂં કહેતો હતો કે નહિ, તે કહેવાનું કામ જુરીનું છે.

"તેઓએ તેની ઉલટ તપાસ સાંભળી છે. તેની સખત તપાસ લેવામાં આવી હતી, લોર્ડ હૅાલ્સબરીની ફરજ તેમાં કચાશ રાખવાની નથી, અને તેમ તેને કર્યું નથી.

"લોર્ડ હૅાલ્સબરીએ જણાવ્યું કે, એવાં કારણસર તમારે ન્યુટનને નહિ માનવો–તેણે ન્યુટનને " જુરીને ૩૦૦૦ પાઉંડ (૪૫ હજાર રૂપીઆ)નાં અપમાન" તરીકે જણાવ્યો છે.

ન્યુટનને ૩૦૦૦ પાઉંડ આપ્યા, એ વાત ખરી છે. એ બાબતનો તોલ કરવાનું કામ જુરીનું છે.

'મુસાફરી કરવાનું કામ ન હતું.'

ન્યુટન ફ્રાંસમાં હતો, અને મિડલેંડ બેંક તેને અહીં આવી જુબાની આપવા કહેતી હતી.

"ન્યુટને કહ્યું: નહિ. હું જો ઈંગ્લાંડ આવું તો ઘણી ધાસ્તીમાં આવી પડું."

" અને હાલ એ ધાસ્તીમાં છે, એ વિષે કાંઇપણ શક નથી. બેશક, તમે એને આવવાની ફરજ પાડી શકો નહિ, અને જો તે આવે–અલબત, તમે ઘોડાને પાણીમાં લઇ જાઓ, પણ તેને પાણી પીવાની ફરજ પાડી શકો નહીં."

" ન્યુટનની જુબાની સાંભળી, એથી જુરી ખુશી થઇ કે નહિ ?" જો ન્યુટન જુબાની આપવા આવ્યો ન હોત, તો તમને એટલો સંતોષ મળત કે ?

" તમે જો ન્યુટનનું કહેવું માનો તો રોબિન્સન આ પ્રપંચમાં પહેલેથીજ હતો—અને રોબીન્સન ધણીનો ભાગ લેતો ન હતો, યા તો તેને માટે લાયક ન હતો, એથીજ ન્યુટને એ બાઇના ધણીનો ભાગ ભજવ્યો."

"એથી રોબિન્સન ઘરે રહ્યાં. એ સ્ત્રીને માટે રોબિન્સનને નાણાં મળ્યાં, કારણ કે તેની સ્ત્રીને ખરાબ કરવામાં આવી હતી.

"એ પાત્રને માટે રોબિન્સન કુદરતી રીતેજ લાયક હતો, પણ મુસાફરી કરવાને માટે એ લાયક પાત્ર ન હતો. (હસાહસ) તે પારિસ ગયો નહિં. (હસાહસ.)

"અક્કલથી કિંમત આંકજો."

ન્યુટનની સાથે રોબિન્સનના કંગાળ ચેકની સરખામણી.

"ન્યુટને કહ્યું કે, રોબિન્સન એ કાવતરાંમાં છેક આંખો સુધી ડુબેલો હતો. ન્યુટનને શા માટે નહિં માનવો?

"ઘણી અગત્યની બાબતોમાં તેની જુબાનીને ટેકો મળ્યો છે."

લોર્ડ ડાર્લીંગે જુરીને યાદ આપ્યું કે, "ન્યુટને પોતાને પુછાયલા સવાલોના જવાબ સીધી રીતે આપ્યા છે."

"તેણે એમ દાવો કર્યો નથી કે, કોઇ આબરૂદાર માણસે કર્યું ન હોય તેવું કાંઈ તેણે કર્યું નથી."

"તેનાં પર પથરા ફેંકવાનો કોને અધિકાર છે? એ સવાલ સંબંધમાં, બદચાલ ચલાવતાં પકડાયેલી સ્ત્રીને વિષે વિચાર ચલાવવા વિના છુટકો નથી."

"રોબિન્સનનાં સંબંધમાં, તેણે આપેલા નકામા ચેક સંબંધમાં તેણે શું કહ્યું એ યાદ કરવું જોઇએ. તેણે કહ્યું કે, હું એ ચેક કદી પગાર કરવા માગતો ન હતો.

"એવું કરનાર માણસને ન્યુટન તરફ એક કાંકરો પણ ફેંકવા અધિકાર છે કે?

"એક માણસની આબરૂનાં સંબંધમાં, લાંબા વખત અગાઉના એક માણસ સંબંધમાં જે કહેવાયું હતું, તે મને યાદ આવે છેઃ—

" તેની આબરૂએ ગેરઆબરૂમાં મુળ ઘાલેલાં છે. "

" દગાબાજ વિશ્વાસે તેને ખરા તરિકે ખોટી રીતે રજુ કીધો છે. "

જુરીને છેલ્લા બોલો કહેતાં, જજે જણાવ્યું:—

" રોબીન્સન અને ન્યુટનની કિંમત એ કસોટીથી કરજો-કેમકે બંનેને તમારી સાદી અક્કલથી આંકજો. " મારા વિચાર મુજબ આમાં બેંકની ગફલતીનો સવાલજ નથી.

" આ બાબત હું મારી જવાબદારી પર કહું છું. (લોર્ડ હૅાલ્સબરીને હસતે મોઢે અપીલ કોર્ટ બતાવીને) જો હું ખોટો હઉં, તો તેનો ઇલાજ તમે જાણો છો. "

લોર્ડ ડાર્લીંગનો ચુકાદો " એ નાણાં જબરીથી કઢાવી લુંટી લીધાં છે. "

જુરી પાસે પુરતી સાબિતી.

બંને બાજુના ધારાશાસ્ત્રીઓની તકરાર સાંભળી લીધા પછી જજ લોર્ડ ડાર્લીંગે, મી૰ સી. રોબીન્સન બુકમેકરે મિડલેંડ બેંક પાસેથી ૧,૨૫,૦૦૦ પાઉંડ (રૂ. ૧૮॥। લાખ) મેળવવાના માંડેલા દાવામાં બેંકની તરફેણમાં ચુકાદો આપ્યો છે.

એ રકમ નામ નહિ દીધેલા પુર્વના એક રાજવંશી અને મીસીસ રોબિન્સનને નવેંબર ૧૯૧૯ ના વિજય નાચ વેળાએ થયેલી મુલાકાત પછી જામેલા પ્રેમપાશ સંબંધમાં " મી૰ એ. " એ આપેલા ૧,૫૦,૦૦૦ પાઉંડ (રૂ. ૨૨॥ લાખ) ના ચેકનો બાકીનો ભાગ હતો.

જજે જણાવ્યું કે, " મારા મત મુજબ જુરીને મેં પુછેલા સવાલોના જવાબોથી એ બિના બરાબર પુરવાર થાય છે કે આ નાણાં મજકુર હીંદી ગ્રહસ્થ (રાજા હરિસીંગ) પાસેથી લુંટી લેવામાં આવ્યા છે. "

"જુરીએ આપેલા જવાબોથી પુરવાર થાય છે કે, કાયદાની બારીકી મુજબ, "મી૦ એ." (રાજા હરિસીંગ)ને ધમકીઓ આપી, એ નાણાં તેની પાસેથી કઢાવવામાં આવ્યાં હતાં."

"એની પાસેથી એ નાણાં ચોરાયેલાં હોય, તો તે નાણાં કોના છે? મારા મત મુજબ, એ નાણાં હજીબી તેનાંજ છે."

"નાણાં સંબંધી ગમે તે સોદા થયા હોય, છતાં પણ એ નાણાં પર હજી બી તેનો હક્ક છે."

નાણાં વહેંચણી પછી, બોર્ડમાં જોડાવાની આતુરતા.

જજે કહ્યું–"જો એમ છે, તો પછી રોબીન્સનને એ નાણાં કેમ મળે?"

"બીજી બાબતો સાથે તે એમ કહે છે કે, આમાંનાં કેટલાક કાવતરાંખોરોનાં કામને હું સંમતિ આપું છું, માટે એ નાણાં મને મળવાં જોઈએ."

રોબિન્સન કહે છે: "એ લોકોએ જે કર્યું, તે હું મંજુર કરૂં છું. અને મને મારો ભાગ આપો."

"જુરી કહે છે કે, તે કાવતરાંમાં સામેલ ન હતો, પણ મને એમ લાગે છે કે, કાવતરાંખોરોની ટોળીનો તે અસલ ડીરેકટર ન હતો, પણ કંપનીનાં નાણાં વહેંચાઇ ગયાં પછી, તે ડીરેકટરોની બોર્ડમાં જોડાવા માગે છે." (હસાહસ)

"મને લાગે છે કે, તેને તેમ કરવાનો હક્ક નથી. મીલકત (નાણાં) તો હંમેશાં "મી૦ એ." નીજ હતી."

"એ મિલકત "મી૦ એ." ની હજી સુધી છે, અને બેંકની અથવા બીજાં કોઇપણ માણસો સામે "મી૦ એ."નો હક્ક ગમે તે હોય, પણ ઇગ્લાંડનો કોઈ પણ કાયદો હસ્તીમાં નથી, કે ચોક્કસ

દલીલ અગર કલ્પીત વાત અગર મુદ્દાથી હું એવો ચુકાદો આપી શકું, કે "મી૦ એ." (રાજા હરિસીંગ)ની મીલકત ફર્યાદીને આપવી."

લોર્ડ ડાર્લીંગની સખ્ત ટીકા.

પબ્લીક પ્રોસીક્યુટર માટે રાખેલાં રોબિન્સન કેસનાં કાગળીયાં—કોઇબી અદાલત આવો દાવો મંજુર કરી શકે નહિં."

જજે આગળ ચાલતાં જણાવ્યું કે:—"ખાસ ઉપર જણાવેલાં કારણને આધારે હું મારો ચુકાદો આપી શકું છું. પણ સર જોન સાઇમને રજુ કરેલી બીજી દલીલ–એ કે, "બેંક આ કેસમાં એક કલ્પીત આસામી સાથે લેવડદેવડ કરતી હતી–એ દલીલને આધારે પણ આ ચુકાદો વ્યાજબી ઠરાવી શકાય છે."


"એ ખરી વાત છે કે, આ દેશનો કોઇપણ માણસ, સિવાય કે તે ઠગાઇ ચલાવવા માગતો હોય, પોતાને કોઇપણ ઓળખાવી શકે છે."

"એક આસામી પર તેને પોતાને નામે બેંકમાં ખાતું પાડવાની ફરજ નથી. તે જો બીજા માણસને નામે ખાતું ખોલે, તો એ બીજાનાં ખરાં નામે ઉઘાડવાની તેનાં પર ફરજ નથી.

"તે એક ધારણ કરેલાં નામે ખાતું ખોલી શકે, અને આ કેસમાં પણ તેમ બન્યું હતું, અને આ કામ માટે કાયદો એ શખ્સને એક કલ્પીત આસામી તરીકે ઓળખાવે છે.

"અત્રે બેંક એક કલ્પીત આસામી સાથે વહેવાર ચલાવતી હતી, અને આવાં ધરાકનાં કામકાજ સંબંધમાં, જે સઘળું કરવાને બેંક બંધાયલી છે, તે તેણે કર્યું હતું."

"જુરીના ચુકાદા મુજબ, આ કેસમાં મને એકબી દલીલ નથી,



કેપ્ટન આર્થર એડીકાં; પેરિસમાં
મેજીસ્ટ્રેટની ચેમ્બરમાં કેદી
તરીકે પોલીસ સાથે.



મારીસ રોબીન્સન તૈયાર
થઇ કોર્ટના રસ્તે

Krishna Press, Bombay 2.







સૂવાના ઓરડામાં દાખલ થનાર
મા. ન્યૂટન.

મા. રોબીન્સન.
મા. હૉપ્સ.

કે જેને આધારે રોબીન્સનની વાત તો બાજુએ રહી પણ કોઈપણ આસામી આ નાણાંનો ભાગ મેળવી શકે."

"તેની દલીલ એવી હતી કે, જો કે તે કાવતરાંમાં સામેલ ન હતો, તો પણ આ કાવતરૂં થયું, તો પછી–તેમાંથી જે સઘળો લાભ તે મેળવી શકે, તે મેળવવાનો તેને હક્ક હતો."

લોર્ડ ડાર્લીંગે જણાવ્યું કે, "આ કેસનાં નૈતિક સ્વરૂપ પર કાંઈ પણ કહેવાનો મારો અધિકાર કદાચ નહિ હોય."

"ફર્યાદી સ્ત્રિને ભ્રષ્ટ કરી છુપાવવા માટે, અમુક માણસને ધમકાવી, તેની પાસેથી નાણાં કઢાવવાનાં રૂપમાં થયેલી ચોરીનાં નાણાંનો અમુક ભાગ પોતાનો, આપવાને, એક માણસ કોર્ટમાં આવીને દાવો કરે, તે દાવો કબુલ રાખે અને એ નાણાં તેને આપે, એવી કોઈબી કોર્ટ માટે કીંગ્ઝ બેંચ માટે તો ખાસ કરીને–હું કલ્પના પણ કરી શકતો નથી."

"આ દાવો એવી જાતનો છે. આથી કરીને હું પ્રતિવાદીના (બેંકના) લાભમાં ચુકાદો આપું છું."

ન્યાયનો ગેરઉપયોગ.

"એવી જાતનો નિયમ છે કે, જે શખ્સ અમુક દાવાને માટે ન્યાયનાં યંત્રનો દુરૂપયોગ કરે, તો એ આસામીને જે કાંઈબી ખરચ મેળવવાનો હક હોય, તે ખરચ તેની પાસેથી છીનવી લેવાનો જજને હક છે."

આ કેસમાં એ નિયમ લાગુ પડે છે.

"તેમ છતાં હું એટલું કબુલ રાખીશ કે, મી૦ અને મીસીસ રોબીન્સન કાવતરાંમાં સંડોવાયલાં હતાં, એ આક્ષેપને લીધેજ જો કાંઈ નાનો ખર્ચ થયો હોય, તો એ ખર્ચ રોબિન્સને ભોગવવો, એમ હું કહીશ નહીં."

લોર્ડ હૉલ્સબરીએ જણાવ્યું કેઃ—

"બેંકને દાવાનો ખર્ચ આપવો એવા હુકમ સામે હું વાંધો લઇશ નહીં. પણ જે મુદ્દામાં રોબિન્સન જીત્યો છે, તેનો ખર્ચ મળવો જોઈએ."

સર જોન સાઇમને જણાવવા પ્રમાણે બેંકને ખર્ચ આપવામાં આવે, તો તેથી અપીલ કરવામાં કેટલેક દરજ્જે મુશ્કેલી નડશે."

ખર્ચ માટે જજનો હુકમ.

જજે જાહેર કર્યું કે, હું ખર્ચ સાથે બેંકના લાભમાં ચુકાદો આપું છું. બેંકે એમ કબુલ રાખ્યું હતું કે, મી૦ અને મીસીસ રોબિન્સન કાવતરાંમાં સામેલ ન હતાં એમ પુરવાર થવાથી, એને લગતો કાંઇબી ખરચ મેળવવાનો બેંક દાવો કરશે નહીં.

જજે જણાવ્યું કે, "સર જોન સાઇમને જણાવ્યું છે તેવાંજ રૂપમાં હું ખર્ચનો હુકમ કરૂં છું."

"બેંક આ કેસમાં ફતેહમંદ થઇ છે, એમ હું માનું છું, આથી કરીને ખર્ચ સુદ્ધાં તેઓના લાભમાં ચુકાદો આપું છું."

જજે છેલ્લે જણાવ્યુંઃ "આ કેસ કદી લાવવો જોઇતોજ ન હતો."

દાવાના ખર્ચ સંબંધી તકરાર.

એ પછી કેસના ખર્ચ સંબંધી દલીલો થઈ હતી.

સર જોન સાઇમને જણાવ્યું કે, "બેંકને દાવાનો ખર્ચ મળવો જોઇએ. અને રોબિન્સન જે બાબતમાં ફતેહમંદ થયો છે—કે તે અને મીસીસ રોબિન્સન કાવતરાંમાં સામેલ ન હતાં—તે બાબતમાં રોબિન્સનને ખર્ચ આપવાને બેંકને નહિં કહેવું જોઇએ."

"રોબિન્સન એવો માણસ છે કે, જે એક તદ્દન નકામો ખોટો દાવો કરવા માટે કીંગ્ઝ બેંચ ડીવીઝનમાં આવ્યો હતો.

"તેને નાણાંની મોટી રકમ જોઇતી હતી—મીસીસ રોબિન્સનને બગાડવામાં આવી તેનું ભોપાળું ખુલ્લું નહિ કરવા માટે "મી૦ એ" ની દોલતમાંથી મળેલાં નાણાંની એ રકમ છે, એમ તે જાણતો હતો."

અપીલના હુકની ના.

જજે જણાવ્યું: લોકોમાં અનીતીની ચાલચલણને પરવાનગી મળે, એવું પોતાના હુકમથી કાંઇ ન થાય, એ જોવાની કીંગ્ઝ બેંચની હમેશાં ફરજ રહેલી છે."

"એક માણસને આ કોર્ટમાં આવવા દેવો કે જે માણસ પોતાની સ્ત્રીથી જુદો રહેતો હોય, તે પોતાને રસ્તે જતો હોય, અને તેની સ્ત્રી તેણીને રસ્તે જતી હોય-અને જ્યારે તેણી બદચાલ ચલાવતાં પકડાઇ જાય, અને તેણીને બગાડનારે કાવતરાંખોરોને નાણાંની મોટી રકમ આપી હોય, ત્યારે તેવાં એક માણસને કોર્ટમાં આવવા દેવો, અને ઉપલાં નાણાં પર તેનો હક્ક છે. એવો દાવો કરવા દેવો, અને એ નાણાં તે પોતાની સ્ત્રીને આપવા માગે છે-કે જે સ્ત્રી તો માત્ર તેની નામની સ્ત્રી છે-પુર્વમાં જઇ તેણીને ભ્રષ્ટ કરનારી સાથે તે પાછી રહેવા માગે છે, એવું તેણીએ કહ્યા પછી તેણીને માટે તે નાણાંની માગણી કરે-એવો દાવો કબુલ રાખવો, અગર તો એક પણ બોલ અથવા ઈસારાથી તેને ઉત્તેજન આપવું, એ એવું કરવાનું છે કે, જે ન કરવાને કીંગ્ઝ બેંચ ખાસ બંધાયલી છે."

લોર્ડ ડાર્લીંગે વધુમાં જણાવ્યું કે:-

"મેં એવો હુકમ કર્યો છે કે, પબ્લીક પ્રોસીકયુટરને આ કેસનાં કાગળીયાંની જરૂર પડે, એથી અમુક મુદ્દત સુધી આ કેસનાં કાગળીયાં કોઇને આપવાં નહિં.

લોર્ડ હૅાલ્સબરીએ, અપીલ કરવાની સારૂ, આ ચુકાદાનો અંમલ મુલતવી રાખવાને અરજ કરી.

જજે એ અરજ રદ કરતાં જણાવ્યું કે, મેં જણાવ્યું છે કે, "આ દાવો કદી પણ લાવવો જોઇતો ન હતો," અને હું હવે એમ કહી શકુ નહિં કે, એ દાવો અપીલ કોર્ટમાં લઇ જવાનું કોઇબી માટે વાજબી હોય."

હોબ્ઝની સામે કાવત્રાંનો આરોપ.

તેની ઉપર ઓલ્ડ બેઇલિમાં ચાલેલો મુકર્દમો.

સોમવાર, તા. ૨ જી માર્ચ ૧૮૯૫.

રાજા સર હરિસીંગની સામે કાવત્રું રચાવના આરોપસર વિલ્યમ કુપર હોબ્ઝની સામે કામ ચલાવવમાં આવ્યું હતું, તે મુકર્દમાની તપાસ સોમવાર તા. ૨ જી માર્ચને રોજ લંડનની ઓલ્ડ બેઇલિ અદાલતમાં મી. જસ્ટીસ એવરી સમક્ષ શરૂ થઇ હતી, જેમાં મોન્ટેગ્યુ નોએલ ન્યૂટનને તાજ તરફનો સાક્ષી બનાવવામાં આવ્યો હતો.

બચાવ પક્ષ તરફથીસર હેનેરી કર્ટીસ બેનેટ કે. સી. મુખ્ય ધારાશાસ્ત્રી હતા.

ન્યુટનની ઉલટ તપાસ.

શરૂઆતમાં બચાવપક્ષના ધારાશાસ્ત્રીએ તાજ તરફના શાક્ષી ન્યુટનની ઉલટ તપાસ શરૂ કરી હતી.

સ૦–તમારો જન્મ કયાં અને કયારે થયો હતો. ?

જ૦–મારો જન્મ લંડનમાં થયો હતો, અને ગયા નાતાલમાં મને બાવન વર્ષ પૂરાં થયાં.

સ૦–તમારી બાવન વર્ષની ઉંમરમાં તમે કેટલા નામો ધારણ કર્યાં હતાં ?

જ૦–બહુ ઝાઝાં નહિ.

સ૦–તોપણ કેટલાંક ?

જ૦–જો મારે એ સવાલનો જવાબ આપવાનોજ હોય, તો મારે તેને લગતા સંયોગો તમોને જણાવવા પડશે.

સ૦–તમે જે જે બનાવટી નામો ધારણ કરીને રહ્યા હતા, અગર તેવા નામો નીચે ધંધો કરતા હતા, તે બધા હું જાણવા માગું છું.

જ૦–બેંકમાં મારૂં મેસનના નામનું ખાતું હતું: અને કેટલાક સંયોગોમાં હું મને બારકલે તરિકે ઓળખાવતો. બસ એટલુંજ મને યાદ છે.

સ૦–ત્યારે હું તમને થોડાક નામો યાદ આપું. તમે 'મેસન' એ નામ બેંકના ખાતા સિવાય બીજા કોઈ કામ વાપર્યું હતું ખરૂં?

જ૦–ખરેખર મને એ યાદ નથી.

સ૦–૧૯૧૩ ની સાલમાં શરતની બેટીંગને માટે અને ઘોડાઓને દોડાવવાના સંબંધમાં તમે મેસનના નામથી શામાટે બેંકમાં ખાતું ખોલ્યું હતું?

જ૦–કોઇપણ નામથી બેંકમાં ખાતું પડાવવામાં કાંઈ ગુન્હો થતો નથી.

સ૦–તે તો જોઈ લેવાશે પણ તમે મેસનના નામથી શામાટે ખાતું પડાવ્યું હતું?

જ૦–તે બાબતમાં હું તમને કાંઈ કારણ જણાવી શકું એમ મને લાગતું નથી.

સ૦–બારકલેના નામથી પણ તમે બેંકમાં ખાતું ઉઘાડયું હતું કે?

જ૦–ના.

સ૦–એ નામ તમે કયારે ધારણ કર્યું હતું?

જ૦–૧૯૧૪ માં. એ નામ મેં ચાર પાંચ અઠવાડીયા સુધી વાપર્યું હતું. હું જ્યાં રહેતો ત્યાં તો હમેશાં મારા પોતાના નામથીજ

રહેતો હતો ' બારકલે ' એ નામ તો હું કોઇને મળવા જતો ત્યાં વાપરતો.

બાદ ન્યુટન જરા ગુસ્સે થઇને બોલ્યો. " મને ખાત્રી છે કે આ બધી બાતમી તમારા અસીલ મી. હોબ્ઝને મેં કહેલી. મારી ખાનગી બાબતો તેણે વિશ્વાસભંગ કરવાથી તમે મેળવી છે. આ બધી ખાનગી બાબતોનો તમે ઉપયોગ કરશો કે કેમ તે હું જાણતો નથી. જો તમે એમ કરશો તો મારે એ બાબતમાં નામદાર જજને અરજ કરવી પડશે.

સ૦–તમે ' માઇકિલ્સ ' નામ ધારણ કર્યું હતું ?

જ૦–ના.

સ૦–નોર્ટન ?

જ૦–હવે મને બરાબર ખબર પડી કે એ તમે તમારા અસીલ પાસેથીજ જાણ્યું છે ! પણ એમાં તો એનેજ નુકશાન પહોંચશે.

સ૦–એ બાબતની તમારે ફીકર કરવી નહિં. મારા સવાલનોજ જવાબ આપોને.

જ૦–હું કાંઇ વાત છુપાવીશ નહિ. પણ મારે તેનો ખુલાસો તો આપવો પડશે. માત્ર 'હા' કે 'ના' નોજ જવાબ આપવો એમ તમે મને બાંધી લેવા તો નથી માંગતા ? હોબ્ઝની સૂચના ઉપરથી તેની ઓફીસમાં હું નોર્ટન તરિકે જાહેર થયો હતો, તેમજ ટેલીફોન પર વાત કરતાં હું એ નામ વાપરતો. એમ કરવાનું કારણ એ હતું કે હોબ્ઝના પ્રિન્સીપાલો (કમીશનથી કામ આપનાર શેઠીઆઓ) પુછપરછ ન કરે એટલા માટે અમારૂં કામકાજ ખાનગી રીતે કરવું એ ઠીક છે એમ હોબ્ઝનું માનવું હતું.

સ૦–જીરાલ્ડ નોર્મન ન્યુટન તરિકે પણ તમે જાણીતા હતા ?

જ૦–હા. પણ તમને બધી વાતની ખબર નથી. હું ' વોર '

(વિગ્રહ)માં કામ કરવાને ઘણો આતુર હતો, તેથી મેં એ નામથી નોકરી મેળવી હતી.

સ૦—જીરાલ્ડ નોર્મન ન્યુટનના નામથી નાણાં ધીરનાર તરિકે તમારૂં નામ રજીસ્ટર કરાવ્યું હતું?

જ૦—હા.

સ૦—તમને કોઇવાર બનાવટી સહી કરવા માટે સજા થઇ હતી?

જ૦—મને ગયા નવેમ્બર મહિનામાંજ પહેલવહેલી ખબર પડી કે ૧૯૦૭ માં મને સજા થઈ તેમાં બનાવટી સહી કરવા માટે મને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. આ વાત તમને નવાઇ જેવી લાગશે, પણ હકીકત એમ હતી કે મારો બચાવ કરવા માટે. મને સજા થઈ તેની અગાઉ મારા પા કલાક પહેલાંજ એક કામધંધા વગરનો બેરિસ્ટર રોકવામાં આવ્યો હતો. આ બેરિસ્ટરે જે કાંઇ કર્યું તે સાવ નકામું હતું. હું ખરેખર એમજ માનું છું કે મારા છેતરવાનું કાવત્રું કરવા માટેજ મને ગુન્હેગાર ગણવામાં આવ્યો હતો.

ન્યુટને આગળ ચાલતાં કબુલ કર્યું હતું કે "હું મારી ચાલાકીથીજ કમાઇ ખાઉં છું." હું કામકાજ ઘણું કરૂં છું, પણ મારો કોઇ ખાસ ધંધો નથી.

બાદ ન્યુટનને એક પત્ર બતાવવામાં આવ્યો હતો.

સ૦—આમાં તમારી સહી છે, તે કોણે કરેલી છે?

જ૦—સહીની પછી "ન્યુટન" એ શબ્દ ફરીથી લખાયેલો છે અને તેની પછી આશ્ચર્યચિહ્ન છે. એ કદાચ મેં કરેલું હશે, પરંતુ એ કયઃ સંજોગોમાં બન્યું હતું તે મને યાદ નથી.

સર હેનરીએ જણાવ્યું કે એ સહીનું મહત્વ આગળ ઉપર જણાઇ આવશે. એ ઉપરથી ન્યુટન બોલી ઉઠયો કે "હું તમારી બચાવ

કરવાની પદ્ધતિ સમજી શકું છું. અને એ બચાવ પદ્ધતિ ખરેખર પિશાચી છે !"

સ૦–૧૯૧૨ ની સાલમાં તમને અમેરીકામાં પકડવામાં આવ્યા હતા ?

જ૦–હા. અને તરત જ છોડી મૂકવામાં આવ્યો હતો.

સ૦–કોઇ સ્ત્રીની બાબતમાં પકડવામાં આવ્યા હતા ?

જ૦–આ કેસમાં જેને સંબંધ ન હોય તેવા સવાલોના જવાબ આપવામાં હું ના પાડું છું. હું જાણું છું કે તમે જ્યુરીની દષ્ટિમાં મને માનભંગ કરવાનો ધંધો લઈ બેઠા છો. પણ તમને ખબર નથી કે કમનશીબે મારૂં ચારિત્ર્ય તો કયારનુંએ કલંકિત થઇ ચુકયું છે, અને હું અહિં એક પૂરેપૂરા કલંકિત માણસ તરિકેજ ઉભો છું ?

સર હેનરીએ જણાવ્યું કે હું આ બાબત ન્યુટનના ચારિત્ર્યને કલંકિત કરવાનાં હેતુથી કાઢતો નથી; પરંતુ જે જુબાની હવે પછી આવવાની છે, તેને માટે હું એ વાત કઢાવું છું.

મી૦ જસ્ટીસ એવરીએ જણાવ્યું કે જો અમેરિકાનો કેસ અહિં ટાંકવાનો હશે, તો તેવી જુબાની દાખલ થવા દેવી કે કેમ તે સંબંધી મારે વિચાર કરવો પડશે.

સ૦--તમે મીસીસ રોબીન્સનને કોઇ દહાડો બહાર હરવા ફરવા લઈ ગયા હતા ?

જ૦—ના, કદિ નહિ.

સર હેનરી—મિસીસ રોબીન્સન સોગંદ ઉપર કહે છે કે તમે તેને એક રેસ્ટોરાંમાં લઈ ગયા હતા.

ન્યુટન—ઓ ભગવાન ! એણે તો કાંઇ ભયંકર સોગંદ ખાધા લાગે છે !

સર હેનરી—ગમે તેમ પણ તે કેસમાં જ્યુરીએ તો તેણીનું કહેવું માન્યું હતું, તમારૂં નહિ.

આ ઉપરથી નામદાર જજે ટીકા કરી કે એ કેસમાં જ્યુરીએ જે કાંઇ કર્યું તે બધું આ કેસમાં આધારરૂપ ગણાય નહિ. તે કેસમાં જે કાંઇ બન્યું તે સંબંધી સર હેનરીએ અહિં ઇસારો કરવો જોઇએ નહિ.

કામ-ચલાઉ પતિ !

આગળ ચાલતાં ન્યુટને પોતાની જુબાનીમાં સર હરિસીંગને જાળમાં ફસાવવાની બાજીના સંબંધમાં મીસીસ રોબીન્સન તેની પાસે ગઇ હતી, તે બનાવનો હેવાલ આપ્યો હતો. તેણે પોતાના હેવાલમાં જણાવ્યું કે "જ્યારે મને ખબર પડી કે એ યોજના પ્રમાણે મારે મીસીસ રોબીન્સનના પતિનો પાઠ ભજવવાનો છે, ત્યારે મેં તેમ કરવાનું કારણ પૂછતાં મિસીસ રોબીન્સને જણાવ્યું હતું કે, એ કેવો છે તે તો તમે જાણો છો–સુધરેલી સોસાયટીના એક ગૃહસ્થને બદલે તે કસાઈ જેવો વધારે લાગે છે."

સ૦—તમારે મી. રોબીન્સનનો પાઠ ભજવવાનો છે એ દરખાસ્ત સાંભળીને તમે હેબતાઇ ગયા હતા કે ?

જ૦—હું કશાથી હેબતાઇ જતો નથી. એવી બાબતોને હું ઓળંગી ગયો છું.

સ૦—તેઓના સૂવાના ઓરડામાં તમારે જવાની આ યુક્તિ તમારા ભેજામાંથી નીકળી ન હતી એમ તમને ખાત્રી છે ?

જ૦—તમે કેવા હાસ્યજનક સવાલ પૂછો છો ? મેં સોગંદ ઉપર મારી જુબાની આપી છે. તે સાચી જ વાત છે અને તમારે તે સ્વીકારવી જ પડશે. હું કાંઈ ખોટા સોગંદ ખાવાના આરોપને પાત્ર થવા માગતો નથી.

સ૦—નાતાલની સવારે પારીસમાં મિસીસ રોબીન્સને તમારા ઉપર બહુ સખત હુમલો કર્યો હતો ?

જ૦—મારા જેવા માણસની સાથે એમ બનવું અસંભવિત છે.

બાદ મિસીસ રોબીન્સનના સંબંધમાં એક બીજો સવાલ પૂછવામાં આવતાં ન્યુટને જવાબ આપ્યો કે "ભયંકર વાત ! હું તમને કહી ગયો તેમ તેણીએ ભયંકર જુઠાણાઓ પર સોગંદ ખાધા છે, અને આ તેમાંનું એક છે."

મુખ્ય તપાસ.

બાદ પબ્લીક પ્રોસીક્યુટર તરફથી ન્યુટનની મુખ્ય તપાસ શરૂ થતાં ન્યુટને જણાવ્યું કે હું હોબ્ઝને પહેલવહેલો વીશ વર્ષ પહેલાં મળ્યો હતો. હું તેને સારી રીતે ઓળખું છું. મેં હોબ્ઝની પેઢી સાથે કામકાજ કર્યું હતું. કેપટન આર્થરની સાથે મારી પ્રથમ મુલાકાત ૧૯૧૯ની આખરમાં થઇ હતી.

સ૦—તમારી અને આર્થરની વચ્ચે કાંઇ યોજના સંબંધી મસલત થઈ હતી ?

જ૦—મને તેની પાસે એટલા માટે બોલાવવામાં આવ્યો હતો, કે આર્થર મને જોઇને તેના અભિપ્રાય મુજબ હું બનાવટી પતિ તરિકે ચાલી શકીશ કે કેમ તે નક્કી કરી શકે.

સ૦—એ યોજના કેવી રીતે હતી ?

જ૦—યોજના એવી રચવામાં આવી હતી કે સર હરિસીંગ અને મિસીસ રોબિન્સન કાંઇક અસભ્ય હાલતમાં ઉઘાડા પડે, મારે મિસીસ રોબિન્સનના પતિનો પાઠ ભજવવો અને એ સ્થળે હાજર થવું.-બની શકે તો બરાબર ખરે મોકે હાજર થવું.

સ૦—એ પ્રમાણે તમે એમને જોઈ જાવ, એનું પરિણામ પછી શું આવવાનું ધાર્યું હતું ?

જ૦—પતિ પત્ની વચ્ચે છુટાછેડાનો મુકર્દમો ચાલે અને તેમાં પોતાની નાલેસી ઉઘાડી પડે એ બધું અટકાવવાને ખાતર સર હરિસીંગ ચોક્કસ નાણાંની અમુક રકમ આપે જ.

માલદાર માણસ !

ન્યુટને આગળ ચાલતાં જણાવ્યું કે આર્થરે કહ્યું હતું કે સર હરિસીંગ પાસે અહિંની બેંકમાં આસરે ૧,૬૦,૦૦૦ પૌંડની રકમ જમા છે અને આશરે ૯૦ લાખ રૂપિયા હિંદની બેંકમાં પડયા પડયા વા ખાય છે. તેણે કહ્યું હતું કે એ 'દેશી ભાયડા'એ શું રકમ આપવી તે નક્કી કરવાનું મારી (આર્થરની) ઉપર છોડવું.

વળી રાજા હરિસીંગને પોતાના કાકા કાશ્મીરના મહારાજાનો વારસો મળવાનો હતો, તે પણ જો આવી વાત ઉઘાડી પડે તો જોખમમાં આવી પડે.

નામદાર જજ—કાશ્મીરની ગાદીનો વારસો તમે કહેવા માંગો છો?

ન્યુટન—હા, મારા લોર્ડ.

બાદ ન્યુટન રાજા હરિસીંગ સાથે મિસીસ રોબીન્સને કરેલી પારીસની મુસાફરીની વાત, કે જે હવે તદ્દન જાણીતી છે, તેનું વર્ણન આપવા જતો હતો, એવામાં સર હેનરી કર્ટીસ બેનેટે તેને માટે વાંધો ઉઠાવ્યો હતો.

તેમણે જણાવ્યું કે હોબ્ઝ તે વખતે પારીસમાં ન હતો, અને જે કેસોમાં ત્રણ કાવતરાંખોરો સાથે મળીને કામ કરતા હોય, તેવા કેસોને માટે જે સામાન્ય નિયમ એવો છે કે એકની સામેની જુબાની બીજા એક અથવા બીજા બે સામેની ગણાય, તેનાં કરતાં આ કેસ જુદા પ્રકારનો છે.

કેટલીક વધુ દલીલો થયા પછી મી. જસ્ટીસ એવરીએ જવાબ

આપ્યો કે "મારા અભિપ્રાય મુજબ કાવત્રાના ગુન્હા માટે પ્રાથમિક જુબાની પુરતી છે. અને હું ધારૂં છું કે, આ જુબાની રજુ કરવા દઇ શકાય તેવી છે."

બંધ બારણા નહિ જોઇએ.

આગળ ચાલતાં ન્યુટને જણાવ્યું કે મિસીસ રોબીન્સનનું કહેવું એમ હતું કે આ રૂમના બારણાં અંદરથી બંધ કરી શકાય તેવાં ન હોવાં જોઇએ.

બાદ ન્યુટને પારીસની તે હોટેલના સૂવાના ઓરડાના અંદરના ભાગનું વર્ણન આપ્યું હતું. પછી તેણે જણાવ્યું કે "મેં બારણું ઉઘાડયું અને મિસીસ રોબીન્સન બહાર ધસી આવી."

સ૦—ત્યાં બીજું કોઇ હતું ?

જ૦—હા.

સ૦—કોણ ?

જ૦—પેલો કાળીયો.

નામદાર જજ—એટલે ?

ન્યુટન—સર હરિસીંગ, મારા લોર્ડ.

મી. હમ્ફ્રીઝનું ભાષણ.

બાદ ફરિયાદ પક્ષ તરફથી પોતાનું ભાષણ શરૂ કરતાં મીઃ ટ્રેવસ હમ્ફ્રીઝે જણાવ્યું કે તાજ તરફથી મી. રોબીન્સન કે તેમની પત્નીને સાક્ષી તરિકે બોલાવવામાં આવશે નહિ.

હું જાણું છું કે જો અમે ન્યુટનને તેમજ કેપ્ટન આર્થરને પકડીને અહિં આરોપીના પીંજરામાં ખડા કરી શકયા હોત, તો અમારો પરિશ્રમ વધુ સફળ થયો ગણાત. પરંતુ ન્યુટનની જુબાની અગત્યની હોવાથી તેને તાજ તરફનો સાક્ષી બનાવવામાં આવ્યો છે

અને પેલો માજી અંગરક્ષક (આર્થર) એટલો ઉત્સાહ છે કે તેને ફ્રાંસમાંથી અહિં આણી શકયો નથી.

મંગળવાર, તા૦ તા ૩ જી માર્ચ ૧૯૨૫

મિસીસ રોબીન્સન તથા મિસીસ બિવનને કોર્ટના સમન્સથી બચાવપક્ષ તરફના સાક્ષી તરિકે બોલાવવામાં આવ્યા હતા, અને આજે તપાસ શરૂ થઈ તે વખતે તેઓ બંને કોર્ટમાં હાજર હતા.

બચાવપક્ષના મુખ્ય ધારાશાસ્ત્રી સર હેનરી કર્ટીસ બેનેટની વિનંતિથી જ્યુરીને એક પત્ર બતાવવામાં આવ્યો હતો, જેના ઉપર ન્યુટનની કબુલ કરેલી સહી હતી.

સર હેનરીએ ન્યુટનને પૂછ્યું: " તા. ૨૯ મી ડીસેમ્બરે કાર્લ્ટન હોટેલમાં તમે આ પત્ર ટાઇપ રાઇટરથી લખાવ્યો હતો ? અને તેના ઉપર તમે સહી કરી હતી ?

જવાબ—ના.

સ૦—હવે આ સહી જુઓ. હું કહું છું કે એમાં " સી. રોબી-ન્સન " એમ સહી કરેલી છે, તે તમે કરેલી છે.

જ૦—ના, મેં બરાબર જોઈ લીધું છે.

સર હેનરીએ કહ્યું: " તમારે એમાં જરા પણ ડરવાનું કારણ નથી. " ન્યુટને લાગલોજ જવાબ આપ્યો કે " અરે, મને કાંઇ એનો ડર નથી. હું તો માત્ર તમારી દલીલ કરવાની પદ્ધતિથી અકળાઇ ગયો છું. તમારી એ દલીલ કરવાની પદ્ધતિ માટે તો મારે અહિં આવવું પડયું છે, સર હેનરી ! અને હોબ્ઝને આરોપીના પીંજરામાં ખડા થવું પડયું છે, તે પણ એજ કારણથી. મારે કાંઈ પણ છુપા-વવાનું છેજ નહિ. "

સ૦—તમે એમ કહો છો કે એ સહી તમારી નથી ?

જ૦–હા, હું કહું છું.

સ૦–રાજા હરિસીંગનો ૧,૫૦,૦૦૦ પૌંડનો ચેક કે જે હોબ્ઝ પાસે લાવવામાં આવ્યો હતો, તેમાં રકમ ભરેલી હતી; અને પાછળથી તેની પાછળ એન્ડોર્સમેન્ટ કરવામાં આવી હતી. કેમ ખરૂં ?

જ૦–હા.

સ૦–એ એન્ડોર્સમેન્ટ તમે કરી હતી ?

જ૦–ના.

નામદાર જજ–તમે એન્ડોર્સમેન્ટ કરવાની વાત કરો છો, તે 'સી. રોબીન્સન'નીજ એન્ડોર્સમેન્ટ કહેવા માગો છો ને ?

સર હેનરી–હા, મારા લોર્ડ.

બાદ સર હેનરીએ સંખ્યાબંધ સહીઓ રજુ કરી હતી, અને જણાવ્યું હતું કે "એ બધી બહુ અચ્છી રીતે કરવામાં આવેલી છે."

ન્યુટને જણાવ્યું કે "એ મારી કરેલી નથી."

સ૦–એ સહીઓ કોઇ ખોટી સહી કરનાર બદમાશે કરી છે. કેમ ખરૂં ?

જ૦–મારો જવાબ એ છે કે તમે તમારી પિશાચી બચાવ પદ્ધતિથી તમે જે સંખ્યાબંધ સહીઓ રજુ કર્યે જાઓ છો, તેમાંથી એક પણ મેં લખેલી નથી.

આ વખતે અમુક કાગળોને દાખલ કરી શકાય કે કેમ તે સંબંધી ધારાશાસ્ત્રીઓમાં વિવાદ ચાલ્યો હતો.

ચોરીનો પુરાવો ક્યાં છે ?

નામદાર જજે જણાવ્યું કે આ મુદ્દા ઉપર હું છેવટના નિર્ણય ઉપર આવું તે પહેલાં હું તમને જણાવવા માગું છું કે અત્યાર સુધીમાં મારા સાંભળવામાં એવી કશી જુબાની આવી નથી કે જેના પરથી એમ

સાબિત થાય કે આ ચેકોને માટે ચોરી કરવામાં આવી હતી, તેમજ ચોરવાનું કાવત્રું રચવાનો ગુન્હો પુરવાર થાય તેવી પણ કશી જુબાની પડી નથી.

અત્યાર સુધીમાં રજુ ન થઈ હોય એવી વધુ જુબાની હોવાનું મી. ઓલીવર (તાજ તરફના ધારાના હિમાયતી) બતાવી ન આપે તો હું ચોરવાના કે ચોરી કરવાના કાવત્રાના આરોપને લગતી કશી જુબાની પડી નથી એમ, વખત આવશે ત્યારે કહી દેવાને હું તૈયાર રહીશ.

બાદ સર હેનરીએ ન્યુટનને પૂછ્યું કે, "તા. ૪ થી જાન્યુઆરીએ દોઢ લાખ પૌંડનો ચેક તૈયાર છે એમ ખબર મળ્યા પછી જે દસ્તાવેજમાં બીજે દિવસે સહી થઇ હતી તેનો ખરડો તમે હોબ્ઝને લખાવ્યો હતો ?"

સદરહુ દસ્તાવેજ ન્યુટનને બતાવવામાં આવતાં તેણે તે તરછોડીને ફેંકી દીધો અને જવાબ આપ્યો કે "ના, એ 'સી. રોબીન્સન' ની સહીવાળો એક પણ દસ્તાવેજ મારો નથી. એ કાંઇ ચાલશે નહિં. એ બચાવ તદ્દન નબળો છે."

સ૦–હું એમ કહું છું કે વસ્તુતઃ એ ૧,૩૦,૦૦૦ પૌંડના ચેકમાં સહી કરીને તમે તેને શીકરાવ્યો હતો.

જ૦–ના. એમાં કાંઇ સત્ય નથી. એક શબ્દ પણ નહિં.

સ૦–આ વહીવટમાંથી તમને કુલ કેટલા પૈસા મળ્યા હતા ?

જ૦–નામદાર જજની સાથે હું સંમત છું કે મને કુલ ૪૪,૧૦૦ પૌંડ મળ્યા હતા.

સ૦–હું એમ કહું છું કે તમને એ કરતાં ઘણી મોટી રકમ મળી હતી.

જ૦—અરે ના, ના, ના, તદ્દન ખોટું.

બાદ ન્યુટનને એક કાગળ બતાવવામાં આવ્યો હતો, જેમાં કેટલીક રકમોનું લીસ્ટ હતું. ન્યુટન આ લીસ્ટ તપાસી જતો હતો એવામાં સર હેનરીએ ટીકા કરી કે " કદાચ હવે તેને કાંઇક યાદ આવ્યું લાગે છે. "

ન્યુટન—હા. યાદ આવે છે.—હવે વાત વધતી જાય છે. મને એવો કાંઇજ ખ્યાલ ન હતો કે તમે તમારા આટલા બધા સવાલો જુઠાણાઓ ઉપરથી રચશો. આ માત્ર એક યુક્તિ છે. તમારી બધી પિશાચી યુક્તિઓમાંની આ પણ એક યુક્તિ જ છે.

બીજા ચેક સંબંધમાં ન્યુટને જણાવ્યું કે ૧૯૨૨ ના માર્ચમાં કેપ્ટન આર્થરે મારા ભાગના જે પૈસા મને અગાઉ આપેલા તે બાબત પારીસમાં મારા પર દાવો માંડયો હતો.

ત૦—આ દાવાની વિગતો ખોટી છે ?

જ૦—હા. અને તેમના સોગંદનામા પરના મારા જવાબની વિગતો પણ ખોટી છે.

સ૦—તમે ખોટું સોગંદનામું કર્યું હતું ?

જ૦—હા.

સર હેનરી—ત્યારે હું તમને જણાવી દઉં કે મેં એ જોયુંજ નહોતું પણ તમે એ કહી દીધું એ તમારો ઉપકાર થયો.

ન્યુટન—હું અહિં તોપને ગોળે ચડવાને માટે પણ તૈયાર ઉભો છું. ચલાવો તમારો મારો ! (હસાહસ)

આગળ ચાલતાં ન્યુટને જણાવ્યું કે મિસીસ સ્મીટ એક જર્મન સ્ત્રી છે અને આર્થર તેને પોતાની પત્ની તરીકે હિન્દમાં લઇ જનાર છે એવો એક જવાબ આપેલો છે તે તદ્દન ખોટો છે.



મી. મેકરરી તથા મિસીસ રોબીન્સન
કોર્ટ તરફ જાય છે.



મી. યંગ, મિસીસ બ્રિવન તથા મિસીસ રોબીન્સન
જ્યુરસાલેમ કોર્ટમાં આવી પહોંચે છે.



રૂા. ૪૫ લાખનાં ચેક લખી આપનાર
લૉર્ડ ગજરવંશી.



પોતાની કિંમત રૂા. ૪૫ લાખની મેળવનાર
માર્ગારિ રોબીનસન.

ishna Press, Bombay 2.

સ૦–કેપ્ટન આર્થરે એમ કહ્યું હતું કે મિસીસ સ્મીટની બાબતમાં તમે તેની પાસેથી ધમકી આપીને પૈસા કઢાવવા માંગતા હતા ?

જ૦–તેણે એમ કહ્યું હતું પણ તે તદ્દન ખોટી વાત હતી.

પોતાની જુબાનીને અંતે ન્યુટને જણાવ્યું કે " મી. રોબીન્સને મીડલેન્ડ બેંક સામે જે દાવો માંડયો હતો, તેમાં મેં જુબાની આપ્યા આશરે બાદ એક અઠવાડીયા પછી મીડલેન્ડ બેંક તરફથી મને ત્રણ હજાર પૌંડ આપવામાં આવ્યા હતા. "

બાદ તપાસ બુધવાર પર મુલત્વી રહી હતી.

બુધવાર, તા ૪ થી માર્ચ ૧૯૨૫.

આજે શરૂઆતમાં મી. એમ. એફ. વોટર્સ નામના એક સોલિસીટરની જુબાની લેવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે " તેઓ મારી પાસે આવ્યા બાદ હોબ્ઝે એક ચેક કાઢયો. મેં કેપ્ટન આર્થરને પૂછયું કે ' એ ખરો ચેક છે ? ' તેમણે જવાબ આપ્યો 'હા.' બાદ આર્થરે તે ચેક હોબ્ઝને પાછો આપ્યો અને તેણે તેને ફાડીને સગડીમાં ફેંકી દીધો. "

મી. જસ્ટીસ એવરી–બીજો ચેક અહિંઆ છે, અને જે ચેકને સળગાવી દેવામાં આવ્યો હતો તે તો એ દેખીતી રીતે નથીજ.

બાદ ત્રણ લાખ પૌંડના બે ચેકો રાજા હરિસીંગે મીસીસ રોબીન્સન સાથે પારીસ ગયા બાદ આપ્યા પછી પૈસાની જે લેવડદેવડો થઇ હતી તેની વિગતો આપવામાં આવી હતી.

તે પછી ન્યુટનને ફરીથી સાક્ષીના પીંજરામાં ખડો કરવામાં આવ્યો હતો. તેણે સર હેનરીના સવાલના જવાબમાં જણાવ્યું કે, ૧૯૨૦ નાં નવેમ્બરથી ૧૯૨૨ ના એપ્રીલ સુધી હું ચાર્લ્સ રોબીન્સનના નામથી બેંકમાં ખાતું ચલાવતો હતો.

બાદ એપલટન એન્ડ કંપનીના નામથી નં. ૨ લેંકેસ્ટર પ્લેસ, સ્ટ્રાન્ડ આગળ ધંધો ચલાવતા મી. સી. ટી. વિલ્કીન્સન નામના એક સોલીસીટરની જુબાની લેવામાં આવતાં તેમણે જણાવ્યું કે "૧૯૨૨ ની સાલ સુધી હોબ્ઝ મારો મેનેજીંગ કલાર્ક હતો. આ મુકર્દમો ચાલુ થયો ત્યાં સુધી મેં આ બાબત સંબંધી કદી કાંઇ સાંભળ્યું ન હતું.

ગુરૂવાર, તા. ૫ મી માર્ચ ૧૯૨૫.

આજે ફરીયાદપક્ષ તરફથી તેમનો કેસ સંપૂર્ણ થતાં મી. જસ્ટીસ એવરીએ એવું રૂલીંગ આપ્યું હતું કે ચોરવાનું કાવત્રું કરવાના અથવા બીજા દેશમાં ચોરાયેલી મીલ્કત આ દેશમાં રાખવાના આરોપના ટેકમાં જ્યુરી સમક્ષ મૂકવા જેવી કશી જુબાની પડી નથી. પરંતુ સર હરીસીંગ પાસેથી તેમની મિલ્કત પડાવી લેવાના તથા આ દેશમાં તેમને છેતરવાના કાવત્રા માટે જ્યુરી પાસે પુરતી જુબાની છે.

બચાવપક્ષની જુબાની.

બાદ બચાવપક્ષ તરફથી પહેલા શાક્ષી તરિકે હોબ્ઝને બોલાવવામાં આવતાં તેણે જણાવ્યું કે પંદર વર્ષ સુધી હું ન્યુટનને રોબીન્સન તરીકે ઓળખતો હતો. ૧૯૧૯ ની સાલમાં ન્યુટને મને કહ્યું કે તે પોતાની સ્ત્રી સાથે છુટાછેડા કરવા માગે છે. તે પછી એક દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો હતો. મને એમ જણાવવામાં આવ્યું હતું કે કેપ્ટન આર્થર નામના એક માણસને સાક્ષી તરિકે સમન્સથી હાજર કરી શકાશે.

આગળ ચાલતાં હોબ્ઝે જણાવ્યું કે "તે પછી જ્યારે મને એમ જણાવવામાં આવ્યું કે છુટાછેડાનો મુકર્દમો પડતો મૂકવામાં આવ્યો છે, અને સમાધાની તરીકે ૧,૫૦,૦૦૦ પૌંડનો ચેક આપવામાં આવ્યો છે, ત્યારે મને ભારે અજાયબી થઈ."

બાદ સુનાવણી મુલત્વી રહી હતી.

શુક્રવાર તા. ૬ ઠી માર્ચ ૧૯૨૫
હોબ્સની વધુ તપાસ.

આજે તપાસ શરૂ થતાં બચાવ પક્ષના ધારાશાસ્ત્રી મી. સેન્ટ જોન હચીનસનના સવાલના જવાબમાં હોબ્સે જણાવ્યું કે ૧૯૨૦નાં જાન્યુઆરીમાં ન્યુટનની સાથે પારીસથી પાછા ફર્યા પછી હું કેપ્ટન આર્થરને મળ્યો હતો અને તેને મેં કહ્યું હતું કે ન્યુટને એવી માંગણી કરી હતી કે તેની સ્ત્રીને ૨૦,૦૦૦ પૌંડ મળવા જોઇએ.

આ પ્રમાણે ૨૫,૦૦૦ પૌંડ મિસીસ રોબીન્સનને આપવામાં આવ્યા પછી ન્યુટને મને કહ્યું કે જો મને રાજા હરિસીંગ તરફથી એવું વચન મળે કે તે મારી સ્ત્રીની બાબતમાં હવે કાંઈ સંબંધ રાખશે નહિ તો હું આ દોઢલાખ પૌંડમાંથી કેટલીક રકમ પાછી આપીશ તેમજ બીજો ચેક પાછો સોંપી દઈશ.

ત્યારબાદ કેટલાક દિવસે ન્યુટને એવી જાતના દસ્તાવેજ પર સહી કરી આપી કે 'હવે મારો કાંઈપણ વધુ દાવો નથી' અને પછી તેણે મને બીજો ચેક પાછો આપ્યો. મેં તે ચેક ફાડી નાખ્યો. ત્યારબાદ મી. રોબીન્સન કે મિસીસ રોબીન્સનને કાંઈપણ દાખલ કરવામાં આવશે નહિ એવું વચન આપવા સંબંધી પત્ર મી. વોટર્સે લખી મોકલ્યો હતો. ન્યુટને કહ્યું હતું કે આ સંતોષકારક દસ્તાવેજ નથી.

મી. હચીન્સન—તમને પહેલવહેલાં કયારે ખબર પડી કે ન્યુટન એ રોબીન્સન નથી?

જ૦—૧૯૨૩ના સપ્ટેમ્બરમાં. ન્યુટને તે વખતે મને જમવા બોલાવ્યો હતો. મેં તેને ત્યાંજ કહી દીધું કે 'તું મને જે જે વાતો કહે છે, તે બધી જુઠાણાથી ભરેલી છે, એવો મને પુરાવો મળી ગયો છે.' આ

સાંભળીને તે હસ્યો અને મારી મશ્કરી કરીને મને ખીજવવા લાગ્યો, મેં તેને કહ્યું કે "સાલા બદમાશ, હું તારી સાથે જમવા કરવાનો નથી." એમ કહીને હું રેસ્ટોરાંની બહાર ચાલી ગયો, કેમકે મને લાગ્યું કે જો હું રોકાઇશ, તો કદાચ તેને એકાદી થપ્પડ લગાવી દઇશ.

હોબ્ઝની ઉલટ તપાસ.

મી. ટ્રેવર્સ હમ્ફ્રીની ઉલટ તપાસમાં હોબ્ઝે જણાવ્યું કે કાવત્રું રચાયું છે એમ મને લાગ્યું હતું, પણ હું તે કાવત્રામાં સામેલ ન હતો. હું કબુલ કરૂં છું કે એ ૧,૫૦,૦૦૦ પૌંડમાંથી મેં ૧,૪૯,૮૦૦ પૌંડ લીધા હતા અને તેની હેરફેર કરી હતી.

સ૦—ન્યુટન એ રોબિન્સન નહોતો એવું તમે ૧૯૨૩ પહેલાં જાણતા ન હતા એ વાત જુદી છે.

જ૦—હું કબુલ કરૂં છું કે ૧૯૨૨ ના ઓકટોબરમાં ન્યુટનનું લગ્ન થયું તે વખતે હું હાજર હતો.

આગળ ચાલતાં હોબ્ઝે એમ પણ કબુલ કર્યું કે "હું તેને હંમેશાં ન્યુટન કહીનેજ બોલાવતો હતો."

"ન્યુટન, રોબીન્સન તરીકે મારી સલાહ એપલટન એન્ડ કંપનીના પ્રતિનિધિ તરીકે લેવા આવ્યો હતો. તેને તે વખતે માત્ર કાયદેસર દસ્તાવેજો તૈયાર કરાવવાનુંજ હતું."

સ૦—પેલો ૧,૫૦,૦૦૦ પૌંડનો ચેક તો સદંતર ન્યુટનનીજ માલેકીનો હતો ને? એમાંની પાઈએ પાઈ પર તેનો એકલાનોજ હક્ક હતો ને?

જ૦—હા.

બાદ મી. ટ્રેવર્સ હમ્ફ્રીઝે એ ચેક વડે બેંકમાં ખાતું ખોલાવવા સંબંધી પડેલી જુબાનીમાંથી કેટલીક અનિયમીતતાઓ તરફ ધ્યાન



કોર્ટમાં દાખલ થવાની તક મળવાની કોઈક આશાથી બહાર રાહ જોતાં લોકોનું ટોળું

તપાસ શરૂ થતા પહેલાં કોર્ટના બારણા પર લોકોનો ધસારો.

Krishna Press, Bombay 2.



નામદાર જજ લૉર્ડ ડાવગ.

ની જોજ ફ્રેન્સિસ હોરેસ જોન્સ્ટન.

Ka[illegible] Press, Bombay.

ખેંચતાં હોબ્ઝે જણાવ્યું કે "અહિં આવીને મારે જુબાની આપવી પડે છે, એ બાબતમાં મને એટલું ઝેર વ્યાપી ગયું છે કે હું ગુંચવાઈ ગયો છું."

સ૦—જ્યારે ન્યુટન બેંકમાં જઇને પોતાની સહી આપવાના અખાડા કરવા લાગ્યો, ત્યારે તમે શંકાશીલ ન થયા?

જ૦—મને તે વખતે તો કશી શંકા આવી ન હતી.

હોબ્ઝે આગળ ચાલતાં જણાવ્યું કે ન્યુટનને પોતાને કાંઇક નવાજુની થશે એવી બ્હીક લાગવાથી તેણે પૈસામાંથી ૪૦,૦૦૦ પૌંડ પાછા આપવાનું કબુલ કર્યું હતું.

બાદ મી. હમ્ફ્રીઝે ૧,૩૦,૦૦૦ પોંડ બેંકમાંથી પાછા ઉપાડી લેવા સંબંધી હોબ્ઝને સવાલ કરતાં ટીકા કરી કે "તેણે આ ૧,૩૦,૦૦૦ પોંડ તમને સોંપી દીધેલા લાગે છે?" (હસાહસ)

જ૦—હા. એમજ હતું,

હોબ્ઝે વધુમાં જણાવ્યું કે "હું એક ગરીબ માણસ છું, અને આ કેસ પાછળ લગભગ ખુવાર થઇ ગયો છું."

નામદાર જજ—તમે અત્યાર સુધીમાં એની એ વાત બરાબર ત્રણ વખત કહી છે. હવે ફરીથી એ વાત ન કહેવી.

બાદ સર હેનરી કર્ટીસ બેનેટના સવાલના જવાબમાં હોબ્ઝે જણાવ્યું કે જો આમાં કાવતરૂં છે એવો મને સહેજ પણ ખ્યાલ હોત તો હું એ ચેક મારી પોતાની બેંકમાં રોબીન્સનને નામે ભરત નહિ.

બાદ તપાસ મુલતવી રહી હતી.

સોમવાર, તા. ૯ મી માર્ચ ૧૯૨૫

પુર્ણાહુતિ.

આજે ચુકાદાનો દિવસ હતો. શરૂઆતમાં થોડા સવાલ જવાબ

થયા બાદ તપાસ પૂરી થયેલી જાહેર કરવામાં આવી હતી, અને જ્યુરી વિચાર ચલાવવા માટે રીટાયર થઇ હતી.

જ્યુરીના ગૃહસ્થોને તેમનો ચુકાદો આપવા સંબંધી વિચાર ચલાવતાં માત્ર બાવીશ મીનીટ લાગી.

જ્યુરીનો ચુકાદો.

બાદ કોર્ટના કલાર્કના સવાલના જવાબમાં જ્યુરીના ફોરમેને જણાવ્યું કે :—

"અમે આરોપી વિલિમય કૂપર હોબ્ઝને કાવત્રું કરવાના તેમજ ગેરકાયદેસર રીતે હરિસીંગ (રોબીન્સન કેસવાળા "મી. એ.")ની માલિકીના દરેક ૧,૫૦,૦૦૦ પૌંડની રકમના બે ચેક મેળવવાના, એ બન્ને આરોપો માટે તકસીરવાર ઠરાવીએ છીએ."

મી. ટ્રેવર્સ હમ્ફ્રીઝે નામદાર જજને જણાવ્યું કે આરોપીને અગાઉ કદી સજા થઇ નથી. પરંતુ ફરિયાદપક્ષની વતી હું આપ નામદારને અરજ કરૂં છું કે, આ કેસની વિગતો ધ્યાનમાં લઇને યોગ્ય સજા ફરમાવવી.

બાદ સર હેનરી કર્ટીસ બેનેટે આરોપીને કરવાની સજાના સંબંધમાં નામદાર જજને વિનંતિ કરી હતી.

તેમણે જણાવ્યું કે કાવત્રાના આરોપ માટે વધુમાં વધુ સજા બે વર્ષની સખ્ત કેદની છે.

પરંતુ ગેરકાયદેસર રીતે મીલકત મેળવવાના આરોપ માટે તો જીંદગી પર્યંત સખ્ત મજુરીની સજા થઇ શકે છે. હું આપ નામદારને અરજ કરૂં છું કે આમાં ખરો ગુન્હો તો કાવત્રાંનો છે. કાયદાનો હેતુ એવો નથી કે કાવત્રામાં જે લોકો ખરેખરા સામેલ હોય તેમના કરતાં જે માણસ એવી મિલકત મેળવે તેને વધુ સજા મળે. માટે

હું આપ નામદારને અરજ કરૂં છું કે આ કેસને કાવત્રાના કેસ તરીકે ગણવો.

"હું નિર્દોષ છું"

આરોપી હોબ્જે નામદાર જજને જણાવ્યું કે "હું મારી પોતાની માન્યતા પ્રમાણે એક નિર્દોષ માણસ તરીકે આપની સમક્ષ ઉભો છું. પરંતુ આપ મને સજા કરો તે પહેલાં હું આપ નામદારને એ વાત ધ્યાનમાં લેવા અરજ કરૂં છું કે મારે એક સ્ત્રી, ત્રણ છોકરાં અને વૃદ્ધ બાપ છે, કે જેને ચાલુ મહિનામાંજ ૯૦ વર્ષ પૂરાં થશે. એ બધાંનો મારા ઉપરજ આધાર છે."

નામદાર જજનો ચુકાદો.

બાદ મી. જસ્ટીસ એવરીએ ચુકાદો સંભળાવ્યો હતોઃ—

"જે ગુન્હાને માટે આરોપીને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો છે તે, આરોપી સોલીસીટરના મેનેજીંગ કલાર્કનો હોદ્દો ભોગવતો હોવાથી, મારા મત પ્રમાણે વધુ ગંભીર બને છે. જો તે એ હોદ્દો ભોગવતો ન હોત, તો તે કદિ આ કાવત્રું પાર ઉતારી શકત નહિ. વળી તેણે ઇન્સાફના સકંજામાંથી છટકી જવા માટે જે યુક્તિઓ અને કળાયુક્ત સાધનો કામે લગાડયાં છે, તે જોતાં એ ગુન્હો વિશેષ ગંભીર બને છે.

"આરોપીને માત્ર કાવત્રાખોર તરિકેજ સજા થવી જોઇએ એવી તેના ધારાશાસ્ત્રીની દલીલ ધ્યાનમાં લઇને હું તેને જીંદગીભર સખત મજુરીની સજા કરતો નથી.

"હું આથી આરોપીને સખત મજુરી સાથે બે વર્ષની કેદની સજા ફરમાવું છું."

સજા સંભળાવ્યા બાદ હોબ્જને તેના ધારાશાસ્ત્રી સાથે વાતચીત કરવાની રજા આપવામાં આવી હતી; અને તેણે સર હેનરી કર્ટીસ

બેનેટની સાથે પીંજરાના મોઢા આગળ થોડીવાર વાતચિત કરી હતી. બાદ તેને ધીમેથી નીચે લઇ જઇને વોર્ડરોના કબજામાં સોંપવામાં આવ્યો હતો.

હોબ્ઝે શાંત રીતે સજા સાંભળી હતી, અને તે મક્કમ પગલે નીચે ભોંયરામાં જવાની સીડી ઉતરી ગયો હતો.

રોબીન્સને એપલટન અને હોબ્ઝની સામે માંડેલો દાવો હજુ ઉભેલો હોવાથી આ કેસને લગતા કાગળો કોર્ટના કબજામાં સાચવી રાખવા, એવી અરજ કરવામાં આવતાં નામદાર જજે કાગળો સાચવી રાખવાનો હુકમ આપ્યો હતો.

હોબ્ઝને તેના સગાવહાલાંઓને મળવાની રજા આપવી એવી બીજી વિનંતિ કરવામાં આવતાં નામદાર જજે જણાવ્યું કે એ વાત હું જેલના સત્તાવાળાઓની મુન્સફી ઉપર છોડું છું.

સમાપ્ત

શ્રી કૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, મુંબઈ ૨.